# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

વર્ષ-14 । અંક-081 । વિક્રમ સંવત-2081 । મહા સુદ-11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

08 FEBRUARY-2025 SATURDAY





પેજ-08

સ્ટાર પ્લસના શો સાથે લિજેન્ડરી ક્વીન રેખા તેણીના એસોસિયેશનમાં કહે છે કે...





પેજ-09

જાડેજાની 600 આંતરરાષ્ટ્રીય વિકેટ પૂરી:રૂટને 12મી વખત આઉટ કર્યો


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 31.00 | 17.00 |
| વડોદરા | 33.00 | 18.00 |
| સુરત | 33.00 | 19.00 |


પેજ 5




RBIએ આપી મોટી રાહત, રેપો રેટમાં 0.25%નો ઘટાડો...

'કાશ્મીર મુદ્દે અમે 10 યુદ્ધ લડી લેવા તૈયાર...' પાકિસ્તાની આર્મીના વડા મુનીર....




પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 77860.19 | ▼ | 197.97 |
| નિફ્ટી | 23559.95 | ▼ | 043.40 |
| સોનું | 86693.00 | ▲ | 270.00 |
| ચાંદી | 95489.00 | ▼ | 476.00 |

### અમેરિકાએ તાજેતરમાં 104 ભારતીય પ્રવાસીઓને પરત મોકલ્યા છે......કેન્દ્ર સરકારે કહ્યું કે તેમને અમેરિકાના અધિકારીઓએ માહિતી આપી છે કે

# અમેરિકાથી વધુ 487 ગેરકાયદેસર ભારતીય પ્રવાસીઓને ડિપોર્ટ કરવા અંતિમ આદેશ

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

અમેરિકા દ્વારા ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સને ભારત પાછા મોકલવાનો મુદ્દો જોર પકડી રહ્યો છે. આ મુદ્દા પર, વિપક્ષનો આરોપ છે કે અમેરિકાએ ભારતીય ઈમિગ્રન્ટ્સ સાથે ખરાબ વર્તન કર્યું છે. કેન્દ્ર સરકારે આ મામલે હસ્તક્ષેપ કરવો જોઈએ. વિદેશ સચિવ વિક્રમે જણાવ્યું હતું કે અમેરિકાએ ભારતને જણાવ્યું છે કે હાલમાં ત્યાં 487 એવા લોકો છે જેમને ત્યાંની સરકાર ભારતીય માને છે અને તેમને અંતિમ નિકાલનો આદેશ આપવામાં આવ્યો છે, એટલે કે દેશનિકાલના આદેશ આપવામાં આવ્યા છે. પીએમ મોદીની અમેરિકા મુલાકાત અંગે એક ખાસ પત્રકાર પરિષદમાં વિદેશ સચિવે જણાવ્યું હતું કે ભારત સરકારની વિગતોની વિનંતી પર, અમેરિકાએ 298 લોકોની વિગતો પૂરી પાડી છે. તેમણે કહ્યું કે સરકારને તાજેતરમાં આ યાદી મળી છે અને તેની તપાસ કર્યા પછી, અમે આ સંદર્ભમાં અમેરિકાને જવાબ આપીશું.



અમેરિકાએ તાજેતરમાં 104 ભારતીય પ્રવાસીઓને પરત મોકલ્યા છે. આ દરમિયાન કેન્દ્ર સરકારે કહ્યું કે તેમને અમેરિકાના અધિકારીઓએ માહિતી આપી છે કે 487 સંભવિત ભારતીય નાગરિકો છે કે જેમને દેશમાંથી બહાર કરવામાં માટે આદેશ છે. આ અંગે વિદેશ સચિવ વિક્રમ મિસરીએ માહિતી આપી છે.

## પ્રતિબંધોના ઉપયોગ અંગે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) 2012 થી અમલમાં

વિદેશ સચિવે કહ્યું કે આવા લોકોની સંખ્યા અંગે સતત ચર્ચા થઈ રહી છે, પરંતુ સરકાર આ વિશે ત્યારે જ કંઈક કહી શકે છે જ્યારે આ લોકોની નાગરિકતા સાબિત થાય. આવી સ્થિતિમાં, આવી કેટલી ફ્લાઈટ્સ આવશે તે કહેવું મુશ્કેલ છે. મિસરીએ કહ્યું કે અમે આ બાબતે યુએસ વહીવટીતંત્ર સાથે ખૂબ જ પારદર્શક રહ્યા છીએ. લોકોને દેશનિકાલ



કરવાની અને હાથ-પગ બાંધવાની પદ્ધતિ વિશે પૂછવામાં આવતા, મિસરીએ કહ્યું કે વિદેશ મંત્રીએ આ બાબતે નિવેદન આપ્યું છે અને બધાએ તે જોયું છે. આવી સ્થિતિમાં, એ સમજવું મહત્વપૂર્ણ છે કે પ્રતિબંધોના ઉપયોગ અંગે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) 2012 થી અમલમાં છે.

### 'આવા મુદ્દાઓ ઉઠાવવા બિલકુલ યોગ્ય છે'

મિસરીએ કહ્યું કે આ ફ્લાઈટ કયા નિયમો હેઠળ આવી અને ફ્લાઈટ ક્લિયરન્સ કેવી રીતે કરવામાં આવ્યું તે અંગે પ્રશ્નો ઉભા થયા છે. તેમણે કહ્યું કે આમાં કોઈ ફેરફાર નથી. ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પાછા લેવામાં સહકાર ન આપતા દેશોમાં ભારતનો સમાવેશ થાય છે એવો અમેરિકાનો આરોપ શું સાચો છે તે પ્રશ્નના જવાબમાં, મિશ્રીએ કહ્યું કે એવું નથી. કોઈપણ દેશ નાગરિક છે કે નહીં.

## અયોધ્યા રામલલાના દર્શનના ટાઇમમાં કરાયો ફેરફાર

### મંદિર હવે સવારે 6 વાગ્યાથી રાત્રે 10 વાગ્યા સુધી ખુલ્લું રહેશે

(એજન્સી) અયોધ્યા । તા. 07

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે મંદિર હવે સવારે 6 વાગ્યાથી રાત્રે 10 વાગ્યા સુધી ખુલ્લું રહેશે. ટ્રસ્ટના જણાવ્યા પ્રમાણે સવારે 4 વાગ્યે મંગળા આરતી કરવામાં આવશે, ત્યારબાદ મંદિરના દરવાજા બંધ કરી દેવામાં આવશે. અને સવારે છ વાગ્યે શ્રૃંગાર આરતી થશે અને આ જ સમયે મંદિર સામાન્ય લોકો માટે ખુલ્લું મૂકવામાં આવશે. રામ ટ્રસ્ટના જણાવ્યા પ્રમાણે રાજભોગ બપોરે 12 વાગ્યે પીરસવામાં આવશે અને ભોગ લગાવ્યા પછી પણ ભક્તો દર્શન કરી શકશે. તેમજ સંધ્યા આરતી સાંજે 7 વાગ્યે થશે. આ સમય દરમિયાન મંદિરના દરવાજા 15 મિનિટ માટે બંધ રહેશે ત્યારબાદ તે ખોલવામાં



### ■ અયોધ્યામાં ભક્તોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો

ઉ૯ ી છેહા ં ા રાજ ં હાકું ા હો ા ી અ ો઼ ા ં ો ી ં ા ં ા ા ારો ો છે. કેન્દ્ર રકારે ેઠક ંએ ક ુ હ ં કે, રા ંદિર ા િ ાદ અ ો઼ ા ં ાિક ટ ં'ા ા ારો' ો છે અ જિ૯ ા ં ાકા ી ી કુ ા 2020 ં 60 ા ી ી 2024 ં 16 કરોડ ી ઈ છે.

આવશે. એ પછી શયન આરતી રાત્રે 10 વાગ્યે થશે. એ પછી મંદિરના દરવાજા બંધ કરવામાં આવશે.

## પત્રકારોને અંગત માહિતી જાહેર કરવા માટે દબાણ ન કરી શકાય, હાઇકોર્ટનો મોટો ચુકાદો

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

મદ્રાસ હાઈકોર્ટે મોટો નિર્ણય આપતાં સ્પષ્ટ કહ્યું છે કે પત્રકારોને અંગત માહિતી જાહેર કરવા માટે દબાણ ન કરી શકાય. આ સંપૂર્ણપણે વાણી સ્વતંત્રતા વિરુદ્ધ છે. એક કેસની સુનાવણી દરમિયાન જસ્ટિસ જી. કે. ઈલાન્થિરાયને આ કડક ટિપ્પણી કરી હતી. તેમનું માનવું છે કે જો કોઈ આ રીતે પત્રકારો પર દબાણ કરી રહ્યું છે તો તે ઉત્પીડન છે. 23 ડિસેમ્બરના રોજ અન્ના યુનિવર્સિટીમાં બનેલી ઘટનાએ સમગ્ર ચેન્નાઈને હચમચાવી દીધું છે. આ ઘટનાના કારણે તમિલનાડુનું રાજકારણ ગરમાવા લાગ્યું છે.

## કૌશલ ભારત કાર્યક્રમ માટે રૂ.8800 કરોડની મંજૂરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

કેન્દ્ર સરકારે શુક્રવારે કેબિનેટ બેઠકમાં કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્ણયોને મંજૂરી આપી છે. જેમાં કૌશલ ભારત કાર્યક્રમ માટે 8,800 કરોડ રૂપિયા મંજૂર કરાયા છે. આ સિવાય રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના કાર્યકાળને ત્રણ વર્ષ માટે વધારવામાં આવ્યા છે. ત્યારે દક્ષિણ કોસ્ટ રેલ્વે ઝોનના વિકાસ માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. કેબિનેટે 2022-23થી 2025-26ના સમયગાળા માટે રૂ. 8,800 કરોડના ઓવરલે ખર્ચ સાથે 2026 સુધી કેન્દ્રીય ક્ષેત્ર યોજના 'કૌશલ ભારત કાર્યક્રમ' ચાલુ રાખવા અને પુનર્ગઠનને મંજૂરી આપી છે.

Skill India
કૌશલ ભારત - કુશલ ભારત






## પુત્રના લગ્ન પર ગૌતમ અદાણીએ 10,000 કરોડનું કર્યું દાન

(એજન્સી) અમદાવાદ। તા. 07

અદાણી સમૂહના ચેરમેન ગૌતમ અદાણીના નાના પુત્ર જીત અને દિવા શાહના લગ્ન થઈ ગયા છે. અબજોપતિ ઉદ્યોગપતિએ ન માત્ર લગ્ન સાધારણ રાખ્યા પરંતુ 10 હજાર કરોડ રૂપિયાનું દાન પણ કર્યું છે. તેમના દાનનો મોટો ભાગ હેલ્થકેર, એજ્યુકેશન અને સ્કિલ ડેવલોપમેન્ટ પર ખર્ચ થવાનો છે. અદાણી સમૂહનો આ પ્રયાસ સમાજના બધા વર્ગોને સસ્તામાં વિશ્વ સ્તરીય હોસ્પિટલો અને મેડિકલ કોલેજોની સુવિધા ઉપલબ્ધ કરાવવા પર કેન્દ્રીત છે. આ સિવાય 12 સ્કૂલો અને રોજગાર



ક્ષમતાની સાથે અપગ્રેડેડ ગ્લોબલ સ્કિલ એકેડમીના નેટવર્ક સુધી પહોંચવાનો પ્રયાસ કરવામાં આવશે. ગૌતમ અદાણીએ પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પુત્ર જીતના લગ્નની તસવીરો શેર કરી છે. આ સાથે તેમણે નજીકના લોકોને આમંત્રણ ન આપવા માટે માફી માગી છે. ગૌતમ અદાણીએ લખ્યું- પરમપિતા પરમેશ્વરના આશીર્વાદથી જીત અને દિવા આજે પવિત્ર લગ્નના બંધનમાં બંધાયા છે. આ લગ્ન આજે અમદાવાદમાં પરિવારજનો વચ્ચે પરંપરાગત રીતિ-રિવાજો અને શુભ મંગળ ભાવની સાથે સંપન્ન થયા.

### ટ્રમ્પ સાથે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા

## પીએમ મોદી 12 ફેબ્રુઆરીથી 2 દિવસના અમેરિકા પ્રવાસે જશે



નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદી 12 ફેબ્રુઆરીથી બે દિવસની અમેરિકાની મુલાકાતે જશે, જ્યાં તેઓ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વ્યાપક વાટાઘાટો કરશે. યોજના મુજબ, પીએમ મોદી પેરિસની મુલાકાત પૂર્ણ કર્યા પછી વોશિંગ્ટન ડીસીની મુલાકાત લેશે. ટ્રમ્પ બીજા કાર્યકાળ માટે રાષ્ટ્રપતિ બન્યા પછી વડા પ્રધાન મોદીની અમેરિકાની આ પહેલી દ્વિપક્ષીય મુલાકાત હશે. ટ્રમ્પ વહીવટીતંત્રના બીજા કાર્યકાળના થોડા અઠવાડિયામાં દ્વિપક્ષીય મુલાકાત પર વોશિંગ્ટન ડીસીની મુલાકાત લેનારા પસંદગીના વિદેશી નેતાઓમાં મોદીનો સમાવેશ થશે.

### પીએમ મોદીની ફ્રાન્સ મુલાકાત

દરમિયાન, અમે તમને અહીં એ પણ જણાવી દઈએ કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકા પહેલા ફ્રાન્સની મુલાકાત લેશે. પીએમ મોદી પેરિસમાં AI સમિટ 2025 ની સહ-અધ્યક્ષતા કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનના આમંત્રણ પર 10 થી 12 ફેબ્રુઆરી 2025 દરમિયાન ફ્રાન્સની મુલાકાતે રહેશે.

### વિદેશ સચિવે માહિતી આપી

પ્રધાનમંત્રી મોદીની અમેરિકા મુલાકાત અંગે વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે, 'પ્રધાનમંત્રી મોદી ૧૨ અને ૧૩ ફેબ્રુઆરીએ અમેરિકાના સત્તાવાર પ્રવાસે જશે, જે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આમંત્રણ પર થશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળ માટે શપથગ્રહણ બાદ આ પ્રધાનમંત્રી મોદીની અમેરિકાની પ્રથમ મુલાકાત હશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પના શપથગ્રહણ પછી અમેરિકાની મુલાકાત લેનારા પ્રથમ થોડા વિશ્વ નેતાઓમાં વડા પ્રધાન મોદીનો સમાવેશ થશે અને નવા વહીવટીતંત્રે પદ સંભાળ્યાના ત્રણ અઠવાડિયા પછી જ વડા પ્રધાનને અમેરિકાની મુલાકાત લેવાનું આમંત્રણ મળ્યું છે તે ભારત-અમેરિકા ભાગીદારીનું મહત્વ અને અમેરિકામાં આ ભાગીદારીને મળેલા દ્વિપક્ષીય સમર્થનને દર્શાવે છે.'

## સગીરા સાથે દુષ્કર્મ ગુજારવાના ગુનામાં કોર્ટમાંથી જામીન મેળવ્યા બાદ ફરીથી સગીરાને ફસાવી દુષ્કર્મનો ગુન્હો આચરતા અલ્પેશ ચૌહાણના જામીન અદાલતે રદ્ કર્યા

કિશન રોહિડા | જરોદ

સગીરા સાથે દુષ્કર્મ ગુજારવાના ગુનામાં કોર્ટ માં થી જામીન મેળવ્યા બાદ ફરીથી સગીરા ને ફસાવી દુષ્કર્મ નો ગુન્હો આચરતા આખરે વાઘોડિયા તાલુકાના વેડપૂર ગામ ના અલ્પેશ ચૌહાણ ના જામીન અદાલતે રદ્ કરી દિધા હતા. આ અંગે ની વિગત એવી છે કે વાઘોડિયા તાલુકાના વેડપુર ગામે કુવા વાળા ફળીયામાં રહેતા અલ્પેશ રમણભાઈ ચૌહાણ એક સગીરા ને પટાવી ફોસલાવી તેના પર દુષ્કર્મ ગુજારવાના સામે ઓક્ટોબર 2024 માં જરોદ





પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો દાખલ થતાં પોલીસે તેની ધરપકડ કરી હતી થોડા સમય બાદ કોર્ટે તેને એવી શરતો પર જામીન આપ્યા હતા કે છુટયા બાદ આ પ્રકારનું કૃત્ય ફરી નહીં કરે પરંતુ અલ્પેશ જેલ કસ્ટડીમાં થી જામીન પર મુક્ત થઈ ને ફરીથી તેને સગીરા પર દુષ્કર્મ કરતા તે અંગે ની ફરીયાદ પાવાગઢ પોલીસ સ્ટેશન માં દાખલ થ ઈ હતી આમ જે શરતો આધીન અલ્પેશ ચૌહાણ ને જામીન મેળવ્યા હતા તે જ ગુન્હો ફરીથી આચરતા પોલીસ દ્વારા તેનાં જામીન રદ કરવા માટે માનનીય નામદાર એડિશનલ અને સેશન્સ કોર્ટ ના ન્યાયાધીશ જે એન ઠક્કર સાવલી ખાતે પરચુરણ અરજી કરવામાં આવતા કોર્ટે અલ્પેશ ચૌહાણ ના જામીન નો હુકમ રદ્ કરી દિધો હતો. આ ઉપરાંત વાઘોડિયા તાલુકાના રાજપુરા ગામ માં રહેતા શૈલેષ વિક્રમ સિંહ ચૌહાણ સામે દારૂ નો ગુન્હો દાખલ થયો હતો તેણે પોતાની ધરપકડ ના થાય તે અંગે સાવલી કોર્ટ માં આગોતરા જામીન અરજી મુકતાં કોર્ટે અરજી મંજૂર કરી દર મહિના ના છેલ્લા શુક્રવારે જરોદ પોલીસ સ્ટેશન ખાતે હાજર રહીને હાજરી પુરાવાની હતી જેનો અમલ શૈલેષ ચૌહાણ ને ન કરતા પોલીસ દ્વારા તેનાં પણ જામીન રદ કરવા માટે ની દાદ માંગતા કોર્ટે આખરે શૈલેષ ચૌહાણ રાજપુરા ના આગોતરા જામીન નો હુકમ રદ્ કરી દિધો હતો.

## વઘઇ તાલુકાનાં ભદરપાડા ગુરૂકુલ વિદ્યાસંકુલ ખાતે કુમાર છાત્રાલયનાં નવા ભવનનું લોકાર્પણ કરાયુ



**છેવાડેનાં ડાંગ જિલ્લાનાં આદિવાસી બાળકોનાં શિક્ષણ માટે દાતાઓનાં યજ્ઞ સ્વરૂપે મળી અદ્યતન કુમાર છાત્રાલય..**

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં વઘઇ તાલુકાનાં સરહદીય અને અંતરીયાળ વિસ્તારમાં આવેલ ગુરૂકુલ વિધાસંકુલ ભદરપાડાએ શિક્ષણ ક્ષેત્રે સુવાસની સાથે નામનાં મેળવી છે.વર્ષો પહેલા સ્થાનિક આદિવાસી શિક્ષક દંપતીને આદિવાસી બાળકોનાં શિક્ષણને લઈને ચિંતા જાગી હતી.અને તેઓને શાળા નિર્માણનો વિચાર આવ્યો અને આ દંપતીએ પોતાનું સર્વસ્વ શિક્ષણને અર્પણ કરી આજે ગુરૂકુલ વિધાસંકુલનું સ્વપ્ન સાકાર કર્યું છે.ડાંગ જિલ્લાનાં ભદરપાડા ગુરૂકુલ વિદ્યાસંકુલ ખાતે કુમાર છાત્રાલયના નવા ભવનનું લોકાર્પણ કરવામાં આવતા શિક્ષકો,વાલીઓ,ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ગદગદિત થઈ ઉઠ્યા હતા.શેઠજી ચેરીટેબલ ટ્રસ્ટ નવસારી પ્રેરિત સહ્યાદ્રી જન કલ્યાણ મંડળ - ભદરપાડાના પુરૂષાર્થ અને ડાંગ યુવક સેવા સમિતિ - આહવા સંચાલિત રમાબહેન અને ભગવતલાલ શાહ કુમાર છાત્રાલયના નવા ભવનનું દાતાઓના હસ્તે લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યનાં નાયબ મુખ્ય દંડક તથા ધારાસભ્ય વિજયભાઈ પટેલ, નેશનલ એવોર્ડ ટીચર અને ટ્રસ્ટી જાનુભાઈ એસ.પટેલ, માજી ધારાસભ્ય મંગળભાઈ ગાવીત,નિવૃત આચાર્ય કિશોરભાઈ પટેલની વિશેષ ઉપસ્થિત જોવા મળી હતી.તેમજ આ કુમાર છાત્રાલયના નવા ભવન માટે દાન કરનાર દાતા એવા ડો. નીતિનભાઈ - બીનાબેન, પ્રકાશભાઈ - સ્મિતાબેન, શૈલેષભાઈ- પૂર્ણિમાબેન, વિરેશભાઈ-નીલમબેન, ડો.હરેશભાઈ - સુમિત્રાબેન,NIF કંસારા બંધુઓ નવસારીનાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.ત્યારે આ પ્રસંગે શાળાનાં વિદ્યાર્થીઓએ અનેક સાંસ્કુતિક કાર્યક્રમો પ્રદર્શન કરી ઉપસ્થિત દાતાઓ સહિત મહેમાનોને ડોલાવ્યા હતા. ભદરપાડા ગુરૂકુલનાં નવા ભવનના નિર્માણથી આદિવાસી કુમાર છાત્રોને વિનામૂલ્યો અધત્તન સુવિધાઓની સાથે લાભ મળશે એવી આશા સેવાઈ રહી છે.આ કાર્યક્રમની શેઠજી ચેરીટેબલ ટ્રસ્ટ નવસારીનાં ડૉ રાજન શેઠજીએ આભારવિધિ કરી હતી.અને આદિવાસી બાળકો માટે નિશ્વાર્થ ભાવે દાન કરનાર નાના મોટા સૌ કોઈનો આભાર વ્યક્ત કર્યો હતો..

## શ્રીજી લાઈફસ્ટાઈલ કંપની ભારતટેક્સ મહાફેરમાં સસ્ટેઈનેબલ અને ફેસ્ટીવ કલેકશનનું કાપડ પ્રસ્તુત કરશે



(એજન્સી) મુંબઈ | તા.07

મુંબઈ સ્થિત શ્રીજી લાઈફસ્ટાઈલ કંપની નવી દિલ્હીમાં તા ૧૪થી૧૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના યોજાનાર ભારતટેક્સ ૨૦૨૫ ફેરમાં તેનું અધતન સસ્ટેઈનેબલ કાપડ અને ફેસ્ટીવ કલેકશનનું કાપડ પ્રસ્તુત કરશે. આ કાપડ અને ૨૦૨૫-૨૬ સીઝન માટેનું હશે. આમાં પર્યાવરણપ્રેમી મટીરીયલપર વધુ ધ્યાન અપાયું છે. આ કાપડના નિર્માણમાં જે ફાઈબર મિશ્ર કરાયું છે તેમાં ઓર્ગેનીક કોટન, લીવા, ઈકોવેરો, ટેન્સીલ, લીનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વિસ્કોસ અને રીસાયકલ્ડ પોલીએસ્ટરના આગવા કોમ્બીનેશનનુ કાપડ તૈયાર કરાયું છે, જે નવી સમકાલીન અપીલ કરે છે. સસ્ટેઈનેબીલીટી માટે કટીબદ્ધ શ્રીજી લાઈફસ્ટાઈલ કંપની કુદરતી અને પર્યાવરણપ્રેમી સર્ટીફાઈડ ડાઈઝનો વપરાશ કરે છે. આથી કાપડ જે બને છે તે વપરાશકાર અને પર્યાવરણ - બન્ને માટે સલામત હોય છે. આથી અગ્રણી ગારમેન્ટ બ્રાન્ડસને સસ્ટેઈનેબલ અને ફેશન ફેબ્રીક સપ્લાય કરનારી અગ્રણી કંપની તરીકેની ખ્યાતિ શ્રીજી લાઈફસ્ટાઈલે મેળવી છે. શ્રીજીને વૈશ્વિક માન્ય સર્ટીફીકેશન્સ જેવું કે ઓકો-ટેક્સ્, ઝેડડીએચસી અને ગોટસ મળ્યું છે. ભારતમાં ડીજીટલ પ્રિન્ટીંગ લાવનાર પ્રથમ કંપનીઓમાંની શ્રીજી અગ્રેસર હતી. હવે કંપની અધતન હાઈ રીઝોલ્યુશન-હાઈસ્પીડ મશીનો ઉમેરી તેની ડીજીટલ પ્રિન્ટીંગ ક્ષમતા માર્ચ ૨૦૨૫ સુધીમાં ૫૦ ટકા વધારનાર છે. કંપનીની ધારણા છે કે આગામી થોડાક વર્ષોમાં ડીજીટલ પ્રિન્ટેડ કાપડની માગ બમણાથી વધુ થઈ જશે. કંપનીએ એથનીકવેર, બ્લાઉઝ અને ડ્રેસ મટીરીયલ માટેના કાપડમાં જેકાર્ડ અને ડોબી વીવ્સનું ફેસ્ટીવ કલેકશન તૈયાર કર્યું છે. બ્લાઉઝ મટીરયલના નિર્માણમાં અગ્રણી ગણાતી શ્રીજી કંપનીએ અધતન સટલલેસ લુમોપર ખામીરહીત ટુબાઈટુ રૂબીયા ટુબાઈવન રૂબીયા કાપડ બનાવ્યું છે. શ્રીજી આ ક્ષેત્ર માટે સાટીન અને જેકાર્ડ કાપડ પણ બનાવે છે.

## રાજ્યમાં પર્વતો પર આવેલા યાત્રાધામો સુધી પહોંચવા ગત વર્ષે ૪૭ લાખથી વધુ યાત્રાળુઓએ માણ્યો ઉડનખટોલાનો આંનદ



- **૨.૩ કિલોમીટર લાંબો ગિરનાર રોપ-વે વિશ્વના સૌથી લાંબા રોપ-વેમાંથી એક**
- **ચાર વર્ષમાં ૩૦ લાખથી વધુ પ્રવાસીઓએ ગિરનાર રોપ-વેની સુવિધાનો લાભ લીધો**
- **રાજ્યમાં ગિરનાર, પાવાગઢ અને અંબાજી ખાતે યાત્રાળુઓ ઉડનખટોલાની સુવિધા ઉપલબ્ધ**



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

દેશ-વિદેશના પ્રવાસીઓ માટે ગુજરાત હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. રાજ્યમાં ગિરનાર,પાવાગઢ અને અંબાજી ખાતે પર્વતો પર આવેલા યાત્રાધામો સુધી પહોંચવા ગત વર્ષે ૪૭.૬૪ લાખથી વધુ યાત્રાળુઓએ સલામત રીતે ઉડનખટોલાનો આંનદ માણ્યો છે, જેમાં જાન્યુઆરીથી ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન, પાવાગઢમાં ૨૪.૪૭ લાખથી વધુ પ્રવાસીઓએ, ગિરનારમાં ૭.૫૭ લાખથી વધુ જ્યારે અંબાજી રોપ-વેનો ૧૫.૫૯ લાખથી વધુ એમ કુલ ૪૭.૬૪ લાખથી વધુ યાત્રાળુઓએ રોપ-વેની સેવાનો લાભ લીધો છે. જે ગુજરાતના યાત્રાધામો અને પ્રવાસન સ્થળોની લોકપ્રિયતા દર્શાવે છે. આ યાત્રાળુઓના આગમનથી આ વિસ્તારના યુવાઓને સારા પ્રમાણમાં રોજગારી પણ ઉપલબ્ધ થઈ રહી છે. ગુજરાતના ઐતિહાસિક શહેર જૂનાગઢમાં આવેલો ગિરનાર રોપ-વે એન્જિનિયરિંગનો એક અસાધારણ પરાક્રમ સાથે જ આધ્યાત્મિકતા અને કુદરતી વૈભવનો પ્રવેશદ્વાર છે. ૨.૩ કિલોમીટર લાંબો આ રોપ-વે વિશ્વના સૌથી લાંબા રોપ-વેમાંથી એક છે, જે ગિરનાર પર્વતોની જમીનથી ૩,૬૬૦ ફૂટની ઊંચાઈએ આવેલા પવિત્ર માં અંબાજીના મંદિર સાથે જોડે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઓક્ટોબર ૨૦૨૦માં આ રોપ-વેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ચાર વર્ષ દરમિયાન ૩૦ લાખથી વધુ મુલાકાતીઓએ રોપ-વેની આ સેવાનો આનંદ માણી સલામત, અનુકૂળ અને અવિસ્મરણીય મુસાફરીનો અનુભવ કર્યો છે. રોપ-વેના ૩૧ આધુનિક કેબિન પ્રતિ કલાક ૧,૦૦૦ મુસાફરોનું પરિવહન કરે છે, જેમાં ૦૯ મિનિટની આ આકર્ષક રાઈડ ભવ્ય ગિરનાર પર્વતોના મનોહર દ્રશ્યો દર્શાવે છે. ગિરનાર પર્વતો અનેક પવિત્ર મંદિરોનું નિવાસસ્થાન છે. જેમાં ગુરુ દત્તાત્રેય મંદિર, ગોરખનાથ મંદિર અને ઐતિહાસિક જૈન મંદિરોનો સમાવેશ થાય છે. રોપ-વે પાયાથી ૫,૦૦૦ પગથિયાં ઉપર સ્થિતમાં અંબાજી મંદિર સુધી યાત્રાળુઓને સરળતાથી પહોંચવાની સુવિધા આપે છે, જેનાથી મુશ્કેલ ચઢાણની દુવિધા દૂર થાય છે અને તે યાત્રાળુઓ અને પ્રવાસીઓ બંને માટે એક આદર્શ પસંદગી બન્યું છે. ચોમાસાની ઋતુમાં મુલાકાતીઓ ગિરનારના પર્વતો પર ફરવાનો વધારે આનંદ માણે છે, જ્યાં વાદળો પરિભ્રમણ કરે છે અને પ્રકૃતિનું મનોહર સૌંદર્ય જોવા મળે છે. આ સાથે જ નવરાત્રી, જન્માષ્ટમી અને શ્રાવણ માસમાં પણ ગિરનારમાં યાત્રાળુઓનો વધુ ધસારો જોવા મળે છે. સોમનાથ મંદિર અને ગીર સિંહ અભયારણ્યની નિકટતા તેને સંપૂર્ણ સાંસ્કૃતિક અને કુદરતી અનુભવ મેળવવા માંગતા પ્રવાસીઓ વચ્ચે આ સ્થળ વધારે લોકપ્રિય બન્યું છે. વધુમાં ગિરનાર,પાવાગઢ અને અંબાજી રોપ-વે દરેકમાં વેઈટિંગ હોલ, ફૂડ કોર્ટ, ફેમિલી એન્ટરટેનમેન્ટ સેન્ટર, ફર્સ્ટ એઈડ સર્વિસ, વ્હીલચેર, લોકર, પીવાનું પાણી, શૌચાલય અને માતૃ સંભાળ કક્ષ જેવી વિવિધ અનેક સુવિધાઓ ઉપલબ્ધ છે. ગિરનાર રોપ-વે સવારે ૦૭ થી સાંજે ૦૫ કલાક સુધી,પાવાગઢ રોપ-વે સવારે ૦૬ થી સાંજે ૦૫:૪૫ કલાક સુધી જ્યારે અંબાજી રોપ-વે સવારે ૦૭ થી સાંજે ૦૬ કલાક સુધી યાત્રીઓ માટે ચાલુ રહે છે. યાત્રીઓને સાંસ્કૃતિક અનુભવ થાય તે માટે ડિસેમ્બરથી માર્ચ દરમિયાનનો સમય શ્રેષ્ઠ હોય છે. આ સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓને ટિકિટ્સ પર ડિસ્કાઉન્ટ પણ આપવામાં આવે છે. આ અંગે વધુ માહિતી માટે customercare@ushabreco.com પર ઈમેલ અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૦૨-૪૦૫૦ પર સંપર્ક કરી શકાશે.

## PACS કમ્પ્યુટરાઈઝેશન યોજના દ્વારા વડાપ્રધાનનું 'સહકારથી સમૃદ્ધિ' વિઝન થઈ રહ્યું છે સાકાર

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝનને સાકાર કરવા માટે કેન્દ્ર સરકારે વિવિધ સહકારી પહેલો દ્વારા ગ્રામીણ વિકાસને વેગ આપવા માટે સહકાર મંત્રાલયની સ્થાપના કરી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના નેતૃત્વ હેઠળ સહકાર વિભાગનો મુખ્ય ઉદ્દેશ દેશમાં સહકારી પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવવી, દરેક ગામ સુધી આ પ્રવૃત્તિઓનો વિસ્તાર કરવો તથા સહકાર આધારિત ઈકોનોમીનું એક એવું મોડલ તૈયાર કરવાનો છે, જેમાં સહકારી સંસ્થાનો દરેક સભ્ય જવાબદારીની ભાવના સાથે સક્રિયપણે યોગદાન આપે. આ ઉદ્દેશને ચરિતાર્થ કરવા માટે કેન્દ્ર સરકારની PACS કમ્પ્યુટરાઈઝેશન યોજના મહત્વની ભૂમિકા ભજવી રહી છે. સહકાર મંત્રાલયે તમામ પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ સહકારી મંડળીઓ (PACS)ને એક યુનિફાઈડ એન્ટરપ્રાઈઝ રિસોર્સ પ્લાનિંગ (ERP) પ્લેટફૉર્મ પર એકીકૃત કરવા માટે PACS કમ્પ્યુટરાઈઝેશન યોજના અમલમાં મૂકી છે. આ પહેલ પેક્સને રાજ્ય સહકારી બૅન્કો (StCBs) અને જિલ્લા કેન્દ્રીય સહકારી બૅન્કો (DCCBs)ના માધ્યમથી રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બૅન્ક (NABARD) સાથે જોડે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝનને સાકાર કરવા માટે ગુજરાત પ્રતિબદ્ધ છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સક્ષમ નેતૃત્વ હેઠળ 2023-24થી રાજ્યમાં PACS કમ્પ્યુટરાઈઝેશન યોજના અમલમાં મૂકવામાં આવી છે. હાલમાં આ યોજના હેઠળ પ્રથમ તબક્કામાં રાજ્યની 5,754 પેક્સમાં કમ્પ્યુટરાઈઝેશનની પ્રક્રિયા ચાલી રહી છે, જે ટૂંક સમયમાં પૂર્ણ થવાની શક્યતા છે. આગામી સમયમાં રાજ્યની તમામ પેક્સને સંપૂર્ણપણે કમ્પ્યુટરાઈઝ કરવામાં આવશે. પેક્સ કમ્પ્યુટરાઈઝેશન યોજના અંતર્ગત પેક્સને જરૂરી તમામ હાર્ડવેર જેમકે, ડેસ્કટોપ, મલ્ટી-ફંક્શન પ્રિન્ટર્સ (MFPs), ભૌતિક VPN ઉપકરણો, બાયોમેટ્રિક સ્કેનર્સ, વેબ કૅમેરા, UPS સિસ્ટમ્સ અને જરૂરી સોફ્ટવેરથી સજ્જ કરવામાં આવી છે. આ ઉપરાંત, PACSના તમામ ડેટાનું ડિજિટલાઈઝેશન કરવામાં આવશે અને એક વ્યાપક સપોર્ટ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે. આ માટે દરેક PACSને આશરે 4 લાખની નાણાંકીય સહાય આપવામાં આવી રહી છે. અત્યારસુધીમાં તમામ PACSને હાર્ડવેરનું વિતરણ કરવામાં આવ્યું છે, જેમાંથી 2900થી વધુ પેક્સ ટૂંક સમયમાં લાઈવ થશે. આગામી છ મહિનામાં, તમામ પેક્સ ઈ-પેક્સ તરીકે કાર્યરત થઈ જશે. પેક્સ કમ્પ્યુટરાઈઝેશનના ફાયદા એ છે કે, તે પેક્સની કામગીરીની ઝડપ, પારદર્શિતા અને જવાબદારી વધારશે તેમજ પેક્સ સ્તરે સભ્યોને આપવામાં આવતી ક્રેડિટ અને નોન-ક્રેડિટ સેવાઓમાં સુધારો કરશે. આ ઉપરાંત, e-PACS દ્વારા નાણાંકીય અનિયમિતતાઓને સમયસર અટકાવી શકાશે, પેક્સ સ્ટાફની કાર્યક્ષમતામાં વધારો થશે, સભ્યો માટે નાણાંકીય સમાવેશ અને વ્યવસાયની તકોનો વ્યાપ વધશે તથા આંગળીના એક જ ટેરવે તમામ માહિતી ઉપલબ્ધ થઈ શકશે.

## અરવલ્લી જિલ્લામાં સ્પોર્ટ્સ મીટ યોજાશે

**અરવલ્લી જિલ્લા કલેક્ટરશ્રી પ્રશસ્તિ પારિકના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફ્રન્સનું આયોજન કરવામા આવ્યું**



રાકેશ મહેતા | ધનસુરા

માન.મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સૂચના અન્વયે ૨૦૩૬ને ઓલમ્પિકને ગેમ્સને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજયના દરેક વ્યકિતમાં રમત-ગમત પ્રત્યે રૂચી વધે, ખેલકુદનું વાતાવરણ ઉભું થાય અને સ્વાસ્થ્ય જળવાય તે માટે અરવલ્લી સ્પોર્ટ્સ મીટનું આયોજન હાથ ધરવામાં આવનાર હોય જે અનુસંધાને અરવલ્લી જિલ્લામાં પણ માન. મંત્રીશ્રી રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગનાં શ્રી હર્ષભાઈ સંઘવીની આદેશાનુસાર ચિતન શિબિરમાં થયેલ ચર્ચા મુજબ જિલ્લામાં અરવલ્લી સ્પોર્ટ્સ મીટનું આયોજન કરવાનું થાય છે. જેમાં અરવલ્લી જિલ્લાના ૨૦ વર્ષથી ઉપરના તમામ વયજુથના ખેલાડીઓ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. અરવલ્લી જિલ્લામાં આગામી દિવસોમાં એક મોટી સ્પોર્ટ્સ મીટનું આયોજન થવા જઈ રહ્યું છે. આ અંગેની જાહેરાત કરવા માટે આજે જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનેક પ્રકારની રમતોમાં સહભાગી થવા માટે લોકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું.આ સ્પોર્ટ્સ મીટનો મુખ્ય ઉદ્દેશ્ય જિલ્લાના યુવાનોને અને તમામ ઉમરના નાગરિકોને ખેલકૂદ પ્રત્યે પ્રોત્સાહિત કરવાનો છે. આ ઉપરાંત, આ સ્પોર્ટ્સ મીટમાં ભાગ લેવાથી યુવાનોને અને મહિલાઓ અને સિનિયર સિટીઝનને તેમની પ્રતિભાને બહાર લાવવાનો મોકો મળશે.આ સ્પોર્ટસ મીટ દરમિયાન ૨૦ વર્ષની ઉપરની ઉંમરના લોકો માટે એથ્લેટીક્સ (૧૦૦ મીટર, ગોળાફેંક, લાંબીકુદ), રસ્સાખેંચ, વોલીબોલ, બેડમિન્ટન, ટેબલટેનિસ, લોન ટેનિસ, શુટીંગબોલ, ક્રિકેટ જેવી સ્પર્ધા યોજાશે. ૪૦ વર્ષથી ઉપરની ઉંમરના લોકો માટે રસ્સાખેંચ, બેડમિન્ટન, ટેબલ-ટેનિસ, લોન ટેનિસ, શુટીંગબોલ, ક્રિકેટની સ્પર્ધા યોજાશે. તો ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના લોકો માટે રસ્સાખેંચ, બેડમિન્ટન, ટેબલ-ટેનિસ, લોન ટેનિસ, ક્રિકેટની સ્પર્ધા યોજાશે. જેમાં જિલ્લા ના વધુમાં વધુ લોકોનું ખેલકૂદ ક્ષેત્રે રુચિ વધારવા આયોજિત આ સ્પોર્ટસ મીટમાં તમામ લોકો જોડાય અને કાર્યક્રમને સફળ બનાવવા મદદરૂપ થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ અરવલ્લી વાસીઓને ઉત્સાહ પૂર્વક ભાગ લેવા જણાવ્યું છે.

### ગંભીર અકસ્માત કે જન્મજાત ખોડખાપણ યુક્ત અંગોને

## પ્લાસ્ટિક સર્જરી દ્વારા રિકંસ્ટ્રક્શન કરી પુનઃ કાર્યરત કરતી રાજકોટ સિવિલ



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

અકસ્માતના ગંભીર બનાવ, દાજી જવાના કિસ્સા, સ્નેક બાઈટ, કે અન્ય ઈજા થકી ઘાયલ દર્દીઓના અંગોને મોટું નુકસાન થતું હોઈ છે. આ સમયે દર્દીને તાત્કાલિક સારવાર ઉપરાંત તેઓની રિકંસ્ટ્રક્શન સહિતની સર્જરી હાથ ધરી તેમને મોટી નુકસાનીથી બચાવી શકાય છે. ઈજા પામેલા અંગોને પુનઃ કાર્યરત કરવા શરીરના અન્ય જગ્યાએથી જરૂરી નસ, ધામની સીરા, સ્કિન અને હાડકાનો ઉપયોગ કરી સર્જરી દ્વારા નુકસાન થયેલ અંગ કાર્યરત કરવાની રિકંસ્ટ્રક્શનની જટિલ પ્રક્રિયા રાજકોટ સિવિલનો પ્લાસ્ટિક સર્જરી વિભાગ કરી રહ્યો છે. આ સર્જરી જો કોઈ ખાનગી હોસ્પિટલમાં કરવામાં આવે તો પુષ્કળ નાણાં ખર્ચવા પડે પરંતુ સિવિલ હોસ્પિટલમાં નિ:શુલ્ક ઓપરેશન થકી અનેક દર્દીઓને જાણે નવું જીવન મળ્યું છે. રાજકોટ માટે ગૌરવ સમાન સિવિલમાં કાર્યરત પ્લાસ્ટિક સર્જરી વિભાગ દ્વારા ગંભીર કિસ્સામાં ગત વર્ષે લગભગ ૯૮ જેટલા અબાલ-વૃદ્ધની રિકંસ્ટ્રક્શન સર્જરી કરી તેઓને સામાજિક ગૌરવ અપાવી અને ડિપેન્ડન્સીમાંથી ઉગારવાની ઉમદા સેવા કરવામાં આવી છે. આ સાથે વર્ષ ૨૦૨૪ દરમ્યાન ટ્રોમા, એક્સિડન્ટલ, કેન્સર, ખોડખાપણ દૂર કરવાના ૬,૭૭૯ દર્દીઓની નાની-મોટી સર્જરી હાથ ધરાઈ હતી. જયારે ચાલુ વર્ષે માત્ર જાન્યુઆરીમાં ૫૮૬ સર્જરી કરી હોવાનું વિભાગના હેડ અને સિવિલ અધ્યક્ષ ડો. મોનાલી માકડીયા જણાવે છે. રિકંસ્ટ્રક્શનના કેસ અંગે વિગતે માહિતી આપતા તેઓ જણાવે છે કે, અકસ્માતમાં ઘાયલ દર્દીઓની કેટલાક કિસ્સામાં ધોરી નસ, રક્ત વાહિની કપાઈ જતી હોઈ છે. આવા કિસ્સામાં સર્જરી દ્વારા કપાયેલી નસોને જોડી રક્ત સંચારણ પુનઃ કરવામાં આવે છે, જેથી કરીને દર્દીઓના અંગ કાર્યરત રહે. દાજી જવાના કિસ્સામાં તે જગ્યાએ શરીરના અન્ય જગ્યાએથી અથવા સ્કિન બેન્કમાંથી ત્વચાનો ઉપયોગ કરી તે ભાગને નવી સ્કિન પુરી પાડવામાં આવે છે. જયારે કેટલાક જન્મજાત ખોડખાંપણવાળા બાળકો કે જેઓને કાન ન હોવા, એકથી વધુ આંગળીઓ હોવી, આંગળીઓ જોડાયેલી હોવી કે કલીપ હોઠ જેમાં હોઠ કપાયેલા હોઈ તેવા બાળકોની પ્લાસ્ટિક સર્જરી કરી તેઓના અંગો સંપૂર્ણ કરવામાં આવે છે. આવા જુદા જુદા કિસ્સામાં ગત વર્ષે કેન્સર પીડિત ૮ લોકોના સર્જરી બાદના મોં, ગળા રિકંસ્ટ્રક્શન પદ્ધતિથી પૂર્વવત કરાયા છે. જન્મજાત ખોડખાપણયુક્ત ૬ બાળકોની સર્જરી કરી બાળકોના કાન, ફાટેલ હોઠને સાજા કરાયા છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

બે મહિનાથી ગુમ યુવકે તાપી નદીમાં ઝંપલાવ્યું; અંતિમ વીડિયોમાં બે મહિલા સહિત ચાર સામે આરોપ

# હનીટ્રેપમાં ફસાતાં રેસ્ટોરાં-માલિકનો આપઘાત

(એજન્સી) સુરત | 07

સુરતમાં એક રેસ્ટોરાં માલિકે તાપી નદીમાં કૂદીને આપઘાત કરી લીધો હોવાનો બનાવ સામે આવ્યો છે. જોકે આ રેસ્ટોરાં માલિકે આપઘાત કરતા પહેલાં બનાવેલા વીડિયોમાં ચોકાવનારા આક્ષેપો કર્યા છે. એક મહિલા દ્વારા તેમને હનીટ્રેપમાં ફસાવવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ સાથે આરોપીઓએ રૂપિયાની પણ માંગણી કરી હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બે મહિલા સહિત ચારનાં નામ પણ વીડિયોમાં બોલે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રેસ્ટોરાં માલિક છેલ્લા બે મહિનાથી મિસિંગ હતા અને તેમનો પરિવાર મિસિંગની ફરિયાદ નોંધાવવા માટે આમતેમ ધક્કા ખાઈ રહ્યો હતો.



મળતી માહિતી પ્રમાણે, પાસોદરા વિસ્તારમાં 48 વર્ષીય યોગેશભાઈ જાવિયા પરિવાર સાથે રહેતા હતા. પરિવારમાં પત્ની અને એક પુત્ર છે. યોગેશભાઈ સુરતમાં વરાછા વિસ્તારમાં આવેલા મિની બજાર ખાતે રેસ્ટોરાં ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા હતા. તે દરમિયાન તેમના રેસ્ટોરાંમાં એક મહિલા કામ કરતી હતી જેના સંપર્કમાં તેઓ આવ્યા હતા. તે જ મહિલા દ્વારા યોગેશભાઈને ફસાવ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.

સુસાઈડ વીડિયોમાં યોગેશભાઈએ જણાવ્યું હતું કે , નયના અનુ ઝાલા , નયના ભરત ઝાલાએ મને હનીટ્રેપમાં ફસાવ્યો હતો. મારી હોટેલે નયના ભરત ઝાલા કામ કરતી હતી. એની જેઠાણી નયના અનુ ઝાલા મેઈન માસ્ટરમાઈન્ડ છે. તેણે મને હનીટ્રેપમાં ફસાવ્યો છે. નયના ભરત ઝાલા મને ભગાડીને લઈ ગઈ હતી અને ચાર-પાંચ દિવસ પછી પરત લઈ આવી હતી અને કહ્યું કે ચલો હવે જવું છે. આવ્યા પછી નયના અનુ ઝલા કે જે નયના ભરત ઝાલાની જેઠાણી તેણે મારી પાસે પાંચ લાખ રૂપિયાની માગ કરી હતી.

મને ધમકી આપી મજબૂર કર્યો કે બધી બાજુ તને બદનામ કરી નાખીશું અને પૈસા આપ નહીંતર અમે તને હેરાન કરીશું, તારી હોટલ બંધ કરાવી દેશું, હોટલમાં આવી તોડફોડ કરીશું. આ બધી ધમકીઓથી હું કંટાળી ગયો હતો. મારું આપઘાત કરવાનું કારણ આ મહિલાઓ જ છે. જેમાં નયના અનુ ઝાલા માસ્ટરમાઈન્ડ અને નયના ભરત ઝાલા તથા ભરત ઝાલા, તથા અનુ ઝાલા આ ચારેય વિરુદ્ધ કડક કાર્યવાહી થવી જોઈએ. હું આ ચાર લોકોના ત્રાસના કારણે જ આપઘાત કરું છું.

## પોલીસ ફરિયાદ ન લેતી હોવાના પરિવારના આક્ષેપ

રેસ્ટોરાંમાં કામ કરતી પરિણીત મહિલા અને યોગેશભાઈ વચ્ચે સંબંધો હતા. પરિણીત મહિલાના જેઠાણી દ્વારા પૈસા માગવાનો આરોપ મૃતકનાં પરિવારજનોએ લગાવ્યો છે. યોગેશભાઈનો કોઈ સંપર્ક ન થતા પરિવારજનો દ્વારા પોલીસ મથકમાં ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી, પરંતુ કામરેજ પોલીસ અને વરાછા પોલીસ ફરિયાદ ન લેતી હોવાનો અને ખોટા ધક્કા ખવડાવતી હોવાનો આરોપ પરિવારજનોએ લગાવ્યો છે. પત્નીએ જણાવ્યું હતું કે , અમે કામરેજ વિસ્તારમાં રહીએ છીએ અને મિની બજાર વિસ્તારમાં મારા પતિ રેસ્ટોરાં ચલાવે છે. મારા પતિ રેસ્ટોરાંમાં કામ કરતી મહિલા સાથે બહાર ગયા હતા અને પરત ફર્યા ન હતા. પાંચ દિવસ પછી મહિલા પોતાના ઘરે પરત ફરી ગઈ હતી જ્યારે મારા પતિ પરત ન ફરતા અમે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાની તજવીજ હાથ ધરી હતી.

## ‘હવે મારાથી સહન નથી થતું એટલે હું આપઘાત કરું છું’

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, મારી ઉપર ઘણું બધું દેવું થઈ ગયું હતું અને હું બધાના પૈસા ચૂકવી રહ્યો હતો અને હજુ પણ ચૂકવતો હતો. મારા સાળાએ લીધેલા પૈસા હું ભરતો હતો, મારો સાળો મોતને ભેટ્યા બાદ તેના પૈસા પણ હું ભરતો હતો. પરંતુ હવે મારાથી સહન થતું નથી. મારા પરિવારને નોંધારા છોડી હું આપઘાત કરું છું અને વરાછા પોલીસ પાસે ન્યાયની માગ કરું છું.
યોગેશભાઈ છેલ્લા બે મહિનાથી ઘરેથી નીકળી ગયા હતા અને રેસ્ટોરાંમાં કામ કરતી મહિલા સાથે બે મહિના પહેલાં ભાગી ગયા હતા. પાંચ દિવસ પછી મહિલા પરત પોતાના ઘરે પહોંચી ગઈ હતી જ્યારે યોગેશભાઈ ઘરે પહોંચ્યા ન હતા. આ દરમિયાન મહિલાના જેઠાણી દ્વારા યોગેશભાઈ પાસે 5 લાખ રૂપિયા માગવામાં આવ્યો હોવાનો આક્ષેપ યોગેશભાઈએ તેમના અંતિમ વીડિયોમાં કર્યો છે.

# થરાદ નગર ભડકે બળ્યું:16 કલાકમાં 4 આગની ઘટના...

## આખી રાત ફાયર ટીમ દોડતી રહી, ઓઈલ ભરેલા ટેન્કરમાં આગ લાગતાં ડ્રાઈવર દાઝ્યો

(એજન્સી) થરાદ | 07



થરાદ નગરપાલિકા વિસ્તારમાં 16 કલાકના ગાળામાં ચાર મોટી આગની ઘટનાઓએ થરાદ ફાયર બ્રિગેડને દોડતું કરી દીધું હતું.
થરાદ નગરમાં પ્રથમ ઘટના નગરપાલિકાના ડમ્પિંગ સાઈડમાં આગ લાગી હતી, જેમાં નગરપાલિકાના ફાયર ટીમ આગ પર કાબૂ મેળવ્યો હતો.
બીજી ઘટનામાં થરાદમાં જ મોડીરાત્રે 11:15 કલાકે ડિસ્કવરી કમ્પ્યુટર અને ઈલેક્ટ્રિક શોરૂમમાં બની, જ્યાં ફાયર બ્રિગેડની ત્વરિત કાર્યવાહીથી 90 ટકા માલસામાન બચાવી લેવાયો હતો.
બીજી ઘટના વહેલી સવારે 3:55 કલાકે ભારતમાળા બ્રિજ નીચે બિકાનેરથી મોરબી જતા માટી ભરેલા ટ્રેલરમાં આગ લાગી હતી. ફાયર બ્રિગેડે તાત્કાલિક પહોંચી પાછળના ટાયર સિવાયનો સમગ્ર ટ્રેલર અને માલસામાન બચાવી લીધો હતો.
સૌથી ગંભીર ઘટના સવારે 4:34 કલાકે નવા બની રહેલા ફોરલેન હાઈવે પર બની, જ્યાં એક ટ્રેલર અને એડિબલ ઓઈલ ભરેલા ટેન્કરમાં આગ લાગી હતી. ઓઈલ રોડ પર ફેલાતા આગે 500 મીટર સુધીનો વિસ્તાર આવરી લીધો હતો. દોઢ કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવાયો, પરંતુ ટેન્કરનું કેબિન અને ટાયર બળીને ખાક થઈ ગયા હતા. આ ઘટનામાં ડ્રાઈવર 30 ટકા દાઝી જતાં તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.
થરાદ નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમે મિની ફાયર ટેન્ડર અને વૉટર બ્રાઉઝર સાથે તમામ ઘટનાઓમાં ત્વરિત કાર્યવાહી કરી મોટી જાનહાનિ થતી અટકાવી હતી.
થરાદ ફાયર ઓફિસર વિરમજી રાઠોડે જણાવ્યું હતું કે, સોળ કલાક અમારી ફાયર ટીમ દોડતી રહી હતી. જેમાં અલગ-અલગ જગ્યાએ આગના બનાવો બન્યાં હતાં. જેમાં આખી રાત ફાયર ટીમ દોડતી રહી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો.

## પાલેજના દારૂના કેસમાં 4 વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

ભરૂચ | ભરૂચ એસઓજી પોલીસે એક મોટી સફળતા મેળવી છે. પોલીસે પાલેજમાં નોંધાયેલા દારૂના ત્રણ કેસમાં છેલ્લા ચાર વર્ષથી ફરાર આરોપીની ધરપકડ કરી છે. એટીએસ ચાર્ટર મુજબ નાસતા-ફરતા આરોપીઓને પકડવાની કામગીરી દરમિયાન એસઓજી ટીમને બાતમી મળી હતી કે આરોપી બબલુ પ્રતાપ બિંદ સુરતના કામરેજ વિસ્તારમાં બસેરા સોસાયટી ખાતે રહે છે.
બાતમીના આધારે એસઓજી ટીમે સુરત જઈને તપાસ કરી અને આરોપીની ઓળખની ખાત્રી કર્યા બાદ તેની ધરપકડ કરી હતી. આરોપીને ભરૂચ લાવીને બીએનએસએસ કલમ-35(1)(જે) હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યો છે. વધુ તપાસ માટે આરોપીને પાલેજ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. પોલીસની આ કામગીરીથી લાંબા સમયથી ફરાર આરોપીને પકડવામાં સફળતા મળી છે.

સામાજિક નેતાએ SPને ફરિયાદ નોંધવા માગ કરી, પૂર્વ સાંસદે જાણીજોઈને લેટર મોકલ્યાનો આરોપ

# લેટરકાંડમાં નારણ કાછડિયા સામે અરજી

(એજન્સી) અમરેલી | 07

અમરેલી જિલ્લામાં લેટરકાંડ મામલે નવો વળાંક આવ્યો છે. સામાજિક અગ્રણી નાથાલાલ સુખડિયાએ પૂર્વ સાંસદ નારણ કાછડિયા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધવા જિલ્લા પોલીસ વડા સમક્ષ અરજી કરી છે.
આ કેસમાં નવો ખુલાસો થયો છે કે નારણ કાછડિયાએ પોતે જ મીડિયા સમક્ષ સ્વીકાર્યું હતું કે તેમને 28 તારીખે વોટ્સએપ પર લેટર મળ્યો હતો, જેને તેમણે અર્ધો વાંચીને મુખ્યમંત્રી, સી.આર. પાટીલ અને રત્નાકરને મોકલ્યો હતો.
નાથાલાલ સુખડિયાએ આરોપ મૂક્યો છે કે મુખ્ય આરોપી મનીષ વઘાસિયા અને અન્ય આરોપીઓએ



નાયબ દંડક કૌશિક વેકરિયાને બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે જ્યારે લેટર મોકલનારા બે આરોપીઓને જેલમાં ધકેલી દેવાયા છે, ત્યારે નારણ કાછડિયા કે જેમણે જાણીજોઈને લેટર ફોરવર્ડ કર્યો, તેમની સામે પણ કાર્યવાહી થવી જોઈએ.
પોલીસને આપેલી અરજીમાં માંગ કરવામાં આવી છે કે નારણ કાછડિયાને પણ આ કેસમાં આરોપી તરીકે ઉમેરવામાં આવે, કારણ કે તેમણે જાણીજોઈને આ બનાવટી લેટરને આગળ મોકલ્યો હતો. આ સમગ્ર પ્રકરણે ભાજપના નેતાઓ વચ્ચેની આંતરિક રાજકીય ખેંચતાણને ઉજાગર કરી છે.

જામનગર LCBની દારૂની હેરાફેરી સામે કાર્યવાહી

# ગોરધનપર ગામમાંથી 10.32 લાખનો વિદેશી દારૂ ઝડપાયો : બે ઝબ્બે...

(એજન્સી) જામનગર | 07

જામનગર તાલુકાના ગોરધનપર ગામમાં એલસીબી પોલીસે મોડી રાત્રે દરોડો પાડીને મોટી કામગીરી અંજામ આપી છે. પોલીસને મળેલી બાતમીના આધારે એક રહેણાંક મકાનમાંથી 459 નંગ ઈંગ્લિશ દારૂની બોટલ સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે મકાન માલિક બાદલ બીજલ પરમાર અને વાહન ચાલક રવિ સુનિલ મકવાણાની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી વિદેશી દારૂની બોટલો ઉપરાંત એક મહેન્દ્ર પિકઅપ વાન અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ. 10,32,432ની કિંમતનો જપ્ત કરવામાં આવ્યો છે.
આરોપીઓની પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. આ દારૂનો જથ્થો જામનગરની કામદાર કોલોનીમાં રહેતા હિરેન ઈન્દ્રજીત ચંદન પાસેથી મેળવવામાં આવ્યો હતો. પોલીસે ચંદનને ફરાર જાહેર કર્યો છે અને તેની શોધખોળ શરૂ કરી છે. દેવીપૂજક સમાજના બાદલ પરમાર દારૂની હેરાફેરીની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે.

# કચ્છના માનકુવા હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો...

## રોંગ સાઈડમાં આવેલી ટ્રકે છકડા રિક્ષાને ટક્કર મારતાં 8 ઘાયલ, એકની હાલત નાજુક



કચ્છ (ભુજ )| ભુજ તાલુકાના માનકુવા હાઈવે પર શુક્રવારે સવારે 10 વાગ્યાના સુમારે ત્રિપલ અકસ્માતની હૃદયદ્રાવક ઘટના સર્જાઈ હતી. ભુજ તરફ જતી છકડા રિક્ષાને સામેથી રોંગ સાઈડમાં આવતી ટ્રકે ટક્કર મારતા રિક્ષા પલટી ગઈ હતી. આ દરમિયાન એક બોલેરો જીપ પણ અકસ્માતનો ભોગ બની હતી. અકસ્માતમાં છકડા રિક્ષામાં સવાર કુલ 8 લોકોને ઈજાઓ પહોંચી હતી, જેમાં એક અજાણ્યા પુરુષની હાલત ગંભીર છે. ઘાયલોમાં સીમા રવિ ગોરસિયા (40), હવાબાઈ રહીમ ગજણ (42), આમિર સકીલ ગજણ (5), રાઈકબાઈ મામદ પઢીયાર (56), આદ્રિયાબેન જુણસ ભૂરેયા (20), લાલજી ભગુ જોગી (35) અને જશુબેન દેવજી વરશાણીનો સમાવેશ થાય છે.અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો મદદે દોડી આવ્યા હતા અને તાત્કાલિક એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરી હતી. તમામ ઘાયલોને સારવાર માટે જી.કે. જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. માનકુવા પોલીસે ઘટનાની નોંધ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

# પાલનપુરમાં ટ્રાફિક સમસ્યાથી ત્રસ્ત નાગરિકોનો વિરોધ પ્રદર્શન

(એજન્સી) બનાસકાંઠા | 07

પાલનપુર શહેર અને હાઈવે પર છેલ્લા એક દશકથી વણઉકેલાયેલી ટ્રાફિક સમસ્યાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. ખાસ કરીને એરોમા સર્કલ પર અમદાવાદ, આબુરોડ અને ડીસા તરફથી આવતા વાહનોના સંગમ સ્થળે સર્જાતી ટ્રાફિક સમસ્યાએ અનેક જીવલેણ અકસ્માતોને જન્મ આપ્યો છે. તાજેતરમાં જ એક યુવતીનું આ સ્થળે અકસ્માતમાં મૃત્યુ થયું હતું.
જાગૃત નાગરિકોએ આ સમસ્યાના નિવારણ માટે જિલ્લા કલેક્ટર અને નેશનલ હાઈવે ઓથોરિટી સમક્ષ વારંવાર રજૂઆતો કરી છે. પરંતુ કોઈ ઠોસ પગલાં ન લેવાતા હવે નાગરિકોએ ધરણાનો માર્ગ અપનાવ્યો છે. સાથે જ કેન્દ્ર અને રાજ્ય સરકારને પોસ્ટકાર્ડ દ્વારા રજૂઆત કરી છે. મોટા શહેરોમાં સરકાર દ્વારા ટ્રાફિક નિયંત્રણ માટે બ્રિજ અને નવા રસ્તાઓનું નિર્માણ કરવામાં આવે છે, પરંતુ પાલનપુરમાં આ સમસ્યા પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવી રહ્યું છે. સ્થાનિક અને આજુબાજુના ગામડાઓના લોકો રોજિંદા જીવનમાં ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જાગૃત નાગરિકોએ કલેક્ટર કચેરી ખાતે રજૂઆત કરી ચેતવણી આપી છે.

# અમરેલીમાં શ્વાનનો આતંક : છેલ્લાં 24 કલાકમાં 15થી વધુ લોકોને બચકા ભર્યા...

(એજન્સી) અમરેલી | 07

અમરેલી શહેરમાં શ્વાનના આતંકે લોકોમાં ભયનો માહોલ સર્જ્યો છે. છેલ્લા 24 કલાકમાં શહેરમાં 15થી વધુ લોકો શ્વાનનો શિકાર બન્યા છે, જેમાં બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે. સૌથી વધુ ઘટનાઓ લાઠી રોડ વિસ્તારમાં નોંધાઈ છે.
વિશેષ રૂપે, રોયલ પાર્ક વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી, જ્યાં પલક નામની બાળકી તેની માતા સાથે જઈ રહી હતી ત્યારે એક શ્વાને પાછળથી હુમલો કર્યો. માતાએ તત્કાલ બાળકીને બચાવી લીધી. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે.
લાઠી રોડ પર રેલવે ફાટક આસપાસ 4 શ્વાન સક્રિય છે, જેમાંથી એક શ્વાનને હડકવા હોવાની શંકા છે. બ્રાહ્મણ સોસાયટી વિસ્તારમાં એક શ્વાને એક કલાક સુધી આતંક મચાવ્યો, જેમાં જિગરભાઈ, રિતેશ અને પલક સહિત અનેક લોકોને ઈજા પહોંચી છે.
પીડિત બાળકીના પિતા સમીરભાઈએ જણાવ્યું કે રેલવે ફાટક વિસ્તારમાં 4 શ્વાન લોકો પર હુમલા કરી રહ્યા છે. સ્થાનિક રહીશો દ્વારા શ્વાનને પકડવા અને દૂર ખસેડવાની માંગ ઉઠી છે. તમામ ઘાયલોને અમરેલી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. આ ઘટનાઓને કારણે શહેરમાં ભયનો માહોલ છે અને લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

# ચર્ચાનો વિષય:અંજારમાં 1.94 લાખના વિદેશી દારૂ સાથે 1 ઝબ્બે

## પૂર્વ કચ્છમાં સ્થાનિક પોલીસ અને એલસબીના બે દરોડામાં 2.78 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(એજન્સી) ખંભાત | 25

અંજાર | અંજારના વરસામેડી નાકે આવેલા મોમાઈનગરના મકાનમાં સ્થાનિક પોલીસે મળેલી બાતમીના આધારે પાડેલા દરોડામાં રૂ.1.94 લાખના વિદેશી દારૂના જથ્થા સાથે એક આરોપીને પોલીસે પકડી લીધો હતો પણ કારમાં આ જથ્થો આપી ગયેલો આરોપી હાજર મળ્યો ન હતો. તો પૂર્વ કચ્છ એલસીબીએ સામખિયાળીના મહેસાણાનગરના રહેણાકમાં પાડેલા દરોડામાં રૂ.84,445 ના વિદેશી દારૂ સાથે મહિલા આરોપી પકડાઈ પણ આ શરાબનો જથ્થો રાખી જનાર આરોપી હાજર મળ્યો ન હતો.
ઈન્ચાર્જ પીઆઈ એ.એ.જાડેજાએ વિગતો આપી હતી કે, અંજાર પોલીસ મથકની ટીમ બુધવારે રાત્રે પેટ્રોલિંગ દરમિયાન પોણા દસ વાગ્યે વરસામેડી ફાટક પાસે પહોંચી ત્યારે કોન્સ્ટેબલ જગદિશ સોલંકી અને જયદિપ બાંભણીયાને સંયુક્ત રીતે બાતમી મળી હતી કે, મોમાઈનગરમાં રહેતો થારૂભા લાખાભા ગઢવી પોતાના કબજાના રહેણાક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો ગેરકાયદેસર રીતે સંગ્રહ કરીને રાખે છે. આ બાતમીના આધારે તેમના રહેણાક મકાનમાં દરોડો પાડી તલાશી લેતાં મકાનમાંથી રૂ.1,94,433 ની કિંમતના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની 289 બોટલો મળી આવતાં હાજર થારૂભાની અટક કરી હતી. પકડાયેલા આરોપીએ પ્રાથમિક પુછપરછમાં આ દારૂનો જથ્થો મોડવદર રહેતો મુકેશ બાવાજી કાર મારફત આપી ગયો હોવાનું જણાવ્યું હતું. દરોડા સમયે મુકેશ હાજર મળ્યો ન હતો. પોલીસે આ બન્ને તેમજ તપાસમાં જે નિકળે તેના વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી હતી.
તો પૂર્વ કચ્છ એલસીબીની ટીમ સામખિયાળી વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી તે દરમિયાન બાતમી મળી હતી કે મહેસાણાનગરમાં રહેતો બુટલેગર ભાવેશ રાયધણ મણકાએ તે જ સોસાયટીમાં રહેતા જ્યોતિબેન ઈશ્વરભાઈ સુથારના રહેણાક મકાનમાં વિદેશી દારુનો જથ્થો ઉતાર્યો છે. આ બાતમીના આધારે જ્યોતિબેનના મકાનમાં દરોડો પાડી તલાશી લેતાં ત્યાંથી રૂ.84,445 ની કિંમતના વિદેશી દારુની 115 બોટલો મળીઆવી હતી પણ મુખ્ય બુટલેગર ભાવેશ હાજર મળ્યો ન હતો. બન્ને વિરુધ્ધ સામખિયાળી પોલીસ મથકે ગુનો નોંધાવી કાયદેસર કાર્યવાહી કરી હતી.
પૂર્વ કચ્છમાં વર્ષ દરમિયાન કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાતો રહે છે , પરંતુ મોટા ભાગના દરોડામાં મુખ્ય બુટલેગર કે આરોપીઓ તો દરોડા સમયે હાજર મળતા નથી હોતા , એકાદ બે દરોડામાં નહીં મોટા ભાગના દરોડામાં આવું જ બહાર આવતું રહે છે. આનું શું કારણ હોઈ શકે એ પણ ચર્ચાનો વિષય છે.

# અકસ્માત:મેવાસા પાસે જીપ અજાણ્યા વાહનમાં ટકરાતાં પાછળ સવાર આધેડનું મોત...

## સિક્સ લેનનું કામ ચાલુ હોતાં ચાર દિવસમાં જ બીજો માર્ગ અકસ્માત સર્જાયો



રાપર | રાપરના ગાગોદર નજીક નેશનલ હાઈવે 27 પર સિક્સ લેન રોડનું કામ ચાલુ હોવાથી ચિત્રોડ, મેવાસા અને ગાગોદર પાસે નાના મોટા અકસ્માતોની ઘટના સતત સામે આવી રહી છે ચાર દીવસમાં જ બે માર્ગ અકસ્માત નોંધાયા છે. જેમાં મેવાસા પાસે જીપ આગળ જઈ રહેલા અજાણ્યા વાહનમાં ટકરાતાં જીપના ઠાઠામાં સવાર આધેડનું મોત નિપજ્યું હોવાની, તો ત્રણ દિવસ પહેલાં ગાગોદર ચોકડી પાસે બે ટ્રેઈલર અથડાતાં ચાલકને ગંભીર ઈજા પહોંચી હોવાની ઘટના બની હતી. મુળ રાજસ્થાનના કુલદિપસિંહ નોરતસિંહ સિંહે ગાગોદર પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ, બુધવારે તેમના પિતા મારબલ ભરેલી જીપમાં પાછળ ઠાઠામાં બેસીને જઈ રહ્યા હતા ત્યારે મેવાસા પાસે જીપ ચાલકે આગળ જતા અજાણ્યા વાહનમાં અથડાવી દેતાં તેમના પિતા નોરતસિંહ ઓમસિંહ દબાઈ જતાં મારબલથી ગંભીર ઈજા પહોંચતા તેનું મોત નિપજ્યું હતું. તે જીપના ચાલકચંદ્રસિંહ રાજુસિંહ રાવતને પણ ઈજાઓ પહોંચી હતી. તેમણે જીપ ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. તો ગાગોદર ચાર રસ્તા પાસે ત્રણ દિવસ પહેલાં સવારે નવ વાગ્યાની આસપાસ સામખિયાળી તરફથી આવતા ટ્રેઈલર ચાલકે કાબુ ગુમાવતા રોન્ગ સાઈડ તરફ જઈ બીજા ટ્રેઈલરમાં ભટકાતા એક તરફનો હાઈવે આખો બંધ થઈ ગયો હતો.બને ડ્રાંઈવર ક્લીનરને પ્રથમ ગાગોદર પીએચસી ખાતે લઈ જવાયા બાદ વધુ સારવાર અર્થે સામખિયાળી ખસેડાયા હતા.નેશનલ હાઈવે 27 નું સિક્સ લેનનું કામકાજ ચાલુ છે જેના કારણે ચિત્રોડ મેવાસા ગાગોદર હાઈવે ઉપર રોડમાં મોટા ગાબડા છે, વ્યસ્ત પોલ રાખી દેવાયા છે.

## જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા રાજુલા, જાફરાબાદ અને ભાવનગરની હાઈસ્કુલમાં પ્રેરણા શિબિર યોજવામાં આવી



કિશોર આર. સોલંકી। જાફરાબાદ

બોર્ડની પરિક્ષાનાં હાઉ ને ઘટાડવા યોજાઇ ખાસ શિબિર 1215 વિધ્યાર્થીઓને પરિક્ષાની તૈયારે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ.ટેકનોલોજીનાં વિકાસ સાથે શિક્ષણ પ્રણાલીમાં આમુલ પરિવર્તન આવ્યુ છે જેના સારા અને નરસા બન્ને પરિણામો આપણને મળી રહ્યા છે. ખાસ કરીને આજનાં ઝડપી અને હરિફાઈનાં યુગમાં માતાપિતા અને શિક્ષકોની અપેક્ષાઓમાં ખરા ન ઉતરનારા વિધ્યાર્થીઓ હતાશામાં સરી પડે છે અને ઘણી વાર આ હતાશા જીવલેણ સાબીત થતી હોય છે. છેલ્લા ચાર પાંચ વર્ષોમાં બોર્ડની પરિક્ષાએ માત્ર વિધ્યાર્થી જ નહી પણ વાલીઓ અને શિક્ષકો પણ આપતા હોય છે તેનુ ભારણ ઘટાડવા જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા રાજુલા, જાફરબાદ અને ભાવનગરની પાંચ હાઈસ્કુલોમાં શિલ્પ ઈન્સપાઈરીંગ ઈન્સ્ટીટ્યુટ ગાંધીનગરનાં સહયોગથી વિધ્યાર્થીઓ સાથે એન્જોય યોર એકસામ થીમ આધારીત પ્રેરણા શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં તાલીમકાર શિલ્પાબેન ચૌહાણ દ્વારા બાળકોને ભય મુક્ત બની કેવી રીતે પરિક્ષા આપવી, પરિક્ષા પૂર્વે અને પછી કેવી કેવી તૈયારીઓ કરવી, યોગ, પ્રણાયામ અને આરામનું મહત્વ સમજાવવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત બાળકોને વિવિધ કસરતોથી માનસીક સંતુલનને મજબુત કરી આત્મ વિશ્વાસમાં વધારો કરવા વિવિધ ટેકનીક શીખવવામાં આવી હતી. શિબિરનાં અંતે હાઈસ્કુલનાં આચાર્ય શ્રી, જોરા સાહેબ, શ્રી વંદનાબેન, શ્રી મોરી સાહેબ, શ્રી રાજેશભાઇ તથા શ્રી ડાંગર સાહેબ દ્વારા એવી આશા વ્યકત કરવામાં આવી હતી કે અમારી શાળાનું બોર્ડનુ પરિણામ સો ટકા આવશે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સી.એસ.આર પ્રોજેક્ટ ઓફીસર હનિફ કાળવાતર દ્વારા કરવામાં આવ્યુ હતુ.

# 7મી ઈન્ટરનેશનલ જિયોથર્મલ કોન્ફરન્સ SoET, PDEU ખાતે સમાપ્ત – જીઓથર્મલ ઈનોવેશનમાં એક પગલું આગળ





(એજન્સી) ગાંધીનગર તા. 07

પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી (PDEU) ખાતે સ્કૂલ ઓફ એનર્જી ટેક્નોલોજી (SoET) એ 7મી ઈન્ટરનેશનલ જિયોથર્મલ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું, જેમાં જિયોથર્મલ એનર્જીમાં પ્રગતિ અને વૈશ્વિક ઊર્જા લેન્ડસ્કેપમાં તેની ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આ ઈવેન્ટમાં વિશ્વભરના જાણીતા નિષ્ણાતો, સંશોધકો અને વ્યાવસાયિકોને નવીન ઉકેલો અને ભૂઉષ્મીય ઉર્જા વિકાસ અને ટેક્નોલોજીમાં ઉભરતા પ્રવાહોની ચર્ચા કરવા માટે એકસાથે લાવ્યા હતા. પરિષદની શરૂઆત દીપ પ્રાગટ્ય સમારંભથી થઈ, ત્યારબાદ PDEU ના રજિસ્ટ્રાર કર્નલ (ડૉ.) રાકેશ કુમાર દ્વારા ઉદ્ઘાટન ઉક્તિ આપવામાં આવી. કર્નલ રાકેશ કુમારે ટકાઉ ભવિષ્ય માટે ભૂતાપીય ઊર્જાના મહત્ત્વને રેખાંકિત કર્યું અને આ ક્ષેત્રમાં સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે એનર્જી ટેક્નોલોજી સ્કૂલના પ્રયત્નોની પ્રશંસા કરી. પ્રોફ. અનિર્બિદ સર્કાર, PDEU ના સેન્ટર ઓફ એક્સલન્સ ફોર ભૂતાપીય એનર્જી (CEGE) ના વડાએ સ્વાગત ભાષણ આપ્યું અને યુનિવર્સિટીના ભૂતાપીય ઊર્જા ક્ષેત્રના પ્રયાસો પર એક સંક્ષિપ્ત પ્રસ્તુતિ આપી. તેમણે ભૂતાપીય સંસાધનોના સંભવિત લાભોને મહત્તમ કરવા માટે સતત સંશોધન અને વ્યૂહાત્મક સહકારના મહત્વ પર ભાર મૂક્યો. પરિષદમાં આકર્ષક કીનોટ ભાષણ નર્સન્ટી એલિઝાબેથ, GRO-GTP ફેલો, આઈસલેન્ડ દ્વારા આપવામાં આવ્યું, જેનો શીર્ષક “લાઈવ ભૂતાપીય પાવર પ્લાન્ટ મોનિટરિંગ” હતો. શ્રીમતી એલિઝાબેથે વિવિધ ભૂતાપીય સિસ્ટમો, રિયલ-ટાઈમ મોનિટરિંગ તકનીકો અને આઈસલેન્ડમાં એક ભૂતાપીય ક્ષેત્રના કેસ સ્ટડીમાંથી શીખેલી બાબતો અંગે તેમના નિરીક્ષણો રજૂ કર્યા. પટના યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. કૃતિ યાદવ દ્વારા સંચાલિત મુખ્ય સત્ર પછી એક પેનલ ચર્ચા થઈ, જે ભારતના ઉર્જા લેન્ડસ્કેપમાં ભૂઉષ્મીય ઊર્જાની ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પેનલમાં નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય (MNRE) ના પૌલોમી ચૌધરી અને આંતરરાષ્ટ્રીય વ્યાવસાયિકો સાથે દર્શાવવામાં આવ્યા હતા જેમણે ભૂ-ઉષ્મીય ઉર્જાના ભાવિ અને તેને અપનાવવા માટે જરૂરી નીતિ માળખા પર તેમના પરિપ્રેક્ષ્યો શેર કર્યા હતા. પેનલમાં શામેલ છે:

### શ્રી પૌલોમી ચૌધરી

સંશોધન અને તકનીકી કાર્યક્રમો માટે શૈક્ષણિક સંસ્થાઓને ભંડોળ આપવાના મહત્વને સંબોધિત કર્યું. નવીનતાઓને પ્રોત્સાહન આપવામાં અને પહેલો દ્વારા યુવા સંશોધકોના વિકાસને સમર્થન આપવામાં સરકારની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો.

### ડૉ. જુબિલ જોય, આલ્બર્ટા યુનિવર્સિટી

ટકાઉ વૃદ્ધિ માટે ત્રણ પ્રાથમિક વ્યૂહરચનાઓ રજૂ કરી: ઉત્સર્જન ઘટાડવા માટે કાર્બન કેપ્ચર. નવીનીકરણીય ઉર્જા સ્ત્રોતોનો વિકાસ. સંસાધનોના ઉપયોગને શ્રેષ્ઠ બનાવવા માટે ઊર્જાનો કાર્યક્ષમ ઉપયોગ. આ ઈવેન્ટ જ્ઞાન વહેંચવાની અને સહયોગ માટે એક પ્લેટફોર્મ પ્રદાન કરશે, જે અગ્રણી વિશેષજ્ઞો, નીતિનિર્માતાઓ, ઉદ્યોગ વ્યાવસાયિકો અને સંશોધકો માટે વૈશ્વિક સ્તરે નેટવર્કિંગની તક લાવશે.

## અબડાસા તાલુકાના ગામોમાં રોડ રસ્તા, શિક્ષણ અને આરોગ્ય વગેરેના મુદ્દા ઓને ધ્યાને લઈ બહુજ આર્મીના લખન ધુવા, તેમજ ટીમ દ્વારા વિઝીટ કરાઈ



મહેશ એલ.સોની | નખત્રાણા

આજ રોજ તા.૦૬.૦૨.૨૫ અબડાસા તાલુકાના અલગ અલગ ગામોમાં બહુજન આર્મીના સંસ્થાપક લખન ધૂવા,સાથે બહુજન આર્મીના મીડિયા કન્વિનર માવજી હિંગણા, સામાજિક આગેવાન દતેશ ભાવસાર, મનજી મહેશ્વરી, છેલ્લા કેટલાક સમયથી અબડાસા તાલુકાના અલગ અલગ ગામોમાં વિઝીટ કરી રહ્યા છે. અને જે તે ગામોના સ્થાનિક લોકોની પાસેથી સરકાર દ્વારા શું શું વિકાસના કાર્યો કરવામાં આવ્યું છે. તેની ખાસ જાણકારી મેળવી રહ્યા છે. જે દરમિયાન લોકોએ જણાવ્યું છે. કે રોડ રસ્તા, શિક્ષણ આરોગ્યની સમસ્યાઓ મુખ્ય છે . આ ઉપરાંત ખેડૂતોને પણ અનેકો સમસ્યાઓ છે. અહીંના ધારા સભ્ય માત્ર ને માત્ર ઓદ્યોગિક કંપનીઓને ફાયદો પહોચાળવાનું કામ જ કર્યું છે. જ્યારે આઝાદી પછી પણ ગણા બધા ગામડાઓને હજુ પણ વિકાસથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. લૈયારી, લાખાણીયા જેવા અનેક અંદરના ગામોમાં જ્યાં હજુ સુધી રોડ પણ બાનાવાયા નથી અહીંના ધારા સભ્ય પ્રજાને પ્રાથમિક સુવિધાઓ આપવામાં નિષ્ફળ રહ્યા છે.તેવું આ વિસ્તારના લોકોએ બહુજન આર્મીના લખન ધુવાને જણાવાયું છે. જેને ધ્યાને રાખીને લખન ધુવાએ સરકાર અને તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓને જણાવાયું છે .કે જ્યારે તમને પ્રજાએ વોટ આપીને ચુટ્યો છે. ત્યારે તમારી ફરજ પડે છે. કે પ્રજાના પ્રાણ પ્રશ્નોના હલ કરવામાં આવે રોડ રસ્તા, જે ગામોમાં નથી બનાવયા ત્યાં તાત્કાલિક સારી ગુણવત્તા વાળી રોડ રસ્તાની કામગીરી કરવામાં આવે ઉપરાંત આરોગ્ય , શિક્ષણ, અને ખેડૂતોની સમસ્યાનું નિવારણ કરવામાં આવે અબડાસાની પ્રજા ત્રાસી ગઈ છે. પોતાના હક્ક અને અધિકારો મેળવવા માટે અબડાસા વિસ્તારના લોકો સાથે રહી મોટું આંદોલન કરશું જેની નોંધ આ વિસ્તારના ધારા સભ્ય લે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

## શ્રી સમસ્ત તળપદા કોળી સમાજ ટ્રસ્ટ જામકા આયોજિત ૧૭મો સમૂહ લગ્નોત્સવ યોજાયો



કિશોર આર. સોલંકી। જાફરાબાદ

સમસ્ત તળપદા કોળી સમાજ ટ્રસ્ટ જામકા આયોજીત દ્વારા ૧૭મો સમૂહ લગ્નોત્સવમાં ૨૬ નવયુગલો પ્રભુતામાં પગલા પાડવામાં આવ્યા હતા. આ સમૂહ લગ્નોત્સવમાં દેવેન્દ્રદાસ બાપુ અમરધામ આશ્રમ ડેડાણ તેમજ અન્ય સંતો મહંતો તેમજ મહાનુભવો દ્વારા નવદંપતી ને આશીર્વાદ આપવામાં આવ્યા હતા. આ સમૂહ લગ્નોત્સવમાં સંતો મહંતો તેમજ વિવિધ પક્ષ સાથે જોડાયેલ સમાજના આગેવાનો પક્ષપાત છોડી એક મંચ ઉપર ઉપસ્થીત રહ્યા હતા. અને વ્યસન મુક્ત તેમજ સમાજમાં થતા બિન જરૂરી ખર્સા પર અંકુશ લાવવા માટે સમાજના લોકોને જાગૃત કર્યા હતા.તેમજ સમસ્ત તળપદા કોળી સમાજ ટ્રસ્ટ ધ્વારા લગ્ન નોંધણી કરાવી નવ દંપતીને પ્રમાણપત્ર એનામત કરી સમાજમાં એક નવો રાહ ચિંધ્યો હતો.આ તકે વિવિધ સમાજના આગેવાનો તેમજ દાતાશ્રીઓનું સમૂહ લગ્નોત્સવ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ સમૂહ લગ્નોત્સવ સમિતિ દ્વારા દરેક દીકરીઓને કરિયાવર પણ આપવામાં આવ્યો હતો. તેમજ જ્ઞાતિ સમસ્ત ભોજનની વ્યવસ્થા પણ ખૂબ સારી રીતે રાખેલ હતી. આ કાર્યક્રમને દિપાવવા મોટી સંખ્યામાં જામકા કોળી સમાજના ભાઈઓ બહેનો તેમજ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ૧૭મો સમૂહ લગ્નોત્સવ સફળ બનાવવા શ્રી સમસ્ત તળપદા કોળી સમાજ ટ્રસ્ટના સભ્યો તેમજ સમાજના વિવિધ સમીતીના સભ્યોએ રાત દીવસ જોયા વગર ભારી જહેમત ઉઠાવી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભયલુંબાપુ દ્વારા કરવામાં આવ્યું હતુ.

### અમરેલી શહેરમાં તમાકુ વેચાણના નિયમનો ઉલાળીયો કરનાર વેપારીઓ સામે કાર્યવાહી

## તમાકુ નિયંત્રણ અધિનિયમ ના કાયદા હેઠળ વેપારીઓ ઉપર રૂ|૨,૨૦૦ નો દંડ ફટકાર્યો

કિશોર આર. સોલંકી જાફરાબાદ

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અને તમાકુ નિયંત્રણ અધિનિયમ અન્વયે અમલવારી તથા જનજાગૃતિ અર્થે જિલ્લા તમાકુ નિયંત્રણ સમિતિ દ્વારા વિવિધ કામગીરી કરવામાં આવી છે. ત્યારે એન્ફોર્સમેન્ટ સ્ક્વોડ દ્વારા શહેરમાં તમાકુ વિકેતાઓના સ્થળ પર જઈ તપાસ કરતા ૧૨ વેપારીઓ તમાકુના નિયમનો ઉલાળીયો કરતા ઝડપાયા હતા તેમને રૂપિયા ૨,૨૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો હતો તમાકુના વેચાણ કરતા લારી ગલ્લા પર તમાકુ વિતરણ અને તેના સેવનને લગતા જોખમ બાબતે સૂચક બોર્ડ દર્શાવવામાં ન આવ્યા હોય તેની સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ વારની જગ્યામાં તમાકુ વેચાણ કરવું જાહેર સ્થળોએ તમાકુની બનાવટોનું સેવન કરવું ઈ-



સિગારેટનું વેચાણ સંગ્રહ કે તેના ઉપયોગ કરનાર તમાકુની બનાવટોની પ્રત્યક્ષ કે પરોક્ષ જાહેરાત આપવી નિર્દિષ્ટ આરોગ્ય વિષયક ચિત્રાત્મક ચેતવણી વિના તમાકુની બનાવટોનું વેચાણ સહિતની બાબતોને ધ્યાને રાખીને વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી જિલ્લા તમાકુ નિયંત્રણ સેલમાં અમરેલી જિલ્લા પંચાયત, આરોગ્ય શાખા, પોલીસ, પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણ ખોરાક અને ઔષધ નિયમ સહિતની કચેરીઓના સંયુક્ત પ્રયાસોથી અમરેલી શહેરમાં વિવિધ સ્થળો પર ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું અમરેલી શહેરના નાગનાથ બસસ્ટેશન, મોટા બસસ્ટેશન, લાઠી રોડ, ચિત્તલ રોડ, સેન્ટર પોઈન્ટ તેમજ કોલેજ સર્કલ વિસ્તારમાં તમાકુના નિયમના ભંગ બદલ વેપારીઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જેમાં રૂપિયા ૨,૨૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો.

## ખેલમહાકુંભ 3.0 માં નર્મદા જિલ્લાના રમતવીરોની ઉત્સાહભેર ભાગીદારી માટે સ્પર્ધા યોજાશે

(એજન્સી) રાજપીપલા। તા. 07

નર્મદા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, રાજપીપલા દ્વારા ખેલમહાકુંભ ૩.૦ અંતર્ગત નર્મદા જિલ્લા રમત સંકુલ (ધાબા ગ્રાઉન્ડ) રાજપીપલા ખાતે તા. ૧૪ થી ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન દક્ષિણ ઝોન કક્ષાની અંડર ૧૪, ૧૭ અને ઓપનએજ ફૂટબોલ ભાઈઓ-બહેનોની સ્પર્ધા યોજાશેઅંડર ૧૪ ભાઈઓ માટે તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ સવારે ૭.૦૦ કલાકે સ્પર્ધા યોજાશે. અંડર ૧૭ ભાઈઓ માટે તા. ૧૫/૦૨/૨૦૨૫ ના રોજ સવારે ૭.૦૦ કલાકે સ્પર્ધા યોજાશે. ઓપન એજ ભાઈઓ માટે તા. ૧૭/૦૨/૨૦૨૫ ના રોજ સવારે ૭.૦૦ કલાકે સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા આવનાર ખેલાડીઓએ આગલા દિવસે સાંજે ૫:૦૦ કલાકે રિપોર્ટીંગ કરવાનું રહેશે. અંડર ૧૪ બહેનો માટે તા. ૧૯/૦૨/૨૦૨૫ ના રોજ સવારે ૯.૦૦ કલાકે સ્પર્ધા યોજાશે. અંડર ૧૭ બહેનો માટે તા.૨૦/૦૨/૨૦૨૫ ના રોજ સવારે ૭.૦૦ કલાકે સ્પર્ધા યોજાશે. ઓપનએજ બહેનો માટે તા. ૨૧/૦૨/૨૦૨૫ ના રોજ સવારે ૭.૦૦ કલાકે સ્પર્ધા યોજાશે. તમામ સ્પર્ધકોએ સ્પર્ધાના એક દિવસ અગાઉ સાંજે ૫.૦૦ કલાકે ધાબા ગ્રાઉન્ડ ખાતે રિપોર્ટિંગ કરવાની રહેશે.જે અંગેની આપના જિલ્લામાંથી ભાગ લેનાર ટીમોના KMK ID સાથેની એન્ટ્રી તા. ૧૧/૦૨/૨૦૨૫ સુધીમાં dsdo-narmada@gujarat.gov.in, dso-sycd-nrmd@gujarat.gov.in ઉપર ઈ-મેઈલથી બિનચુક મોકલવા ખેલાડી/ટીમને જાણ કરાઈ છે. વધુ માહિતી માટે 8469744498 નંબર ઉપર અતુલભાઈ વસાવા અ 8758447045 નંબર પર અશ્વિનભાઈ વસાવાને રીપોર્ટીંગ કરી જાણ કરવી અને સ્પર્ધા અંગેની જરૂરી સૂચનાઓનો અમલ કરવા અંગે જિલ્લા રમત વિકાસ અધિકારી નર્મદા તરફથી જણાવાયું છે.

### છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના હાડોદ ખાતે

## જગદંબા જીનમાં જીનના માલિક અને તેમના માણસોએ ખેડૂતને માર માર્યાનો બનાવ



કમલેશ પટેલ। સંખેડા

કપાસની જીનમાં કપાસ ની ખરીદી સીસી આઈના અધિકારીઓ કરે છે અને ખેડૂતોને ઓછો ભાવ સીસીઆઈ આપે છે ત્યારે સી સીઆઈના અધિકારીઓ અને જીન માલિક ની મિલી ભગતથી આ ખેડૂત અને તેના પુત્રને માર મારવાની જે ઘટના બની છે તેમાં ખેડૂતોએ જીન માલિક તેમજ સીસી આઈના અધિકારીઓ સામે ગુન્હો નોંધાઈ તેવી માંગ કરી છે. પિતાને લાગી આવતા નજીકમાં આવેલ દુકાનેથી જંતુનાશક દવા લાવી જીનના કમ્પાઉન્ડમા ગટગટાવી દવા પી લેતા ખેડૂતને સંખેડા હોસ્પિટલ પર લઇ જવાયો તબીબને ગંભીર જણાતા તેને ડભોઇ ખાતે રિફર કરાયો પિતા પુત્ર તિલકવાડા તાલુકાના પૂછ પૂરા ગામના ખેડૂતો સંખેડાના જગદંબા જીનમાં કપાસ વેચવા આવ્યા હતા. જગદંબા જીનમાં સીસીઆઇ દ્વારા ખરીદી કરવામાં આવે છે. કપાસની ખરીદીમાં ભાવ ઓછો આપતા ખેડૂતે કર્યો હતો વિરોધ અન્ય જીનમાં કપાસ લઈને જવાની વાત કરતા જીનના માલિક અને તેના પુત્ર સાથે થઈ હતી બોલાચાલી જીનના માલિક ઉશ્કેરાઈ જતા જીનના કામદારો સાથે મળી તાલીબાની સજાની જેમ પુત્રને બાંધવામાં આવ્યા હતા થાંબલે.

## પ્રવાસન ક્ષેત્રે ગાઈડ તરીકે કારકિર્દી બનાવવા માંગતા યુવક યુવતીઓને મળશે નિ:શુલ્ક તાલીમ

કમલેશ પટેલ। સંખેડા

છોટાઉદેપુર: પ્રવાસન ક્ષેત્રે સ્વતંત્ર કારકિર્દી બનાવવા માંગતા યુવક અને યુવતીઓ માટે ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ ગાંધીનગર દ્વારા આગામી સમયમાં ગુજરાતના અલગ અલગ જિલ્લામાં આવેલ પ્રવાસન સ્થળની મુલાકાતે આવતા પ્રવાસીને સ્થળ વિશે સાચી માહીતી આપી શકે તે માટે ઉત્તર-દક્ષિણ, મધ્ય, પૂર્વ અને સૌરાષ્ટ્રના બે અને કચ્છ-ભુજ એમ ૦૭ અલગ અલગ ઝોનમાં સમાવિષ્ટ જિલ્લામાં ટુરિસ્ટ ગાઈડ તરીકે જોડાવા માંગતા ઉમેદવારો માટે નિષ્ણાંત ફેકલ્ટી દ્વારા “ટુરિસ્ટ ગાઈડ ટ્રેનીંગ પ્રોગ્રામ‘નું આયોજન કરવામાં આવનાર છે.

નિ:શુલ્ક તાલીમ મેળવીને પ્રમાણપત્ર મેળવવા માંગતા ૧૨ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા તેમજ ૧૮ વર્ષથી વધુ ઉંમરના ઉમેદવારોને આપેલ લીંક https://www.gujarattourism.com/forms/guide-tourist.html. ફોર્મમાં માહીતી ભરીને ,શરતો વાંચીને સેલ્ફ ડીકલેરેશન પર ટીક કરીને તારીખ,સ્થળની વિગતો ભરીને સબમીટ કરવાની રહેશે.

ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ(TCGL) દ્વારા ટુરિસ્ટ ગાઈડ માટેની નિ:શુલ્ક ટ્રેનીંગ માટે ઓનલાઈન લીંક ફોર્મ ભરેલ યોગ્ય ઉમેદવારોમાંથી બોલાવવામાં આવશે. તાલીમ લીધા બાદ ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ(TCGL) ગાંધીનગર દ્વારા તાલીમ બાદ સફળ ઉમેદવારોને પ્રમાણપત્ર આપવામાં આવશે. આ પ્રમાણપત્રના આધારે ઉમેદવારો ગાઈડની સેવાના બદલામા ગુજરાતમાં આવતા ટુરિસ્ટ અને ટ્રાવેલ એજન્ટ પાસેથી સરકાર નકકી કરેલ દર મુજબની ફિ લઈ શકશે. ટુરીસ્ટ ગાઈડ માટેની નિ:શુલ્ક (મફત)તાલીમ લેવા માટે તેમજ ફોર્મ માહિતી અને શરતો માટે ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ(TCGL)ની અધિકૃત વેબસાઈટ જોવા તથા ઉપર જણાવેલ લીંક પર ઓનલાઈન ફોર્મ ભરવા તેમજ અરજી સબંધી માર્ગદર્શન માટે અથવા ટુરીસ્ટ ગાઈડ તરીકેની કરીયર બનાવવા માંગતા ઉમેદવારોને જીલ્લા રોજગાર કચેરી ,સેક્રેટરીએટ બીલ્ડીંગ સામે,કોર્ટ કોપાઉન્ડ,છોટાઉદેપુરનો સંપર્ક કરવા રોજગાર અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### સંબંધની ના પાડતા ધાકધમકી આપી

## દુષ્કર્મ કેસના આરોપી બુટલેગર રઈશ મહીડાના જામીન નામંજૂર



(એજન્સી) નડિયાદ। તા. 07

નડિયાદ પશ્ચિમમાં એક પરણિતા પર દુષ્કર્મ ગુજારનારા બુટલેગર રઈશ મહીડાના જામીન નામંજૂર થયા છે. મહિલા સમક્ષ ખોટી ઓળખ આપ્યા બાદ તેની સાથે વારંવાર સબંધો બાંધ્યા હતા. અનેકવાર નાણાં અને ઘરેણાં પણ લઈ લીધા હતા. જે મામલે પશ્ચિમ મથકે ગુનો નોંધાયો હતો.નડિયાદ પશ્ચિમમાં રહેતી એક પરિણીતા સાથે કુખ્યાત બુટલેગર રઈશ મહીડાએ ખોટી ઓળખ આપી અને પ્રેમ સબંધ કેળવ્યા હતા. બાદમાં વારંવાર મહિલા સાથે શારીરિક સબંધો બાંધ્યા હતા. બાદમાં રઈશ લઘુમતી હોવાની જાણ થતા પીડિતાએ સબંધો ન રાખવા માટે જણાવ્યું હતું. પરંતુ રઈશે ધાકધમકીઓ, દબાણ કરી સબંધો રાખ્યા હતા અને દુષ્કર્મ કરતો હતો. આ વચ્ચે અનેકવાર મહિલાના ઘરેણાં લઈ જવા સાથે પૈસા પણ લઈ લીધા હતા. જે અંગે બાદમાં પશ્ચિમ પોલીસ મથકે તાજેતરમાં ફરિયાદ નોંધાઈ હતી. બાદ રઈશની ધરપકડ કરી પોલીસે રીકન્સ્ટ્રક્શન કરી અંતે તેને બિલોદરા જેલ મોકલાયો હતો. રઈશે જામીન અરજી મુકી હતી. જે અંગે આજે સુનાવણીમાં કોર્ટે રઈશના જામીન નામંજૂર કર્યા છે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ)**
તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો.

**મિથુન (ક,છ,ઘ)**
અપાર ઊર્જા અને ઉત્સાહ તમને ઘેરી વળશે અને તમારી સામે આવનારી કોઈપણ તક તમે તમારા ફાયદા માટે ઉપયોગમાં લેશો. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો.

**કર્ક (ડ,હ)**
તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો.

**સિંહ (મ,ટ)**
વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા.

**કન્યા (પ,ઠ,ણ)**
બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે.

**તુલા (ર,ત)**
ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે.

**વૃશ્ચિક (ન,ય)**
તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. મિત્રો તથા સંબંધીઓ તમારી તરફેણ કરશે અને તમે તેમની સોબતમાં ખાસ્સા ખુશ રહેશો.

**ધન (ભ,ધ,ફ)**
આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો। આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો.

**મકર (ખ,જ)**
ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે.

**કુંભ (ગ,શ,સ)**
આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. જો તમારા મગજ પર તાણ હોય- તો તમારા સંબંધી અથવા નિકટના મિત્ર સાથે વાત કરો.

**મીન (દ,ચ,ઝ,થ)**
તમારી નફરતને મારવા માટે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો.

**તંત્રીની કલમે...**

**વિક્રમ સંવત 2081 મહા સુદ-11**

# અમેરિકાનું ઘમંડ, ભારતીયોને અયોગ્ય રીતે પાછા મોકલવામાં આવ્યા

અમેરિકાએ ગઈકાલે પોતાના લશ્કરી વિમાનમાં જે 104 ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને ભારત મોકલ્યા હતા, તેમને ઉડાન દરમિયાન હાથકડી પહેરાવીને પગ સાંકળોથી બાંધી દેવામાં આવ્યા હતા. અમેરિકાએ ગેરકાયદેસર રીતે દેશમાં પ્રવેશેલા ભારતીયોને અયોગ્ય રીતે પાછા મોકલ્યા તે અંગે સંસદમાં વ્યક્ત કરાયેલ વાંધો અને ગુસ્સો વાજબી છે. નિ:શંકપણે, અમેરિકા કે અન્ય કોઈપણ દેશને ગેરકાયદેસર રીતે દેશમાં પ્રવેશેલા લોકોને તેમના સંબંધિત દેશોમાં પાછા મોકલવાનો અધિકાર છે, પરંતુ તેમને હાથકડી અને બેડીઓ પહેરાવીને અમાનવીય રીતે મોકલવાનું કોઈ વાજબી કારણ નથી. અમેરિકાએ ગઈકાલે પોતાના લશ્કરી વિમાનમાં જે 104 ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને ભારત મોકલ્યા હતા, તેમને ઉડાન દરમિયાન હાથકડી પહેરાવીને પગ સાંકળોથી બાંધી દેવામાં આવ્યા હતા. છેવટે, આ કરવાની શું જરૂર હતી? એ વાત સાચી છે કે આ ભારતીયો ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશ્યા હતા, પરંતુ જ્યારે તેમને ત્યાંથી કાઢી મૂકવામાં આવ્યા ત્યારે તેઓ ઓછામાં ઓછા સામાન્ય ગૌરવના હકદાર હતા.વિમાનમાં ચઢ્યા પછી, કોઈ પ્રતિકાર થવાની કે તેમના ભાગી જવાની કોઈ શક્યતા નહોતી. અમેરિકાથી ભારત સુધીની 20 કલાકથી વધુની લાંબી મુસાફરી પછી પણ, તેમને એક લશ્કરી વિમાનમાં મોકલવામાં આવ્યા જેમાં શૌચાલયનો ઉપયોગ કરવો પણ મુશ્કેલ હતું. ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સમાં મહિલાઓ અને બાળકો પણ હતા તે વાતને પણ અવગણી શકાય નહીં. તેમના પ્રત્યે પણ અસંવેદનશીલતા દર્શાવવામાં આવી. અમેરિકા ભૂતકાળમાં પણ ભારતમાંથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પાછા મોકલી રહ્યું છે. ઓબામા અને બિડેનના કાર્યકાળ દરમિયાન ઘણા ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પાછા મોકલવામાં આવ્યા હતા, પરંતુ આ પહેલીવાર છે જ્યારે તેમની સાથે અમાનવીય વર્તન કરવામાં આવ્યું છે. ભારતે આ અંગે પોતાનો વાંધો નોંધાવવો જોઈએ. આ બધું એટલા માટે વધુ મહત્વનું છે કારણ કે તે તેના ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પાછા લેવા સંમત થયો છે. શરમજનક વાત છે કે માનવાધિકાર અને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સના અધિકારોનું રક્ષણ કરતું અમેરિકા, આપણા લોકો સાથે ખતરનાક ગુનેગારો અથવા આતંકવાદીઓ જેવું વર્તન કરે છે. એ વાત સાચી છે કે ટ્રમ્પે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સના દેશનિકાલને ચૂંટણીનો મુદ્દો બનાવ્યો હતો અને હવે તેઓ બતાવવા માંગે છે કે તેઓ આ મુદ્દા પર કોઈ છૂટછાટ આપવાના નથી, પરંતુ આનો અર્થ એ નથી કે તેમણે એવું કંઈ કરવું જોઈએ જેનાથી ભારત જેવા સાથી અને મૈત્રીપૂર્ણ દેશને અસ્વસ્થતા થાય. ભારતે ટ્રમ્પ વહીવટીતંત્રને એ પણ કહેવું જોઈએ કે ગેરકાયદેસર પ્રવેશના આરોપમાં પકડાયેલા ભારતીયોને લશ્કરી વિમાન દ્વારા અમેરિકા મોકલવાની કોઈ જરૂર નહોતી.

# વિશ્વની સૌથી ખૂંખાર મહિલા સીરીયલ કિલર

## 25 વર્ષમાં 800થી વધુ સ્ત્રીઓની હત્યા કરાવી

**તમે દુનિયાના ઘણા એવા સીરિયલ કિલરની વાર્તા તો સાંભળી જ હશે, જેમણે પોતાના પાગલપનને કારણે અનેક નિર્દોષ લોકોની હત્યા કરી છે. પરંતુ અમાનવીયતાની તમામ હદો વટાવનાર કોઈ મહિલા સિરિયલ કિલર વિશે ભાગ્યે જ સાંભળ્યું હશે. આ સીરિયલ કિલરનું નિશાન કુંવારી છોકરીઓ હતી, જેમની હત્યા કર્યા પછી તે કલાકો સુધી તેમના લોહીમાં નહાતી હતી. અમે વાત કરી રહ્યા છીએ હંગેરીની એલિઝાબેથ બાથોરીની. એલિઝાબેથ બાથરીને ઈતિહાસની સૌથી ખતરનાક મહિલા તરીકે ઓળખવામાં આવે છે. ઈતિહાસમાં એલિઝાબેથ બાથરીના આ કાળા કારનામાની તારીખ 1585 અને 1610ની વચ્ચે જણાવવામાં આવી છે. આ દરમિયાન તેણે 600 થી વધુ છોકરીઓની હત્યા કરી હતી અને તેમના લોહીમાં ન્હાવી દીધી હતી. એવું કહેવાય છે કે એલિઝાબેથ બાથોરીએ તેના મહેલમાં તમામ હત્યાઓ કરી હતી. કારણ કે, એલિઝાબેથ બાથોરી હંગેરિયન સામ્રાજ્યના અત્યંત પ્રભાવશાળી બાથોરી પરિવારની હતી. તેણીના લગ્ન ફેરેન્ક નાડેસ્ડી નામના વ્યક્તિ સાથે થયા હતા, જે તુર્કો સામેના યુદ્ધમાં હંગેરિયન રાષ્ટ્રીય હીરો હતા. કહેવાય છે કે એલિઝાબેથનો પતિ જીવતો હતો ત્યારે પણ તે છોકરીઓને પોતાનો શિકાર બનાવતી હતી, પરંતુ વર્ષ 1604માં તેના પતિના અવસાન બાદ તેની ગુનાખોરી વધી ગઈ હતી. એલિઝાબેથ સ્લોવેનિયાના ચાચીસમાં તેના મહેલમાં રહેતી હતી અને અહીં પણ તે પોતાનો ગુનો કરતી હતી. આ ગુનામાં તેના ત્રણ નોકરોએ પણ તેને પૂરો સાથ આપ્યો હતો. પહેલા તે ગરીબ છોકરીઓને નોકરીના બહાને પોતાના મહેલમાં બોલાવતો હતો અને બાદમાં તેનો શિકાર કરતો હતો.**





### 800 હત્યાઓ કરી, છતાં કંઈ થયું નહીં

તપાસમાં, એલિઝાબેથના નોકરોએ હત્યાની હૃદયદ્રાવક વાર્તાઓ કહી. એલિઝાબેથ અને તેના નોકરોને 80 હત્યાઓ માટે દોષિત ઠેરવવામાં આવ્યા હતા, જ્યારે પુરાવા 800 થી વધુ હત્યાના હતા. તે શાહી પરિવારમાંથી હોવાથી અને શાહી પરિવારના લોકોને ફાંસી આપવાની કોઈ જોગવાઈ ન હોવાથી તેને ખાલી એક રૂમમાં બંધ કરી દેવામાં આવી હતી. એલિઝાબેથ સાડા ત્રણ વર્ષ સુધી રૂમમાં બંધ રહ્યા બાદ મૃત્યુ પામી હતી.

### નાજુક અંગોને નુકસાન

એવું કહેવાય છે કે એલિઝાબેથ પહેલા છોકરીઓને બંધક બનાવીને મારતી હતી, પછી તેમના હાથ-પગ બાળી નાખતી હતી. એટલું જ નહીં તે તેમના નાજુક અંગોને પણ નુકસાન પહોંચાડતી હતી. કેટલીકવાર તે પોતે જ તેને દાંત વડે કરડતી હતી. તેની હત્યા કર્યા પછી, તેણીએ તેનું લોહી એક ટબમાં એકઠું કર્યું અને કલાકો સુધી તે સાથે સ્નાન કર્યું. કહેવાય છે કે જ્યારે આ વિસ્તારમાં છોકરીઓની સંખ્યા ઘણી ઓછી થઈ ગઈ ત્યારે તેણે ઉચ્ચ પરિવારની છોકરીઓને પોતાનો શિકાર બનાવવાનું શરૂ કર્યું. જ્યારે હંગેરીના રાજાને આ વાતની ખબર પડી તો તેમણે મામલાની તપાસ કરાવી, તો મામલો સામે આવ્યો. તપાસ ટીમે એલિઝાબેથના મહેલમાંથી કેટલીક છોકરીઓના હાડપિંજર અને સોના-ચાંદીના દાગીના જપ્ત કર્યા હતા.

### પતિ પણ એવો જ મળ્યું

એલિઝાબેથ બાથરીના લગ્ન 15 વર્ષની ઉંમરે ફેરેન્ક II નાડાસ્ડી નામના વ્યક્તિ સાથે થયા હતા, જે 19 વર્ષની હતી. તુર્કો સામેના યુદ્ધમાં તે હંગેરીનો હીરો હતો. એલિઝાબેથે તેના પતિની સામે સુંદર નિર્દોષ છોકરીઓનું લોહી વહાવ્યું. કુંવારી છોકરીઓને મારવી તેનો શોખ બની ગયો હતો. એલિઝાબેથને ત્રણ પુત્રીઓ અને એક પુત્ર હતો. તેમના પતિનું 1604માં 48 વર્ષની વયે અવસાન થયું હતું. તે પછી તે સ્લોવાકિયા ગયો. તેણે હત્યા કરવામાં અને છોકરીઓને ત્રાસ આપવામાં મદદ કરવા માટે નોકરો રાખ્યા.

### સુંદર છોકરીઓને ધિક્કારે છે

એલિઝાબેથ સુંદર છોકરીઓને નફરત કરતી અને તેમને નુકસાન પહોંચાડતી. આટલું જ નહીં, તે તેને યુવાન રાખશે તેવું વિચારીને તેના લોહીમાં સ્નાન કરતી હતી. પોતાની સુંદરતા જાળવવાની આડમાં તેણે 600 થી વધુ સુંદર છોકરીઓની હત્યા કરી હતી. આ જ કારણ છે કે એલિઝાબેથને ઈતિહાસની સૌથી ખરાબ મહિલા ખૂની કહેવામાં આવે છે.

### સુંદરતા જાળવવા માટે લોહીમાં સ્નાન કરતી હતી

1610 માં, એલિઝાબેથ બાથરીને તેના જઘન્ય અપરાધ માટે ધરપકડ કરવામાં આવી હતી. જે બાદ તેને તેના જ મહેલના એક રૂમમાં કેદ કરવામાં આવ્યો હતો. ચાર વર્ષ પછી 21 ઓગસ્ટ, 1614ના રોજ તેમનું અવસાન થયું. એવું માનવામાં આવે છે કે એલિઝાબેથ ખૂબ જ સુંદર હતી અને તે પોતાની સુંદરતા જાળવી રાખવા માંગતી હતી. તેથી જ તેણે છોકરીઓના લોહીથી નહાવાનું શરૂ કર્યું અને 600થી વધુ છોકરીઓ મૃત્યુ પામી.

### આ રીતે યુવતીઓને મારવાની પ્રક્રિયા શરૂ થઈ

એકવાર એક છોકરી એલિઝાબેથને તૈયાર કરવામાં મદદ કરી રહી હતી, જ્યારે તેણે ભૂલથી એલિઝાબેથના વાળ ખેંચી લીધા. એલિઝાબેથે તેને એટલી જોરથી થપ્પડ મારી કે છોકરીના ચહેરા પરથી લોહી નીકળવા લાગ્યું. જ્યારે તેણે તે જ જગ્યાએ ફરી છોકરીને ટક્કર મારી ત્યારે તેના હાથમાંથી લોહી નીકળ્યું. તે રાત્રે, એલિઝાબેથને સમજાયું કે જે જગ્યાએ છોકરીનું લોહી લગાવવામાં આવ્યું હતું, તેની ત્વચા વધુ જુવાન અને સુંદર બની ગઈ હતી.



# પુરુષોની સામાન્ય આદતથી આવી શકે છે ગંભીર પરિણામ



શું તમે પણ તમારું વોલેટ પેન્ટનાં પાછળના ખિસ્સામાં રાખો છો? તો તમને ફેટ વોલેટ સિન્ડ્રોમની બીમારી થઈ શકે છે. લાંબા સમય સુધી પુરુષો વોલેટને તેમના પેન્ટનાં પાછળના ખિસ્સામાં રાખતા હોય છે. આ નાની આદતથી 'પિરીફોર્મિસ સિન્ડ્રોમ' નામની બીમારી થઈ શકે છે. જેને સામાન્ય ભાષામાં ફેટ વોલેટ સિન્ડ્રોમ પણ કહેવામાં આવે છે. પુરુષો હંમેશા પર્સને જીન્સના પાછળનાં ખીસ્સામાં રાખે એ ખુબ સામાન્ય વાત છે. પર્સની સાથે પૈસા, ક્રેડીટ કાર્ડ , ડેબીટ કાર્ડ જેવા કાર્ડને પણ પોકેટમાં રાખવાની આદત હોય છે. કદાચ તમને ખબર નહી હોય પણ તમારી આ આદત ગંભીર પરિણામ આપી શકે છે. હાલમાં જ 30 વર્ષના એક વ્યક્તિને ફેટ વોલેટ સિન્ડ્રોમની બીમારી થઈ હતી. શરુઆતમાં તેમણે આ કોઈ નાની મોટી નસની બિમારી સમજી અવગણના કરી પરંતુ ત્યાર બાદ શરીરમાં અનેક સમસ્યા અને દુખાવામાં સતત વધારો થતો ગયો. જે માટે તેમણે ઘણી દવા કરી પણ કોઈ ફરક ન પડતા તેમણે ડૉક્ટર પાસે ચેકઅપ કરાવ્યુ. જે તપાસ બાદ ડોકટરે જણાવ્યુ કે આ વ્યક્તિ 10 કલાકો સુધી પોતાનું પર્સ ડાબી બાજુના ખીસ્સામાં રાખતો હતો જેથી ડાબા નિતંબથી પગ સુધી વ્યક્તિને ખુબ જ દુખાવો થતો હતો.

### 'ફેટ વૉલેટ સિન્ડ્રોમ' બીમારી શું છે ?

ફેટ વોલેટ સિન્ડ્રોમ' બીમારીમાં માણસને ઉભા થવાની કે ચાલવાની સરખામણીમાં બેસવા કે ઉઘવાનાં સમયે વધારે પીડા થાય છે. લાંબા સમય સુધી પુરુષો વોલેટને તેમના પેન્ટનાં પાછળના ખિસ્સામાં રાખતા હોય છે. આ નાની આદતથી 'પિરીફોર્મિસ સિન્ડ્રોમ' નામની બીમારી થઈ શકે છે. જેને સામાન્ય ભાષામાં ફેટ વોલેટ સિન્ડ્રોમ પણ કહેવામાં આવે છે.

### શુ છે આ બીમારીનો ઈલાજ

આ બીમારીનો ઈલાજ મેડીકલ, સર્જરી અને ફિઝીયોથેરાપીથી થઈ શકે છે. તેમજ આ સીન્ડોર્મથી રાહત મેળવા માટે પેઈન કિલર અને એન્ટી -ઈન્ફેલેમેટરી આપવામાં આવે છે. એને દર્દીને અમુક મસલ્સ સ્ટ્રેચિંગની કસરતો પણ કરવવામાં આવે છે જેથી દર્દીને ઝડપથી આરામ મળી રહે.

### 'ફેટ વૉલેટ સિન્ડ્રોમ'નાં ખતરાનાક પરિણામો

ડોકટરના જણાવ્યા મુજબ, ફેટ વોલેટ સિન્ડ્રોમ' ભારે પર્સને પોકેટમાં રાખવાથી શરીરની માંસપેશી પર દબાવ પડે છે જેના કારણે કરોડરજ્જુથી પગ સુધી દોડતી સાયટિકા નસ પર દબાણ અનુભવાય છે. સાયટિકા નસ પર થતા દબાણનાં કારણે વ્યક્તિને અસહ્ય દુખાવો થાય છે. ખાસ કરીને ઓફીસમાં કામ કરતા લોકો અને ડ્રાઈવરો જે લાંબા સમય સુધી પાકીટને પાછળનાં ખીસ્સા રાખતા હોય છે તેમને કમરથી લઈને પગના પંજા સુધી દુખાવો થાય છે અને બ્લડનું સરક્યુંલેશન અટકે છે અને ક્યારેક નસોમાં સોજો પણ ચડી જાય છે.

### આ પરિસ્થતિથી કેવી રીતે બચવું ?

તમારા પર્સને જેકેટ, ટી શર્ટમાં રાખવું જેથી શરીરના નીચેના ભાગ પર દબાણ નહી આવે. જો તમે પર્સને પેન્ટનાં પાછળનાં ખિસ્સામાં જ રાખવા માંગતા હોય તો પર્સનાં ભારને ઓછો કરી દેવો .જેથી બીમારી થવાની સંભાવના ઓછી થશે જશે.

# 13 થી 18 વર્ષના કિશોરોના ખોરાક અંગે થયેલા નવા અભ્યાસનો ખુલાસો

## આ વર્ષો મહત્ત્વનાં હોય છે. તેમાં શું ખાવું તે સમજવું જરૂરી



૧૩થી ૧૮ વર્ષનાં કિશોર-કિશોરીઓ પોતાની રીતે જ પોતાની ફૂડ-હેબિટ બતાવે છે. તેમને સમજાવવું જોઇએ કે, શું ખાવું શું ન ખાવું, તેમને માટે સારૂં છે : જેથી તેઓ ભવિષ્યમાં પણ તે અંગે સજાગ રહે. તેમ કહેતાં 'એઈમ્સ'નાં ચીફ ડાયેટિશ્યન પરમિત કૌર જણાવે છે કે સૌથી પહેલાં તો તેઓને 'જંક-ફૂડ' આચર-કુચર નહીં ખાવા માટે ઘંટીને સમજાવવાં જોઇએ. કારણ કે તેથી ખરા અર્થમાં સ્ટેમિના મળતી નથી. માત્ર પેટ ભરાઈ જાય છે. વળી તે જંક ફૂડ નુકસાનકારક પણ હોય છે તેઓએ દેશનાં છ રાજ્યો, ગુજરાત, પંજાબ, મહરાષ્ટ્ર, છત્તીસ ગઢ, આસામ અને તમિલનાડુમાં આ અંગે સર્વે હાથ ધર્યો હતો. તેમાં જણાવવામાં આવ્યું હતું કે, આ વર્ષથી જ (૧૩માં વર્ષથી) કિશોરોમાં પ્યુબર્ટી સાયકલ અને કિશોરીઓમાં મેન્સ્ટ્રઅલ સાયકલ શરૂ થાય છે. સાથે હાઈટ પણ વધે છે. હાર્મોનલ ચઢાવ-ઉતારને લીધે ઘણીવાર અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત પણ નથી થતું તેવા સંજોગોમાં તેમને ફીઝીકલી તેમની મેન્ટલી ફીટ રાખવા માટે નિશ્ચિત પ્રકારનો ડાયેટ જરૂરી હોય છે. જેથી પોષક તત્ત્વોનો ઈન્ટેઈક વધે.

તેમણે જણાવ્યું છે કે; ગુજરાતમાં પોષણ સંબંધી સૌથી ઓછી જાગરૂકતા છે. તેમાં ઉચ્ચ સ્તરનાં સોડીયમ, અને ઉચ્ચ પ્રકારનાં પ્રસંસ્કૃત (સારી ક્વોલિટી)ના ખાદ્ય પદાર્થોનો ઉપયોગ ઓછો થાય છે.

તેઓએ દેશનાં ઉક્ત છએ રાજ્યોમાં ડાયેટ સંબંધી તપાસ હાથ ધરી હતી તેમાં જાણવા મળ્યું કે કેટલાક એવા ખાદ્ય પદાર્થો લેવામાં આવે છે. જેથી જાડ પણ વધે છે પરંતુ સાચા અર્થમાં પોષણ મળતું નથી. આ પરિસ્થિતિ હાનીકારક છે. જાડ-પણ આગળ જતાં પ્રૌક્ષ ઉમર થતાં ડાયાબીટીસ બ્લડ પ્રેશર જેવા રોગોને આમંત્રે છે. તેનાં પરિણામે, હૃદય ઉપર પણ સમય જતાં અસર થાય છે. માટે જંક ફૂડ એવોઇડ કરી ખરા અર્થમાં પોષણ યુક્ત આહાર જરૂરી છે.

આ માટે તેઓએ ચાર્ટસ પણ તૈયાર કર્યા છે. જે આ તબક્કે તો સ્થળ સંકોચને લીધે રજૂ થઈ શકે તેમ નથી. પરંતુ પોષણ અને આરોગ્ય સંબંધી જર્નલ કરન્ટ ડેવલપમેન્ટ ઈન ન્યુટ્રિશનમાં પ્રકાશિત આ અભ્યાસને માટે યુજીસી દ્વારા પણ આર્થિક સહાય આપવામાં આવી છે. તે જર્નલમાં પણ સ્પષ્ટતા જણાવવામાં આવ્યું છે કે જંક ફૂડ નુકસાનકર્તા છે. વધુ પડતી સ્યુગર વધુ પડતાં સોડીયમ (સોડીયમ-ક્લોરાઇડ કોમન સોલ્ટ) નુકસાન કર્તા છે તે તો સર્વવિદિત છે. માટે, તેવા ખાદ્ય પદાર્થોથી દૂર રહી ન્યુટ્રિશન (પોષણ) આપે તેવા આહાર તરફ જ વળવું અનિવાર્ય ચે.

આપણે જોયું કે ગુજરાતીઓ વધુ પડતા ગળ્યા અને તળ્યા પદાર્થોના શોખીન છે પરંતુ સાચા અર્થમાં પોષણ આપે તેવા પદાર્થોથી દૂર રહે છે. જે પરિસ્થિતિમાં પરિવર્તન લાવવું અનિવાર્ય છે. પોષણયુક્ત ખોરાક અંગે તો બાળપણથી જ પાઠયપુસ્તકોમાં જણાવવામાં આવે છે. બીજી તરફ માતા-પિતાએ જ જંક ફૂડથી દૂર રહી પોષણયુક્ત ખોરાક લેવો જોઈએ અને સંતાનોને તે તરફ વાળવાં જોઈએ તેમ પણ ડૉ. પરમિત કૌરનું કહેવું છે.

# દુનિયામાં વંદાની 4600 જેટલી પ્રજાતિઓ છે



બાળકો, તમે ક્યાંક ને ક્યાંક વંદાને જોયો જ હશે. એવું કહેવાય છે કે કરોડો વર્ષ પહેલાં વંદા ધરતી ઉપર આવ્યા હતા. વંદો જંતુ વર્ગનું સર્વાહારી, નિશાચાર પ્રાણી છે, જે અંધારામાં વધારે જોવા મળે છે. તે ગરમી ધરાવતાં સ્થાનોમાં જેમ કે, રસોડા, ગોદામ, અનાજ અને કાગળના ભંડારોમાં જોવા મળે છે. દુનિયાભરમાં વંદાની આશરે 4600થી વધુ પ્રજાતિઓ છે. એમાંથી અનેક પ્રજાતિઓ તો લુપ્ત થઇ ચૂકી છે. આશરે 30 પ્રજાતિઓ જ માણસની વચ્ચે નિવાસ કરે છે. એમાંથી અમુક વંદા તો ઊડી શકે એવા હોય છે. વંદો એક-બે નહીં, પરંતુ 40 મિનિટ સુધી પોતાનો શ્વાસ રોકી શકે છે. આ કારણે વંદા પાણીની અંદર 30 મિનિટ જીવિત રહી શકે છે. વંદાનું આયુષ્ય એક વર્ષ જેટલું હોય છે. વંદાને તમે જમીન ઉપર દોડતો જોયો હશે. તેની દોડવાની સ્પીડ જોરદાર હોય છે. તે એક સેકન્ડમાં પાંચ મીટરની ઝડપથી દોડી શકે છે. સાઉથ અમેરિકામાં વિશ્વનો સૌથી મોટો 6 ઇંચનો વંદો મળી આવ્યો હતો. સામાન્ય વંદા આશરે બે ઇંચના જ હોય છે. સામાન્ય રીતે વંદાને ચાર પગ હોય છે એવું આપણને લાગે છે, પરંતુ હકીકતમાં વંદાને 18 પગ હોય છે. જેમ માણસના માથા પર વાળ ઊગે છે, તેમ જ વંદાનો પગ તૂટી જાય તો નવા પગ ઊગી નીકળે છે. વંદા પુસ્તક, અનાજ, સાબુ, ચામડું, ગ્રીસ, આપણા વાળ પણ ખાઈ શકે છે. એવું કહેવાય છે કે વિવિધ પ્રકારના 33 જાતના બેક્ટેરિયા વંદા દ્વારા ફેલાય છે, જે ઘણા ખરા અંશે બાળકોમાં એલર્જી અને અસ્થમા થવા પાછળ જવાબદાર છે.તમને જાણીને નવાઇ લાગશે કે વંદો માથા વગર એક અઠવાડિયા સુધી જીવિત રહી શકે છે. આપણને નવાઇ લાગે કે કોઇ વ્યક્તિ કે જીવજંતુ માથા વગર કઇ રીતે રહી શકે! પણ વંદાની આ ખાસિયત છે. તેના શરીરની રચના અલગ પ્રકારની હોય છે. બીજું, તે માથા વડે શ્વાસ નથી લેતું, પરંતુ તેના શરીર પર નાનાં નાનાં છિદ્રો હોય છે. આ છિદ્રોમાંથી તે શ્વાસ લે છે. તેથી માથું કપાયા બાદ તે શ્વાસ લઇ શકે છે અને જીવિત રહી શકે છે. વંદો શરીરમાં વધારે પ્રમાણમાં પ્રોટીન ભેગું કરી રાખે છે, જેથી તેનું માથું કપાઇ જાય છે ત્યારે તે એના સહારે જીવિત રહી શકે છે. પછી ભૂખ અને તરસને કારણે તે મરી જાય છે, કારણ કે વંદા ખાવા-પીવાનું કામ માથાથી કરે છે. વંદા એકસાથે 10થી 30 ઇંડાં મૂકી શકે છે.



# સ્વાસ્થ્યની સાથેસાથે ખૂબસૂરતી માટે પણ ફાયદાકારક હેલ્થી ડ્રિન્કસ

સ્વાસ્થયના ફાયદા માટે લોકો વિવિધ પ્રકારના ઘરગત્થુ પીણાં પીતા હોય છે, જેમાંના અમુક પીણાં એવા છે કે, તેના સેવનથી ખૂબસૂરતી પણ નિખારી શકાય છે.

### હળદરયુક્ત દૂધ

હશદરવાળું દૂધ સાંધાના દુખાવા, સોજાને ઊતારનારું અને શરદી-ઊધરસમાં રાહત આપનારું પીણું છે. હળદરમાં એન્ટી ઓક્સીડન્ટ અને એન્ટી ઈન્ફલેમેટરી ગુણ સમાયેલા હોય છે જે ચહેરા પરને ખીલને ઓછા કરવામાં સહાયરૂપ છે.

### દાડમનો રસ

દાડમના રસમાં એન્ટી ઓક્સીડન્ટસ પ્રચૂરમ ાત્રામાં સમાયેલા હોય છે. જે સોજાને ઓછા કરે છે જેથી દુખાવામાં રાહત થાય છે. તેમજ અમુક પ્રકારના આર્થરાઈટસમાં દાડમના રસનું સેવન ગુણકારી નીવડે છે. તે ઈમ્યૂનિટી વધારનાર તેમજ વિટામિન સીથી સમૃદ્ધ છે. તેના સેવનથી ત્વચા ચમકીલી થાય છે.

### તકમરિયાનું પાણી

તમરિયાનું પાણી બ્લડ સુગરને નિયંત્રણમાં રાખે છે. વજન ઘટાડવામાં મદદ કરે છે. તેમજ પાચનક્રિયાને સુધારે છે અને કબજિયાતમાં રાહત આપે છે. જ્યારે સુંદરતાની દ્રષ્ટિએ તકમરિયાનું પાણી ત્વચાને ચમકીલી કરે છે.

### નારિયેળ પાણી

નાળિયેર પાણી શરીરને હાઈડ્રેટ કરે છે અને આશ્ચરજનક માત્રામાં પોટેશિયમ પ્રદાન કરે છે.પોશેટિશમ હૃદયના ધબકારા માટે ગુણકારી છે. તેમજ બ્લડ પ્રેશરને નિયત્રિત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. નાળિયેર પાણીનું સેવન વાળ માટે ગુણકારી છે. તે વાળને ચમકીલા રાખે છે અને વાળની વૃદ્ધિ કરવામાં સહાય કરે છે.

### આદુ અને લીંબુનું પાણી

આદુ અને લીંબુ બન્નેમાં એન્ટી ઓક્સીડન્ટસ ગુણ સમાયેલા હોય છે. જેના સેવનથી ત્વચા પાચનક્રિયા સુધરે છે, શરદીમાં રાહત થાય છે. આ પીણું ત્વચા માટે પણ ફાયદાકારક છે, તે ત્વચાને હેલ્ધી બનાવામાં મદદ કરે છે.

### ગ્રીન ટી

ગ્રીન ટીમાં ભરપુર પ્રમાણમાં પોલીફેનોલલ્સ હોય છે, જે ઘણા પ્રકારના કેન્સર માટે ફાયદાકારક છે. તે બ્રેસ્ટ કેન્સરને પણ રોકવામાં મદદ કરે છે. સંશોધનથી જાણવા મળ્યું છે કે, ભોજન પછી બ્લડ સુગરમાં થતી વૃદ્ધિને ઓછું કરવામાં મદદ કરે છે.

નાના બાળકોથી માંડીને મોટાંઓમાં પણ ચોકલેટ ખાવાની આદત જોવા મળે છે. આ આદત સિવાય કેટલાક લોકો મૂડ સ્વિંગમાં પણ ચોકલેટનું સેવન કરે છે. ચોકલેટમાં પણ ડાર્ક ચોકલેટનું સેવન હેલ્થ માટે લાભદાયી માનવામાં આવે છે. જો તમે પણ ડાર્ક ચોકલેટ ખાવાની વારંવારની ઈચ્છા ધરાવો છો તો તમારા શરીરને પણ કેટલાક ખાસ ફાયદા થાય છે.

# તમને પણ છે ડાર્ક ચોકલેટ ખાવાની આદત



### ડાર્ક ચોકલેટમાંથી શું મળે છે

ડાર્ક ચોકલેટમાં 11 ગ્રામ ફાઈબર, 66 ટકા આયર્ન, 57 ટકા મેગ્નેશિયમ, 196 ટકા કોપર અને 85 ટકા મેંગેનીઝ જેવા ઘણા પોષક તત્વો હોય છે જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. આ સાથે જ તેમાં અન્ય ચોકલેટ કરતાં વધુ કોકો અને ઓછી ખાંડ હોય છે. એટલું નહીં આ ડાર્ક ચોકલેટ સામાન્ય રીતે દૂધની ચોકલેટ કરતાં વધુ ફાયદાકારક અને ઓછી મીઠી હોય છે.

### ડાર્ક ચોકલેટના ફાયદા

ડાર્ક ચોકલેટનું સેવન હૃદય રોગ માટેના ઘણા મોટા જોખમી પરિબળોને ઘટાડે છે. આમાંનું એક ઉચ્ચ કોલેસ્ટ્રોલ છે. ફ્લેવેનોલ લાઈકોપીનથી સમૃદ્ધ હોવાને કારણે, ડાર્ક ચોકલેટ કુલ કોલેસ્ટ્રોલ, એલડીએલ (ખરાબ) કોલેસ્ટ્રોલ અને ટ્રાઈગ્લિસરાઈડ્સનું સ્તર ઘટાડે છે. ડાર્ક ચોકલેટમાં હાજર વસ્તુઓ એલડીએલથી રક્ષણ પૂરું પાડે છે, જે હૃદય રોગનું જોખમ પણ ઘટાડે છે.

### સ્ટ્રેસ ઘટાડવામાં મદદરૂપ

ડાર્ક ચોકલેટ સ્ટ્રેસને ઘટાડવામાં અસરકારક છે. આ ખાવાથી તમારો મૂડ સારો થાય છે. ડાર્ક ચોકલેટમાં જોવા મળતા તત્વો ચિંતા પેદા કરતા કોર્ટિસોલ હોર્મોનને નિયંત્રિત કરે છે.

### ત્વચા માટે લાભદાયી

ડાર્ક ચોકલેટમાં રહેલા બાયોએક્ટિવ સંયોજનો તમારી ત્વચા માટે પણ ખૂબ સારા હોઈ શકે છે. તેમાં હાજર ફ્લેવેનોલ્સ સૂર્યના નુકસાનથી થતા નુકસાનને અટકાવે છે. ત્વચામાં લોહીના પ્રવાહમાં સુધારો કરી શકે છે અને ત્વચાને ચુસ્ત અને હાઈડ્રેટેડ રાખી શકે છે.

### ડાયાબિટીસમાં પણ આપે છે ફાયદો

ડાયાબિટીસમાં ચોકલેટનું સેવન વિચિત્ર લાગશે પરંતુ કેટલાક અભ્યાસોએ દર્શાવ્યું છે કે ડૉક્ટર દ્વારા નિર્દેશિત કોકોથી ભરપૂર ડાર્ક ચોકલેટ આ રોગમાં ખરેખર ફાયદાકારક હોઈ શકે છે કારણ કે તેમાં રહેલા પોષક તત્વો શરીરમાં ગ્લુકોઝનું ચયાપચય કરવામાં મદદ કરે છે. ઈન્સ્યુલિન પ્રત્યે તમારા શરીરની સંવેદનશીલતામાં સુધારો કરીને, ઈન્સ્યુલિન પ્રતિકાર ઘટાડે છે અને ડાયાબિટીસ જેવા રોગોનું જોખમ પણ ઓછું થાય છે.



# રસોડાની 3 વસ્તુથી એકપણ રૂપિયાના ખર્ચ વિના મળશે નિખાર



આજકાલ આપણી ત્વચા ધૂળ, વિચિત્ર ફૂડ હેબિટ, સ્ટ્રેસ અને અપૂરતી ઊંઘને કારણે નિસ્તેજ થઈ જાય છે. ચહેરાની કુદરતી ચમક ઊડી જાય છે. જો તમે તમારી સ્કીનની ચમક કાયમ રાખવા ઈચ્છો છો તો તમે મોંઘી બ્યુટી પ્રોડક્ટ્સના બદલે રસોડાની વસ્તુઓની મદદ લઈ શકો છો. તેનાથી તમે એકપણ રૂપિયાના એક્સ્ટ્રા ખર્ચ વિના સ્કીનને યુવાન અને ગ્લોઈંગ બનાવી શકો છો. તો જાણો કયો સરળ અને ઘરેલૂ ઉપાય કરવાથી તમારી સ્કીનને ફાયદો થઈ શકે છે.

### ફેસપેક બનાવવાની સરળ રીત

એક બાઉલમાં 2 ચમચી ચણાનો લોટ લો. તેમાં 2 ચમચી દહીં ઉમેરો. હવે તેમાં એક ચપટી હળદર ઉમેરો અને બધી સામગ્રીને સારી રીતે મિક્સ કરો અને સ્મૂધ પેસ્ટ બનાવો. આ પેસ્ટને તમારા સાફ ચહેરા અને ગરદન પર સરખી રીતે લગાવો. તેને 15-20 મિનિટ સુકાવવા દો. સુકાઈ ગયા પછી ચહેરાને હૂંફાળા પાણીથી ધોઈ લો અને સ્વચ્છ ટુવાલ વડે સૂકવી લો. તમારા ચહેરાને નવી ચમક મળશે અને કરચલીઓ પણ ધીમેધીમે ઘટશે.

### ફેસપેકથી શું થશે ફાયદો

**ચણાનો લોટ |** ચણાનો લોટ ત્વચા માટે કુદરતી એક્સ્ફોલિયેટર તરીકે કામ કરે છે. તે ત્વચામાંથી ગંદકી અને મૃત કોષોને દૂર કરે છે અને તેને સ્વચ્છ અને નરમ બનાવે છે.

**દહીં |** દહીંમાં હાજર લેક્ટિક એસિડ ત્વચાને ભેજ પ્રદાન કરે છે અને તેને હાઈડ્રેટ રાખે છે. તે ત્વચાને નરમ અને ચમકદાર બનાવે છે.

**હળદર |** હળદરમાં એન્ટિસેપ્ટિક અને એન્ટીબેક્ટેરિયલ ગુણ હોય છે, જે ત્વચાને ચેપથી બચાવે છે અને તેને સ્વસ્થ બનાવે છે. હળદર ત્વચાના રંગને સુધારવામાં પણ મદદ કરે છે. અઠવાડિયામાં 2-3 વખત આ ઘરેલુ ઉપાયની મદદથી સ્કીનમાં ખાસ ફેરફાર જોઈ શકાય છે. આ તમામ વસ્તુઓ તમારી રસોઈમાં હાજર હોવાથી તેને મેનેજ કરવા માટે તમારે ખાસ પ્રયાસ કે ખર્ચ કરવો પડશે નહીં. ધ્યાનમાં રાખો કે કોઈપણ નવી વસ્તુનો ઉપયોગ કરતા પહેલા તમારી ત્વચા પર પેચ ટેસ્ટ કરો, જેથી કોઈપણ પ્રકારની એલર્જીથી બચી શકાય.

# શું કાજલ લગાવવાથી બાળકોની આંખો મોટી થાય છે?



ખરાબ નજરથી બચાવવા માટે મોટાભાગના લોકો કાજલ લગાવે છે. ભારતીય ઘરોમાં બાળકના જન્મના પાંચમા કે છઠ્ઠા દિવસે બાળકોની આંખો પર કાજલ લગાવવાની પરંપરા લાંબા સમયથી ચાલી આવે છે. ઘણીવાર જોવા મળે છે કે નાના બાળકોની આંખોમાં ઘાટી કાજલ લગાવવામાં આવે છે. ઘણા લોકો એવું પણ કહે છે કે તેનાથી બાળકોની આંખો મોટી થાય છે, પરંતુ શું આ ખરેખર સાચું છે? શું બાળકોની આંખો પર કાજલ લગાવવી સલામત છે? ભારતીય ઘરોમાં, દાદી અને માતાઓ બાળકોની આંખો પર ખૂબ કાજલ લગાવે છે અને તે આંખો માટે ફાયદાકારક માનવામાં આવે છે. કદાચ તમે પણ નાનપણમાં તમારી આંખોમાં કાજલ લગાવી હશે. હાલમાં આ અંગે ડોક્ટરનો અલગ મત છે. આપણી આંખોના ઉપરના ભાગમાં એક લૅક્રિમલ ગ્રંથિ છે, જે આંસુ ઉત્પન્ન કરે છે અને જ્યારે આપણી પલક ઝબકાવીએ છીએ, ત્યારે આંસુ કોર્નિયામાં ફેલાય છે અને 'ટીયર ડક્ટ્સ' (જે આંખોના ખૂણામાં હોય છે)માંથી પસાર થાય છે. આંસુ આપણી આંખોની ડ્રાઈનેસ, ગંદકી, ધૂળ વગેરેથી બચાવીને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. બાળ અને બાળરોગ નિષ્ણાંત ડો. શીલા અગલેચા કહે છે કે કાજલ લગાવવાથી આંસુની નળીમાં અવરોધ આવી શકે છે. કાજલ ખૂબ જ ચીકણું હોય છે અને તેના કારણે જ્યારે કાજલ આંખોમાં લગાવવામાં આવે છે ત્યારે તેના પર ધૂળ-માટી ચોંટી જાય છે.

# સરસિયાના તેલમાં 1 વસ્તુ મિક્સ કરી બનાવો તેલ, મળશે કાળા-ચમકદાર વાળ

વાળનું સફેદ થવું એ એક કુદરતી પ્રક્રિયા છે, પરંતુ નાની ઉંમરમાં વાળનું સફેદ થવું એ ચિંતાનો વિષય છે. દરેક વ્યક્તિ ઈચ્છે છે કે તેના વાળ લાંબા સમય સુધી કાળા અને ચમકદાર રહે, પરંતુ કેટલાક કારણોસર નાની ઉંમરમાં જ વાળ સફેદ થવા લાગે છે. કાળા, લાંબા અને ચમકદાર વાળ આપણા વ્યક્તિત્વનો આવશ્યક ભાગ છે. સફેદ વાળથી પરેશાન લોકો કુદરતી પદ્ધતિઓ શોધતા રહે છે. તો તમે પણ જાણી લો કામનો અને અસરકારક ઉપાય.



### આ રીતે તૈયાર કરો તેલ

સૌ પ્રથમ જાસૂદના ફૂલને સારી રીતે ધોઈ લો અને તેને સૂકવી લો. ત્યારબાદ એક પેનમાં સરસિયાનું તેલ ગરમ કરો. ગરમ તેલમાં જાસૂદના ફૂલો ઉમેરો અને તેને ધીમી આંચ પર ઉકાળો. ધ્યાન રાખો કે ફૂલો બળે નહીં. નહીંતર તેલ બગડી શકે છે. ફૂલ અને તેલ સારી રીતે ઉકળી જાય એટલે તેને સારી રીતે ગાળી લો અને તેલને ઠંડુ થવા દો. હવે આ તેલને એક સ્વચ્છ બોટલમાં ભરી લો અને તેનો ઉપયોગ કરો.

### કેવી રીતે કરશો ઉપયોગ

જ્યારે પણ તમે તમારા વાળ ધોવાનું તો તેના પહેલા આ તેલ લગાવો. વાળમાં સારી રીતે માલિશ કરો, જેથી તેલ મૂળ સુધી યોગ્ય રીતે પહોંચે. તેને 1-2 કલાક માટે વાળમાં રહેવા દો અને પછી તેને સાદા પાણીથી ધોઈ લો. આવું અઠવાડિયામાં 2-3 વાર કરો, જેથી તમારા વાળ જલ્દી કાળા થઈ જાય. સફેદ વાળને કાળા કરવા માટે માત્ર આ તેલની જ જરૂર નથી પરંતુ હેલ્ધી ડાયટ અને સારી જીવનશૈલી પણ જરૂરી છે. તેનો નિયમિત ઉપયોગ કરતા પહેલા ડૉક્ટરની સલાહ લો, ખાસ કરીને જેમને ત્વચા સંબંધિત કોઈપણ પ્રકારની સમસ્યા હોય. જાસૂદના ફૂલો અને સરસિયા તેલનું આ મિશ્રણ તમારા વાળના સ્વાસ્થ્યને વધારશે અને સફેદ વાળને કાળા કરવામાં મદદ કરી શકે છે.

# વેલેન્ટાઈન્સ ડેઃ કેલિફોર્નિયા આલ્મંડ્સ સાથે આ મોસમમાં પ્રેમ અને સુખાકારીનો પ્રસાર કરો



વેલેન્ટાઈન્સ ડે એટલે પ્રેમની ઉજવણી અને તમને કાળજી છે તે દર્શાવવાની રીત છે. આવા સંજોગોમાં વિવિધ સ્વાસ્થ્યના લાભોથી ભરચક ભેટ આપીને તમારો પ્રેમ વ્યક્ત કરવાની બીજી કોઈ સારી રીત હોઈ શકે? આ વર્ષે પારંપરિક ભેટો આપવાની પાર જાઓ અને ઉત્તમ સ્વાસ્થ્યની ભેટ આપવાનું અપનાવો. હા, કેલિફોર્નિયા આલ્મંડ્સનું બોક્સ ઉત્તમ ભેટ નીવડી શકે છે. કેલિફોર્નિયા આલ્મંડ્સ ખાવામાં સ્વાદિષ્ટ હોવા સાથે મહત્ત્વપૂર્ણ પોષકોથી સમૃદ્ધ હોય છે, જે એકંદર સુખાકારીમાં યોગદાન આપવા સાથે તમારા વહાલાજનોના સ્વાસ્થ્યની તમને કેટલી કાળજી છે તે પણ દર્શાવે છે.15 મહત્ત્વપૂર્ણ પોષકોમાં સમૃદ્ધ કેલિફોર્નિયા આલ્મંડ્સ વિટામિન ઈ, મેગ્નેશિયમ, આહારી રેસા, હેલ્થ ફેટ્સ અને પ્રોટીનના નૈસર્ગિક સ્રોત ધરાવે છે. ''મેવાઓનો રાજા'' તરીકે જ્ઞાત આ બદામ વ્યાપક શ્રેણીના સ્વાસ્થ્યના લાભો આપે છે. આ નૈસર્ગિક બદામ તમારા રોજના નિત્યક્રમમાં મુઠ્ઠીભર સમાવવાથી હૃદયનું સ્વાસ્થ્ય પ્રોત્સાહિત કરવા, વજનના વ્યવસ્થાપનમાં ટેકો આપવા અને ઈમ્યુનિટી વધારવામાં મદદ કરે છે. આ વિવિધ સ્વાસ્થ્યના લાભોને 200થી વધુ વૈજ્ઞાનિક અધ્યયનોના આધાર સાથે કેલિફોર્નિયા આલ્મંડ્સ સાદા છતાં શક્તિશાળી છે અને કોઈ પણ આરોગ્યવર્ધક જીવનશૈલીમાં નૈસર્ગિક ઉમેરો છે.પ્રેમની મોસમ વિશે બોલતાં અને તેના દૈનિક આહારમાં બદામના મહત્ત્વને આલેખિત કરતાં બોલીવીડની અભિનેત્રી સોહા અલી ખાન કહે છે, "મારે માટે મારા વહાલાજનોને પ્રેમ દર્શાવવો એક તેમના સ્વાસ્થ્યની કાળજી લેવી એવો છે.



# જિંદગી કૈસી હે પહેલી હાય, કભી યે રુલાયે કભી યે હસાયે,



**ખુશીઓનું મીટર**

**- રુપાલી દવે**

"બાબુ મોશય,જિંદગી ઔર મોત ઉપરવાલે કે હાથ મે હે ઉન્કો ના તુમ બદલ શકતે હો ના મે. જિંદગી બડી હોની ચાહિએ લંબી નહિહમ આનેવાલે ગમ કો ખીચ તાન કે આજ કી ખુશી મે લે આતે હૈં..ઔર ખુશી મે ઝહે ર ઘોલ દેતે હૈ ..આનંદ કભી મરતા નહિ વો મરને કે બાદ ભી ઝિંદા રહેતા હે...." ..વગેરે વગેરે રજેશ ખન્ના ના મુખે થી બોલાયેલ આનંદ ફિલ્મ ના ડાયલોગ સાચા અર્થમાં લાઈફ અંગેની વાસ્તવિકતા છે.આનંદ ફિલ્મ ના બધાજ ડાયલોગ મને ખૂબ જ ગમે છે. આ મૂવી નો મુખ્ય સંદેશ "ખુશીઓ ને લાઈફ માં આમંત્રણ આપીને ખુશખુશાલ રહેવાય એવું જીવો" પરંતુ સાચું સત્ય એ છે કે માણસને ખુશીઓ કરતા દુઃખ વધારે પસંદ હોય છે. જન્મ દિવસ ની પાર્ટી મા પણ આંખ માંથી આંસુ સારતા બોલશે કે કાશ પહેલેથી જ અત્યારે મળ્યું એ બધું મળ્યું હોત.આ વર્ષે કેક આવી એવી ચીઝ કેક ગયા વર્ષે નહતી,કાશ દર વર્ષે ચીઝ કેક અને ચોકલેટ કેક જન્મ દિવસ માં પધારે તો આ વર્ષ ની જેમ બહેનપણીઓ આગળ વટ પડી જશે. પ્રિયજન એ મોકલેલ બર્થ ડે માં પ્રેમનો સંદેશ સાંભળીને ખુશ ખુશાલ તો ખૂબ થતાં હોઈએ છીએ પરંતુ મનની અંદર સુષુપ્ત અવસ્થામાં પડેલી "આશા,આકાંક્ષા, ઈચ્છા" બોલશે કે પ્રેમિકાને મૂલ્યવાન ગિફ્ટ ના આપવી પડે એટલે પ્રેમભર્યો મેસેજ મોકલી ને ઈમ્પ્રેશ કરી નાખી.શું આ વર્ષે કર્યું એવું લાઈફ ટાઈમ કરવાનો છે? જો ભૂલથી પતિ એ લાઈફમાં પ્રથમ વખત આ વર્ષના જન્મ દિવસ માં ગિફ્ટ આપી તો સમજો પત્નીના મગજ ના તાર માં સિતાર વાગવાના બદલે ઢોલક વાગશે કે નક્કી અન્ય ફટકડી સાથે નેન મટુકા કર્યા લાગે છે એની માંતાજી ગમે એટલી બકવાસ હતી છતાંય વારે તહેવારે મોઢા માં સ્મિત ફરકાવ્યા વગર ગિફ્ટ આપ્યા કરતી હતી.લાઈફમાં પતિદેવ ને ગિફ્ટ લેતા કે આપતા આવડતું જ નથી તો શીખ્યા ક્યાંથી? ખુશીઓના મોકે પણ આપણાને નકારત્મક વાત પ્રથમ નજરે પડતી હોય છે, આવું કેમ?

આ સૃષ્ટી માં ભગવાનના પ્રત્યેક સર્જન ના જીવનની વાસ્તવિકતા એ છે કે લાઈફ અમુક આયુ સુધી જ બેટિંગ કરશે અને કરવાની છે.આ દુનિયાની કુલ વસ્તી માં લાઈફ ની સેંચ્યુરી તો ભાગ્યે જ અમુક ભાગ્યશાળી લોકોની લાગવાની છે.ખુશીઓ ના મીટર વિશે પ્રાણીઓ પક્ષીઓ કે જીવજંતુ જેટલું સમજે છે એટલું માણસ સમજતા નથી.કેમ? માણસને અન્યની પંચાત માં વધારે રસ હોય છે.માછલીઓને એના ટૂંકા જીવનની જાણકારી હોવા છતાંય આનંદ થી પાણીમાં તરતી હોય છે..પક્ષીઓ કલબલાટ માં બચ્ચાં માટે સુંદર માળો બનાવે છે ત્યારે ડર નથી કે આવનાર બચ્ચા ને પાંખ આવતા માળો છોડી ને ઉડી જશે એ બાદ પરત ફરશે નહી. આમ છતાંય બચ્ચાં ની સુખાકારી અને માવજત કરતા હોય છે. નદીના કિનારે ઈંડા મુક્યા બાદ પણ મગર પાણીમાં ખુદની ખુશીઓ માટે ક્રીડા કરવાનું ભૂલતા નથી. એ જવાબદારીઓ માં પણ આનંદ કરતા હોય છે. કીડા ગંદકી માં રહેવા છતાંય આનંદ કરતા હોય છે.આ બધા પાછળ નું મુખ્ય કારણ પ્રાણીઓ,પક્ષીઓ,જીવ જંતુઓ ને "ગોસીપ" આવડતી નથી કે શીખવા માંગતા નથી.

"ગોસીપ" કરવામાં જે આનંદ આવતો હશે એટલો મનુષ્યને અન્ય ચીજ આવશે નહિ એટલું નક્કી સમજો. ભારત માં રહેતા આમ માણસ થી લઈને અબજોપતિ ની વધારે માં વધારે મૂડી લગન પ્રસંગ મા ખર્ચ થતી હશે. લગન પ્રસંગ મા માણસ પોતાની જીવન મૂડી ખર્ચતા પણ ખચકાતો નથી. લગન પ્રસંગોની ધામધૂમ ખુશીઓને કેન્દ્ર માં રાખીને થતી હોય છે.છતાંય લગ્ન પ્રસંગ પુરો થયા બાદ મોટાભાગ ના લોકોના ચહેરામાં ફ્રેશનેસ દેખાવાના બદલે થાક વધારે દ્રશ્યમાન થાય છે. આનું કારણ શું? આનું મુખ્ય કારણ લગ્ન પ્રસંગ "ગ્રુપ ગોસીપ" હોય છે. આ ગ્રુપ ગોસીપ ના કેન્દ્ર માં "દીકરો કે દીકરીના લગ્ન પ્રસંગ અંગેની" નકારત્મક ગોસીપ હોવાની. લગ્ન પ્રસંગ માં રાત નું લાઈવ પરિવાર નું સ્ટેજ પરફોર્મન્સ નિહાળતા જ ઓડીયન્સ માં ઉપસ્થિત મહેમાનો સ્ટાર્ટર મોં મૂકીતા જ એકબીજા ની સામુ જોઈને બોલશે ઠીકઠાક છે ખાસ પ્રેક્ટિસ નથી કરી.નાં ના સ્ટાર્ટર તો સ્વાદિષ્ટ છે ચીઝ પનીર મોંઘા ભાવના મલાઈદાર પનીર છે એકદમ ફાઈવ સ્ટાર રેસ્ટોરન્ટ જેવુ સ્વાદિષ્ટ છે.સ્ટેજ પર જોતો ખરી ડાન્સ એકદમ ધનધડા વગરના બધાના છે સસ્તા માં સિધ્ધપુર ની યાત્રા ના થાય નક્કી સસ્તો કોરિયોગ્રફાર રાખ્યો લાગે છે ત્યારે તો.ફેશન ડિઝાઈનર ના ડીઝાઈન કરેલ ડ્રેસ તો લોકલ માર્કેટ માંથી લઈ આવ્યા હોય એવા લાગે છે. અમારે ત્યાં તો દીકરા દીકરી ના લગ્ન વીઆઈપી સ્ટાઈલ માં મતલબ હાઈફાઈ જ થાય છે. લાઈફ માં લગન તો એકજ વાર ધામધૂમ થી થાય છે એટલે એમાં જરિય કચાશ રાખવાની નહિ. માન્યું કે વર્તમાન માં લગ્ન ઓછા ને ડિવોર્સ વધારે થાય છે પણ આપણા બાળકો ને એવા ખોટા સંસ્કાર ના મળે. જ્યાં જાવ અને જેને લાવો એની સાથે ઠરી ઠામ રહેવાનું બાળકો ને શીખવ્યું છે.

જેના ઘરનો પ્રસંગ હોય એ લોકો સખત દોડધામ માં પણ દીકરી દીકરા ના પ્રસંગ ને ભરપુર માણી શકાય એ માટે ઈવેન્ટ મેનેજમેન્ટ ને પ્રસંગ નું કાર્ય સોંપી ને દુખડા રડવા માટે મુક્ત ફ્રી બની જતા હોય છે. દીકરી નો પ્રસંગ હશે તો પરિવાર ના મહીલા વર્ગ રડમસ અવાજે ધીમું ધીમું સમૂહ ગાન "નાની હતી ત્યારે એટલી બીમાર રહેતી હતી ને કે શું બોલું? ભગવાન ની કૃપાથી માંડ માંડ બચાવી છે.બસ ભગવાન કરે ને એના સાસરિયાં દીકરી ની સાર સંભાળ સારી રીતે રાખે.સાસરિયાં માં બધા ભગવાન નું માણસ છે પણ દીકરી ની સાસુ લોમડી ની બુધ્ધિ વાળી અને નણંદ માં મા ના સંસ્કાર ભરપુર છે.આ ચિંતા મનને ઊંડે ઊંડે કોરી ખાય છે.". પરિવાર ના પુરુષ વર્ગ માં રાજકારણ નો માહોલ જોવા મળશે કેજરીવાલ જીત્યો કે હાર્યો.હાર્યો તો યમુના માં ડૂબકી બીજેપી વાળા મરાવશે અને જીત્યો તો પણ એનું નસીબ અંધકાર મય રહેવાનું.કેમ? ખડખડાટ હસતા હસતા "દારૂ નો નશો જ એવો હોય છે જેલ મા પણ રાજગાદી નજરે પડે"..

વિચારો અઢલક રૂપિયા ખર્ચી ને પણ લગ્ન પ્રસંગ ના અંતે બેત્રણ દિવસ સતત પંચાત ના પકોડા તળી તળી ને લોકોની દશા એવી થઈ જતી હોય છે ને કે રૂપિયા ખર્ચ્યા બાદ પણ ખુશી નું મીટર ઝીરો પકડીને બેઠું હોય છે.

ખુશી નું મીટર એટલે શું? તમે ખુદના ખાસ શોખ,ઈચ્છા અને મનગમતી વ્યક્તિ સાથે અમુક પળ,દિવસો કે કલાકો વિતાવ્યા બાદ તમે એ એહસાસ લાંબા સમય સુધી અનુભવ્યા કરો એનું નામ ખુશીઓનું મીટર. માણસ એ ભૂતકાળ મા ક્યારેય જીવવું જોઈએં નહિ,ભૂતકાળ એ ભૂત બની ને એક્સપાયર થઈ જાય છે. ભવિષ્ય કાળ શું? આ વિશે અનુમાન કરી શકાય પરંતુ એના વિશે માહિતી માણસ પાસે જન્મ થી હોત તો "મોદીજી ની વિકાસ યાત્રા અટકી જાત,કેજરીવાલ એ આપ પાર્ટી બનાવીને અન્ના હજારે ને સી.એમ બનાવ્યા હોત,કદાચ લગ્ન પ્રસંગો થતાંજ ના હોત વગેરે વગેરે શક્ય બનત.

મિત્રો,મારું માનવું છે કે મનુષ્યનું વર્તમાન ખુશીઓથી ભરપુર રહેવું જોઈએ.રોઝ ડે,વેલેન્ટાઈન ડે,મેરેજ ડે, બર્થ ડે, લાત ડે,ચુટકી ડે વગેરે ડે ને અવગણવા ને બદલે ભરપુર એન્જોય કરવા જોઈએ. સુખ, સમૃદ્ધિ એ ધર્મ કર્મ થી પ્રાપ્ત થાય છે પરંતુ ભગવાન ની કૃપા પ્રસાદ હોય તો જ ખુશીઓનું આગમન વસંત ઋતુ બનીને આવતું હોય છે..



# સૈફ હુમલા કેસમાં- ફેસ, ફિંગરપ્રિન્ટ્સ અને ઓળખ મેચ

(એજન્સી) મુંબઈ | તા.07

સૈફ અલી ખાન પર હુમલો કરવાના આરોપી શરીફુલ ઈસ્લામના કેટલાક ફિંગરપ્રિન્ટ્સ એક્ટરના ઘરેથી લેવામાં આવેલા નમૂનાઓ સાથે મેચ થયા છે. 15 જાન્યુઆરીની મોડી રાત્રે સૈફ પર હુમલો થયો હતો. 22 જાન્યુઆરીના રોજ, મુંબઈ પોલીસે ફિંગરપ્રિન્ટ્સ અને અન્ય નમૂના લીધા અને તપાસ માટે CID લેબમાં મોકલ્યા.

મુંબઈ પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર, સૈફ અલી ખાન પર હુમલો કરવાના આરોપી શરીફુલ ઈસ્લામના ફિંગરપ્રિન્ટ ટેસ્ટ માટે મોકલવામાં આવેલા કેટલાક નમૂનાઓના રિપોર્ટ આવી ગયા છે. આમાં કેટલાક ફિંગરપ્રિન્ટ્સ મેચ થયા છે. જોકે, હજુ પોલીસના ફાઈનલ રિપોર્ટની રાહ છે.

બીજી તરફ, સૈફના બે મહિલા સ્ટાફ સભ્યોએ ગુરુવારે (6 ફેબ્રુઆરી) આરોપી શરીફુલની ઓળખની પુષ્ટિ કરી. હુમલા સમયે બાળકોના રૂમમાં હાજર એરિયાના ફિલિપ અને જૂનુને તાજેતરમાં મુંબઈની આર્થર રોડ જેલમાં બોલાવવામાં આવ્યા હતા. અહીં આરોપી શરીફુલ ઈસ્લામની ઓળખ પરેડ યોજાઈ હતી, જે દરમિયાન બંનેએ તેની ઓળખની પુષ્ટિ કરી હતી.

## શરીફુલ 14 દિવસની ન્યાયિક કસ્ટડીમાં છે

- આરોપી શરીફુલ ઈસ્લામને બુધવારે (29 જાન્યુઆરી) પોલીસ કસ્ટડી પૂરી થયા બાદ બાંદ્રા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટે આરોપીને 14 દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. એ દિવસે પોલીસે કહ્યું હતું કે તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીએ ઘટના પહેલાં સ્થળની તપાસ કરી હતી અને સંપૂર્ણ તૈયારીઓ કરી હતી. આરોપીના વધુ કેટલાક સહયોગી હોઈ શકે છે, જેની તપાસ ચાલુ છે. આ ઉપરાંત શરીફુલના સંબંધીઓને પૈસા મોકલવાના મામલે પણ તપાસ કરવામાં આવી રહી છે.
- અહીં મંગળવારે મુંબઈ પોલીસે સૈફ અલી ખાન પર થયેલા હુમલાને લઈને પ્રેસ-કોન્ફરન્સ કરી હતી. અધિક પોલીસ કમિશનર પરમજિત સિંહ દહિયાએ કહ્યું હતું કે 'અમે આ કેસમાં શરીફુલ ઈસ્લામની ધરપકડ કરી છે, તે સાચો આરોપી છે.' તેમણે કહ્યું કે અમારી પાસે આ આરોપી વિરુદ્ધ ઘણા મજબૂત પુરાવા છે.
- દહિયાએ એમ પણ કહ્યું હતું કે કેટલાક રિપોર્ટ્સમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે સૈફના ઘરેથી મળેલાં ફિંગરપ્રિન્ટ્સ શરીફુલના ફિંગરપ્રિન્ટ્સ સાથે મેળ ખાતા નથી. અમે ફિંગરપ્રિન્ટ્સની તપાસ કરી રહ્યા છીએ, હજુ સુધી અમે કોઈ નિષ્કર્ષ પર પહોંચ્યા નથી.
- 16 જાન્યુઆરીએ સવારે 2 વાગ્યે સૈફ અલી ખાનના ઘર પર હુમલો થયો હતો. તેને હાથ, કરોડરજ્જુ અને પીઠ પર ઈજાઓ થઈ હતી. મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં 5 દિવસ સુધી તેની સારવાર કરવામાં આવી હતી.



### શરીફુલના પિતાનો દાવો -

સીસીટીવીમાં દેખાતી વ્યક્તિ અલગ છે આરોપીના પિતા મોહમ્મદ રોહુલ અમીનનો દાવો છે કે સીસીટીવી ફૂટેજમાં દેખાતી વ્યક્તિ તેમનો પુત્ર નથી. આરોપીના પિતાએ કહ્યું, મારા પુત્રના વાળ હંમેશાં ટૂંકા હોય છે અને તે તેના વાળ પાછળની તરફ ઓળે કરે છે.' જે ફૂટેજ દેખાય છે તે કોઈપણ દૃષ્ટિકોણથી મારા પુત્રનો નથી. તેણે 30 વર્ષથી એક જ હેરસ્ટાઇલ રાખી છે. શરીફુલના પિતા રાહુલ અમીનના કહેવા પ્રમાણે, મુંબઈ પોલીસે ખોટી ધરપકડ કરી છે. વધુમાં તેણે કહ્યું હતું કે અમે ગરીબ હોઈ શકીએ, પણ ગુનેગાર નહીં.

અમારી પાસે નક્કર પુરાવા છે આ કેસ વિશે માહિતી આપતાં, એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, 'ચહેરાની ઓળખ રિપોર્ટ ઉપરાંત, અમારી પાસે સીસીટીવી ફૂટેજ, મોબાઈલ ફોન લોકેશન અને ઈન્ટરનેટ પ્રોટોકોલ વિગતો રિપોર્ટ જેવા ટેકનિકલ પુરાવા છે, જે સાબિત કરે છે કે શરીફુલ જ સાચો આરોપી છે.' આ કેસ વિશે માહિતી આપતાં, એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, 'ચહેરાની ઓળખ રિપોર્ટ ઉપરાંત, અમારી પાસે સીસીટીવી ફૂટેજ, મોબાઈલ ફોન લોકેશન અને ઈન્ટરનેટ પ્રોટોકોલ વિગતો રિપોર્ટ જેવા ટેકનિકલ પુરાવા છે.



# પ્રિયંકાના ભાઈના લગ્નમાં જીજાજીએ મહેફિલ જમાવી

## નિક જોનસે હિન્દી ગીત 'તુ માન મેરી જાન' ગાયું, નણંદ-ભાભી ઝૂમી ઊઠ્યાં; સંગીત સેરેમનીના વીડિયો વાઈરલ

પ્રિયંકા ચોપરાનાં ભાઈ સિદ્ધાર્થ ચોપરાનાં લગ્ન ફંક્શન શરૂ થઈ ગયાં છે. ગઈકાલે રાત્રે પ્રિયંકાના પતિ નિક જોનસ પણ સેલેબ્રેશનમાં જોડાયા. નિક જોનસ ગુરુવારે મુંબઈ પહોંચ્યા હતા અને રાત્રે તેણે તેના સાળાની સંગીત સેરેમનીમાં મહેફિલ જમાવી હતી. આ પ્રસંગે નિક જોનસે બોલિવૂડ ગીતો પણ ગાયાં હતાં. પ્રિયંકા ચોપરા સાથે નિકના ડાન્સ પર્ફોર્મન્સે લોકોનાં દિલ જીતી લીધાં હતાં.





જીજાજી નિક જોનસે મહેફિલ જમાવી પોતાના સિંગિંગથી દુનિયાભરનાં લોકોનાં દિલ જીતી લેનારા નિક જોનસે ગુરુવારે રાત્રે પ્રિયંકા ચોપરાના ભાઈ સિદ્ધાર્થ ચોપરાની સંગીત સેરેમનીમાં પણ પર્ફોર્મન્સ આપ્યું હતું. તેણે હિન્દી ગીત 'તુ માન મેરી જાન' ગાયું હતું. આ સાંભળીને જ એક્ટ્રેસ અને તેની ભાભી ખુશીથી ઝૂમી ઊઠ્યાં હતાં.

અમેરિકન સિંગર નિક જોનસે દર્શકોને મંત્રમુગ્ધ કર્યા સંગીત સેરેમનીના વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે, જેમાં નિક જોનસે એક અદ્ભુત સિંગિંગ પર્ફોર્મન્સ આપ્યું હતું. હાથમાં ગિટાર સાથે આ અમેરિકન સિંગરે પોતાના અવાજનો જાદુ પાથર્યો હતો. નિકના પિતા પોલ કેવિન જોનસ (પાપા જોનસ) સિન્થેસાઈઝર પર તેની સાથે જોવા મળ્યા.



પ્રિયંકાનાં સાસુએ પણ હાથ પર મહેંદી લગાવી પ્રિયંકા ચોપરાનાં સાસુ પણ ખૂબ જ સુંદર લાગી રહ્યાં હતાં. તે ભારતીય લગ્ન અને ટ્રેડિશનનો ખૂબ આનંદ માણતાં જોવા મળ્યાં. પ્રિયંકાનાં સાસુએ પણ હાથ પર મહેંદી લગાવી. એક્ટ્રેસે ઈન્સ્ટાગ્રામમાં કેટલાક ફોટો શેર કર્યા છે. જેમાં એક્ટ્રેસ અને તેની પુત્રી માલતીએ પણ મહેંદી લગાવી હોવાનું જોવા મળે છે.

હલ્દી-મહેંદીમાં 'દેશી ગર્લ' પ્રિયંકાનો ટ્રેડિશનલ અવતાર, સાસુની સાડી સરખી કરતી જોવા મળી

ગ્લોબલ આઈકોન પ્રિયંકા ચોપરા હંમેશા હેડલાઈન્સમાં રહે છે. પ્રિયંકા ચોપરા હાલમાં ભારતમાં છે અને હાલમાં તેના ભાઈ સિદ્ધાર્થ ચોપરાના લગ્ન ફંકશનમાં હાજરી આપી રહી છે. પ્રિયંકાના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. પીસી પોતાના 'દેશી ગર્લ' અંદાજમાં જોવા મળી હતી.

# સુશાંત સિંહ રાજપૂતના આત્મહત્યા કેસ મામલે બોમ્બે હાઈકોર્ટમાં PIL

(એજન્સી) મુંબઈ | તા.07



દિવંગત અભિનેતા સુશાંત સિંહ રાજપૂત આપઘાત કેસ ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. બોમ્બે હાઈકોર્ટમાં સુશાંત સિંહના અને તેની પૂર્વ મેનેજર સાલિયાનના મોત મામલે આદિત્ય ઠાકરેની પૂછપરછ અને ધરપકડની માગ કરતી PIL દાખલ કરવામાં આવી છે. એક્ટર અને તેની પૂર્વ મેનેજર દિશા સાલિયાનના મોત મામલે ચાહકો અને પરિવારજનો હજી પણ ન્યાયની માગ કરી રહ્યા છે. આ કેસની તપાસ સીબીઆઈ કરી રહી છે.

બોમ્બે હાઈકોર્ટ આ PIL પર સુનાવણી કરવાની તૈયારી દર્શાવી છે. બંનેના રહસ્યમય મોતની તપાસ કરવાની માગ સાથે આ સુનાવણી 19 ફેબ્રુઆરીએ થશએ. સુપ્રીમ કોર્ટ અને હાઈ કોર્ટ લિટિગેંટ્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા દાખલ અપીલમાં બંને ઘટનાઓ એકબીજા સાથે સંકળાયેલી હોવાની શંકા છે. જેથી સત્ય બહાર લાવવા માટે ઊંડી તપાસની માગ થઈ છે. એસોસિએશનના અધ્યક્ષ રાશિદ ખાન પઠાણે આદિત્ય ઠાકરેની અટકાયત કરી પૂછપરછ કરવાની માગ કરી છે.

ઉલ્લેખનીય છે, 8 જૂનના એક પાર્ટી દરમિયાન સુશાંત સિંહ રાજપૂતની મેનેજર દિશા સાલિયાને પોતાના બોયફ્રેન્ડ સાથે વિવાદ બાદ કથિત રૂપે કૂદીને આપઘાત કર્યો હોવાનું જાણ થયુ હતું. જો કે, તેના એક સપ્તાહથી પણ ઓછા સમયમાં એક્ટરના આપઘાતથી સવાલો ઉઠ્યા હતાં.

# વિકી કૌશલે ફિલ્મ 'છાવા'ના વિવાદ પર સ્પષ્ટતા કરી

## 'લેઝીમ ડાન્સ દૂર કરવામાં કોઈ વાંધો નથી, કોઈની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો ઈરાદો નહોતો'

(એજન્સી) મુંબઈ | તા.07

વિક્કી કૌશલ આ દિવસોમાં ફિલ્મ 'છાવા'ને કારણે ચર્ચામાં છે. તાજેતરમાં જ તેમણે ફિલ્મના એક ગીતમાં લેઝિમ ડાન્સ સીન વિશે વાત કરી. તેમણે કહ્યું કે જો ફોલોઅર્સને લાગે છે કે આ દૃશ્ય યોગ્ય નથી, તો તેને દૂર કરવામાં કોઈ વાંધો નથી. વાસ્તવમાં, ફિલ્મમાં લેઝિમ ડાન્સ સીન અંગે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો, જે પછી તેને દૂર કરવામાં આવ્યો હતો.

ગુરુવારે વિકી કૌશલ છત્રપતિ સંભાજીનગરમાં મીડિયાને મળ્યો. આ દરમિયાન તેમણે કહ્યું, 'ફિલ્મમાં લેઝિમ ડાન્સ સીન ફક્ત 20-30 સેકન્ડ લાંબો હતો.' તે ફક્ત વાર્તાનો એક ભાગ નહોતો પણ આપણી સંસ્કૃતિને વૈશ્વિક સ્તરે લઈ જવાનો પ્રયાસ હતો.

વિક્કીના મતે, સંભાજી મહારાજ લોકોના રાજા હતા અને જો કોઈ તેમને લેઝીમ વગાડવાની સાથે નાચવાની વિનંતી કરે તો તેઓ તેનો સ્વીકાર કરતા. જોકે, જો તેમના અનુયાયીઓને લાગે કે દૃશ્ય યોગ્ય ન હતું, તો તેને દૂર કરવામાં કોઈ વાંધો નથી. તેમણે એમ પણ કહ્યું કે ફિલ્મના ડિરેક્ટર અને આખી ટીમનો ક્યારેય કોઈની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો ઈરાદો નહોતો. 'છાવા' ફિલ્મ મરાઠી લેખક શિવાજી સાવંતની પ્રખ્યાત નવલકથા 'છાવા' પર આધારિત છે.

### ટ્રેલર રિલીઝ થયું ત્યારથી જ 'છાવા' વિવાદમાં છે

ફિલ્મ 'છાવા'નું ટ્રેલર 22 જાન્યુઆરીના રોજ રિલીઝ થયું હતું. આ ટ્રેલરમાં, છત્રપતિ સંભાજી મહારાજની ભૂમિકા ભજવનાર વિક્કી કૌશલને નૃત્ય કરતો બતાવવામાં આવ્યો હતો, જેનાથી ઘણા લોકો ગુસ્સે થયા હતા. આ મુદ્દે પૂર્વ રાજ્યસભા સાંસદ સંભાજી રાજે છત્રપતિએ નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે છત્રપતિ સંભાજી મહારાજને નાચતા દર્શાવવા એ ખૂબ જ ખોટું છે. તેમને લેઝીમ વગાડતા બતાવવા તો ઠીક હતુ, પણ તેમને નાચતા બતાવવામાં આવ્યા હતા. ફિલ્મ 'છાવા'માં વિક્કી કૌશલ છત્રપતિ સંભાજી મહારાજ અને રશ્મિકા મંદાના તેમની પત્ની મહારાણી યેસુબાઈની ભૂમિકામાં છે. આ ફિલ્મ લેખક શિવાજી સાવંતની નવલકથા "છાવા" નું રૂપાંતર છે.

# 'સલમાન-શાહરુખ અતિશય તોફાની હતા'

## રાકેશ રોશને 'કરણ-અર્જુન'ના સેટનો કિસ્સો સંભળાવ્યો, કહ્યું- હું બંનેથી કંટાળી ગયો હતો



(એજન્સી) મુંબઈ | તા.07

ફિલ્મમેકર રાકેશ રોશને ખુલાસો કર્યો છે કે સલમાન અને શાહરુખ ખાન ફિલ્મ 'કરણ અર્જુન'ના શૂટિંગ દરમિયાન તેમને ખૂબ જ પરેશાન કરતા હતા. જ્યારે રાકેશ રાતે હોટલમાં સૂતો હતો, ત્યારે શાહરુખ અને સલમાન રૂમની બહાર આવીને ફાયરિંગ કરતા હતા. રાકેશ રોશનને એક્ટરના તોફાન પર ખૂબ ગુસ્સો આવતો હતો, પણ તે ફક્ત સમજાવીને મામલો શાંત પાડતા હતા.

શાહરુખ અને સલમાન વચ્ચેની મસ્તી વિશે વાત કરતાં રાકેશ રોશને કહ્યું, બંને મસ્તી કરવામાં નંબર 1 હતા. તે બંને નાના હતા અને ઘણી મજાક કરતા હતા. જોકે મને તેની સાથે કામ કરવાની મજા આવી. મને ક્યારેક ગુસ્સો આવતો હતો, પણ હું મારી જાતને કાબૂમાં રાખતો હતો. ક્યારેક બંને મજાક કરવાની લિમિટ ક્રોસ કરી દેતા હતા. પણ હું વિચારતો હતો મારે તેના જેવુ નથી થવુ આ કારણે હું તેની સાથે પિતા જેવો વ્યવહાર કરતો હતો. હું તેમને સમજાવવાનો પ્રયત્ન કરતો હતો.

'તે બંને મારા રૂમની બહાર ફાયરિંગ કરતા' રાકેશ રોશને આગળ કહ્યું, બંને ખૂબ મજા કરતા હતા. તેઓ મારા રૂમની બહાર આવતા અને ફાયરિંગ કરતા હતા. હું સૂતો હોઈશ અને મને રૂમની બહારથી અચાનક જોરથી અવાજ સંભળાતો. જ્યારે મેં પૂછ્યું કે તમે શું કરો છો? પછી બંને જવાબ આપતા કે તે મને પરેશાન કરી રહ્યા છે. શાહરુખે કહ્યું હતું- સલમાન અને હું રાકેશજીને ખૂબ ચીડવતા તાજેતરમાં જ નેટફ્લિક્સ પર ડોક્યુમેન્ટરી 'ધ રોશન્સ' સ્ટ્રીમ કરવામાં આવી છે.

# વિકીએ કેટરિના સાથેની 1લી મુલાકાતનો કિસ્સો શેર કર્યો

## પહેલી વાર બેકસ્ટેજ પર મળ્યા હતા, મને ખબર નહોતી કે તે મને ઓળખે છે

(એજન્સી) મુંબઈ | તા.07

વિકી કૌશલ અને કેટરિના કૈફે તેમની લવ સ્ટોરી ખૂબ જ પ્રાઈવેટ રાખી છે. સામાન્ય રીતે એવું કહેવામાં આવે છે કે તેમની પહેલી મુલાકાત ઝોયા અખ્તરના ઘરે થઈ હતી.

ફિલ્મ 'છાવા'ના પ્રમોશન દરમિયાન આપેલા એક ઈન્ટરવ્યૂમાં, વિકી કૌશલે પત્ની કેટરિના કૈફ સાથેની પહેલી મુલાકાત વિશે એક નવી વાતનો ખુલાસો કર્યો છે. શો હોસ્ટ કરતી વખતે પહેલી વાર મળ્યા હતા પિંકવિલા સાથે વાત કરતા, એક્ટરે કહ્યું, 'હું શો હોસ્ટ કરી રહ્યો હતો અને મને લાગે છે કે તે પહેલી વાર હતું જ્યારે હું તેને મળ્યો અને અમે વાત કરી. સ્ટેજ પર તો કાનમાં ઈયરપીસ લાગેલા હોય છે. લોકો પાછળથી માર્ગદર્શન આપતા રહે છે, આમ કરો, તેમ કરો. બધું સ્ક્રિપ્ટેડ છે. પણ આ પહેલી વાર હતું જ્યારે અમે બેકસ્ટેજ ઔપચારિક રીતે એકબીજાનો પરિચય આપ્યો.




જ્યારે વિક્કીને ઈન્ટરવ્યૂમાં પૂછવામાં આવ્યું કે શું તે કેટરીનાને એ સમયે નર્વસ હતો? 'છાવા' ના એક્ટરે હસીને કહ્યું, 'ના, હું શા માટે નર્વસ હોવ? તે ખૂબ જ ખાસ મેમરી છે. મને ખબર નહોતી કે તે મને ઓળખે છે કે નહીં, પણ તે ખરેખર સ્વીટ મૂવમેન્ટ હતી.

અમે કેમેરા સામે વાત કરી કેટરિનાને મળવા વિશે વિકી આગળ કહે છે- શરૂઆતમાં થોડા સમય માટે કંઈ પ્લાનિંગ નહોતું. અમારે મળવાનો કે વાત કરવાનો કોઈ પ્લાન નહોતો. અમે પહેલી વાર એકબીજા સાથે વાત કરી તે એક ઈન્ટરવ્યૂ હતો.

# સ્ટાર પ્લસના શો સાથે લિજેન્ડરી ક્વીન રેખા તેણીના એસોસિયેશનમાં કહે છે કે "ઘુમ હૈ કિસીકે પ્યાર મેં' ગીત મારા હૃદયમાં વિશેષ સ્થાન ધરાવે છે!

(એજન્સી) મુંબઈ | તા.07

સ્ટાર પ્લસ પર શો ઘુમ હૈ કિસીકે પ્યાર મેં એક રોમાંચક નવા પ્રકરણની શરૂઆત કરી છે જે દર્શકોને ઊંડા ભાવનાત્મક ચાપ, રસપ્રદ નાટક અને રિવેટિંગ ટ્વિસ્ટ સાથે મંત્રમુગ્ધ કરવાનું વચન આપે છે. નવીનતમ પ્રોમોએ આ પ્રવાસ માટે સ્ટેજ સેટ કર્યો છે, અને હાઈલાઈટ? સુપ્રસિદ્ધ અભિનેત્રી રેખા, જેનો ઉત્તેજક અવાજ તેના ભૂતકાળ અને વર્તમાન વચ્ચે ફાટી ગયેલી મહિલા, તેજસ્વિનીની કરુણ વાર્તાનું વર્ણન કરે છે. રેખા એક અનન્ય વશીકરણ લાવે છે, દર્શકોને તરત જ તેજસ્વિનીની જટિલ લાગણીઓ તરફ દોરે છે - નીલ સાથેના પ્રેમવિહીન લગ્નમાં તેણીનો સંઘર્ષ, જ્યારે તેણીના પ્રથમ પ્રેમ, રુતુરાજના પુનઃપ્રાપ્તિ સાથે ઝઝૂમી રહી છે. આ શોમાં નવી કાસ્ટ રજૂ કરવામાં આવી હતી, જેમાં તેજસ્વિની તરીકે વૈભવી હંકારે, રુતુરાજ તરીકે સનમ જોહર અને નીલ તરીકે પરમ સિંહનો સમાવેશ થાય છે, જે તમામ વિકસતી કથામાં રોમાંચક સ્તરો ઉમેરે છે. રેખાએ, તેની અજોડ કૃપા અને કાલાતીત સુંદરતા સાથે, પ્રોમોમાં નોસ્ટાલ્જીયાની હવા અને ઊંડા ભાવનાત્મક પડઘો સાથે વાર્તાલાપની સફરને વધુ સમૃદ્ધ બનાવી. પ્રોમોમાં તેણીની હાજરી એક મનમોહક વળાંક દર્શાવે છે કારણ કે તેજસ્વિની પાત્ર સ્વ-શોધ, પ્રેમ અને



બલિદાનના માર્ગ પર નેવિગેટ કરે છે. અભિનેત્રી રેખા શેર કરે છે, "ખુમ હૈ કિસીકે પ્યાર મેં હંમેશા મારા દિલની નજીક છે. જેમ જેમ નવી સીઝન ખુલી રહી છે, હું એવી વાર્તાની આતુરતાથી રાહ જોઉં છું જે માનવીય લાગણીઓ અને પ્રેમ, ફરજ, કુટુંબ અને જુસ્સાના પ્રશ્નોને ઉજાગર કરે છે. 'ઘુમ હૈ કિસીકે પ્યાર મેં' ગીત મારા હૃદયમાં વિશેષ સ્થાન ધરાવે છે, જે મને શાંતિ આપે છે. આ સહયોગ હૂંફ અને આદરથી ભરપૂર છે અને હું વધુ યાદગાર ક્ષણો બનાવવા માટે ઉત્સાહિત છું."રેખા કાયમી સુંદરતા અને લાવણ્યનું પ્રતીક છે. દાયકાઓ સુધી સિલ્વર સ્ક્રીન પર રાજ કર્યા પછી, તેણીની આઈકોનિક ભૂમિકાઓ બોલિવૂડના સુવર્ણ યુગને વ્યાખ્યાયિત કરવાનું ચાલુ રાખે છે. તેણીની અપ્રતિમ હાજરી ખુમ હૈ કિસીકે પ્યાર મેમાં ભાવનાત્મક ઊંડાણ લાવે છે, શોને નવી ઊંચાઈઓ પર લઈ જાય છે, અને તેણીનો અવાજ પ્રેક્ષકો અને તેજસ્વિનીના આંતરિક સંઘર્ષ વચ્ચે એક બંધન ઉભું કરીને, કથામાં ગહન ઊંડાઈનું સ્તર ઉમેરે છે. તેણીની અપ્રતિમ સુંદરતા અને અજોડ અભિનય કૌશલ્ય તેણીને આ મનમોહક વાર્તા સંભળાવવા માટે સંપૂર્ણ પસંદગી બનાવે છે.સ્ટાર પ્લસ પર શો ઘુમ હૈ કિસીકે પ્યાર મેં માં આ નવી જર્ની સાથે જોડાઓ.

# સિરીઝમાં ટીમ ઈન્ડિયાની વિજયી શરૂઆત, ઈંગ્લેન્ડને 4 વિકેટથી હરાવ્યું

(એજન્સી) નાગપુર તા 07

T20 શ્રેણીમાં 4-1થી શાનદાર જીત બાદ ODI સિરીઝની પહેલી મેચમાં પણ ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડને હરાવી ત્રણ મેચની વનડે શ્રેણીની વિજયી શરૂઆત કરી હતી. વનડે શ્રેણીની પહેલી મેચમાં ટીમ ઈન્ડિયાની બોલિંગ શાનદાર હતી પરંતુ કેપ્ટન રોહિત શર્માની નિષ્ફળતાએ ફરી એકવાર ટીમનું ટેન્શન વધારી દીધું. આ વખતે પણ રોહિત સિંગલ ડિજિટના સ્કોર પર આઉટ થયો. જોકે, બાકીના ખેલાડીઓએ ટીમને વિજય તરફ દોરી ગયા. T20 શ્રેણી બાદ ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડ સામેની વનડે શ્રેણીની શરૂઆત પણ જોરદાર રીતે કરી છે. ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડ સામેની ODI શ્રેણીની પહેલી મેચ 4 વિકેટથી સરળતાથી જીતી લીધી હતી. નાગપુરમાં રમાયેલી આ મેચમાં ટીમ ઈન્ડિયાએ રવીન્દ્ર જાડેજા અને હર્ષિત રાણાની મજબૂત બોલિંગના આધારે ઈંગ્લેન્ડને માત્ર 248 રનમાં જ રોકી દીધું. આ પછી શુભમન ગિલ, શ્રેયસ અય્યર અને અક્ષર પટેલની શાનદાર અડધી સદીની મદદથી ટીમ ઈન્ડિયાએ 40 ઓવરમાં જીત મેળવી હતીચેમ્પિયન્સ ટ્રોફીની તૈયારીની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ ગણાતી આ શ્રેણી સાથે ટીમ ઈન્ડિયાએ લાંબા સમય પછી ODI ક્રિકેટમાં વાપસી કરી. અગાઉ ભારતીય ટીમે જુલાઈ-ઓગસ્ટમાં શ્રીલંકા પ્રવાસ પર 3 ODI રમી હતી, જે 2023ના વર્લ્ડ કપ ફાઈનલ પછી ભારતની પ્રથમ અને એકમાત્ર ODI શ્રેણી હતી. આવી સ્થિતિમાં બધાની નજર ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ આ ફોર્મેટમાં પોતાને કેવી રીતે સાબિત કરે છે તેના પર હતી. મોટાભાગના ખેલાડીઓએ નિરાશ ન કર્યા. આ મેચમાં, ભારતીય ટીમે પ્રથમ ઈંગ્લિશ ઓપનરોએ વનડે ડેબ્યૂ કરનાર હર્ષિત રાણાની બોલિંગમાં આક્રમક બેટિંગ શરૂ કરી.



**શુભમન સદી ફટકારવાનું ચૂક્યો :** શુભમન ગિલ 87 રન બનાવીને 36મી ઓવરમાં કેચ આઉટ થયો હતો. તે સાકિબ મહમૂદના બોલ પર મિડ-ઓન પર કેચ આઉટ થયો. શુભમને 96 બોલની ઈનિંગમાં 14 ચોગ્ગા ફટકાર્યા હતા. તેણે શ્રેયસ અય્યર સાથે 94 રન અને અક્ષર પટેલ સાથે 108 રનની પાર્ટનરશિપ કરી હતી.

**અક્ષર 52 રન બનાવીને આઉટ :** 34મી ઓવરમાં આદિલ રશીદે અક્ષર પટેલને બોલ્ડ કર્યો. અક્ષરે 47 બોલમાં 52 રન બનાવ્યા, તેની ઈનિંગમાં 6 ચોગ્ગા અને 1 છગ્ગો સામેલ હતો. અક્ષરે શુભમન ગિલ સાથે 108 રનની ભાગીદારી પણ કરી. 33મી ઓવરના છેલ્લા બોલ પર અક્ષર પટેલે ચોગ્ગો ફટકાર્યો. આ સાથે, તેણે ભારતમાં તેની ODI કારકિર્દીની પહેલી ફિફ્ટી પણ પૂરી કરી છે. તેણે શુભમન ગિલ સાથે ચોથી વિકેટ માટે સદીની ભાગીદારી પણ કરી છે.

**શુભમન-અક્ષર વચ્ચે 100+ રનની પાર્ટનરશિપ :** શુભમન ગિલે 33મી ઓવરના બીજા બોલ પર બ્રાયડન કાર્સ સામે ચોગ્ગો ફટકાર્યો. આ સાથે, તેણે અક્ષર પટેલ સાથે ચોથી વિકેટ માટે સદીની ભાગીદારી પણ પૂરી કરી. શુભમને શ્રેયસ અય્યર સાથે ત્રીજી વિકેટ માટે 94 રનની ભાગીદારી કરી હતી.

**ભારતનો સ્કોર 200 રનને પાર :** ભારતે 29મી ઓવરમાં પોતાના 200 રન પૂરા કર્યા. શુભમન ગિલ અને અક્ષર પટેલે બ્રાયડન કાર્સ સામેની ઓવરમાં 4 ચોગ્ગા ફટકાર્યા અને ટીમની બેવડી સદી પૂરી થઈ. શુભમનની ફિફ્ટી, અક્ષર સાથે 50+ રનની પાર્ટનરશિપ શુભમન ગિલે 25મી ઓવરમાં જોફ્રા આર્ચર સામે એક સિંગલ લીધો. આ સાથે, તેણે પોતાની વન-ડે કારકિર્દીની 14મી ફિફ્ટી પણ પૂરી કરી. શુભમને અક્ષર પટેલ સાથે ચોથી વિકેટ માટે અડધી સદીની ભાગીદારી પણ પૂર્ણ કરી.

**શ્રેયસ અય્યર 58 રન બનાવીને આઉટ થયો :** 16મી ઓવરના છેલ્લા બોલ પર શ્રેયસ અય્યર આઉટ થયો હતો. તેને લેફ્ટ આર્મ સ્પિનર જેકબ બેથેલે LBW આઉટ કર્યો. શ્રેયસે 36 બોલમાં 59 રન બનાવ્યા. તેની ઈનિંગમાં 9 ચોગ્ગા અને 2 છગ્ગાનો સમાવેશ થતો હતો. તેણે શુભમન સાથે 94 રનની ભાગીદારી પણ કરી.

**શ્રેયસ-શુભમન વચ્ચે 50+ રનની ભાગીદારી :** પાવરપ્લેની છેલ્લી ઓવરમાં ભારતે 2 વિકેટ ગુમાવીને 71 રન બનાવ્યા. ઈંગ્લેન્ડ તરફથી બ્રાયડન કાર્સે 10મી ઓવર ફેંકી. આ ઓવરમાં ભારતે 14 રન બનાવ્યા. શ્રેયસ અય્યરે ઓવરમાં 3 ચોગ્ગા ફટકાર્યા અને શુભમન સાથે બીજી વિકેટ માટે 50+ રનની ભાગીદારી પણ પૂર્ણ કરી.

## ગુજરાત જાયન્ટ્સે WPL 2025 માટે જર્સીનું અનાવરણ



(એજન્સી) અમદાવાદ તા 07

WPLની ત્રીજી સિઝન 14 ફેબ્રુઆરીથી શરૂ થઈ રહી છે. આ વખતે WPLની મેચ વડોદરા, બેંગલુરુ, લખનઉ અને મુંબઈ સહિત અનેક સ્થળોએ રમાશે. આ લીગમાં ગુજરાત જાયન્ટ્સ ટીમ વડોદરામાં નવા સ્થળ પર તેમના ઘરઆંગણે ડેબ્યુ માટે તૈયારી છે. ગુરુવારે, ટીમે અમદાવાદમાં એક ઈવેન્ટનું આયોજન કર્યું હતું, જેમાં હેડ કોચ માઈકલ ક્લિંગર, ખેલાડીઓ હરલીન દેઓલ અને શબનમ શકીલ અને અદાણી સ્પોર્ટ્સલાઈનના CBO સંજય આદેસરા હાજર રહ્યા હતા. સાથે જ ગુજરાત જાયન્ટ્સે WPL તેમની જર્સીનું પણ અનાવરણ કર્યું હતું. આ વર્ષે ટાઈટલ જીતવું એ જ ટાર્ગેટ છે- હેડ કોચ હેડ કોચ માઈકલ ક્લિંગ રે આ સિઝનમાં તેમની ટીમ માટે મહત્વાકાંક્ષાઓ રજૂ કરી હતી અને આ વર્ષે ટાઈટલ જીતવાનું લક્ષ્ય નક્કી કર્યું હતું. ટીમની તૈયારીઓ અંગે માહિતી આપતા તેમણે કહ્યું હતું કે, 'બધા ખેલાડીઓ ખરેખર ઉત્સાહિત છે. વિદેશી ખેલાડીઓ આગામી એક કે બે દિવસમાં આવવાનું અને પછી બધા સાથે મળીને કામ શરૂ કરી શકીશું.' તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, 'અમે ચોક્કસ જ અહીં ખૂબ જ સખત સ્પર્ધા કરવા માટે આવ્યા છીએ. રમવા માટે ઉત્સુક છીએ અને આશા રાખીએ છીએ કે ફાઈનલ માટે ક્વોલિફાય થઈશું.

## જયસ્વાલે પાછળ દોડીને ડાઈવિંગ કેચ પકડ્યો શ્રેયસે આર્ચરના બોલ પર બે છગ્ગા ફટકાર્યા

**સોલ્ટ કન્ફ્યૂઝનમાં રન આઉટ થયો; મેચ મોમેન્ટ્સ: સોલ્ટ કન્ફ્યૂઝનમાં રન આઉટ થયો**

(એજન્સી) નાગપુર તા 07

ભારતે પહેલી વનડેમાં ઈંગ્લેન્ડને 4 વિકેટે હરાવ્યું. નાગપુરમાં ટીમને 249 રનનો ટાર્ગેટ મળ્યો હતો. ડેબ્યૂ કરનાર હર્ષિત રાણાએ 3 વિકેટ લીધી. શુભમન ગિલના 87 રનની મદદથી ભારતે 12 ઓવર બાકી રહેતા મેચ જીતી લીધી. ગુરુવારે ઘણી મોમેન્ટ્સ જોવા મળી. યશસ્વી જયસ્વાલે પાછળ દોડીને ડાઈવિંગ કેચ ઝડપ્યો. ઓવરમાં 26 ઓવરમાં 2 વિકેટ લીધી. શ્રેયસ ઐયરના થ્રો પર ફિલ સોલ્ટ રન આઉટ થયો. શ્રેયસે આર્ચરની ઓવરમાં સતત છગ્ગા ફટકાર્યા. શુભમન ગિલે રિવ્યુ લીધો અને આઉટ થવાથી બચી ગયો.



**ડેબ્યૂ કેપની સાથે યશસ્વી જયસ્વાલ અને હર્ષિત રાણા.** ભારતીય ટીમ માટે ફાસ્ટ બોલર હર્ષિત રાણા અને બેટર યશસ્વી જયસ્વાલે પહેલી મેચમાં વનડે ડેબ્યૂ કર્યું હતું. યશસ્વીને રોહિત શર્માએ અને હર્ષિતને મોહમ્મદ શમીએ ડેબ્યૂ કેપ આપી હતી. હર્ષિતે ઈંગ્લેન્ડ સામેની ચોથી T20 મેચમાં કોન્કશન સબસ્ટિટ્યુટ તરીકે T20 ડેબ્યૂ કરીને 3 વિકેટ લીધી હતી. યશસ્વી ભારત માટે ODI રમનાર 257મો અને હર્ષિત 258મો ખેલાડી બન્યો. હર્ષિતે ODIમાં 3 વિકેટ લીધી, જ્યારે યશસ્વીએ 15 રન બનાવવાની સાથે એક કેચ પણ પકડ્યો.

**ઐયરે બાઉન્ડ્રી પરથી થ્રો કરી સોલ્ટને રન આઉટ કર્યો. :**ગ્લેન્ડે 9મી ઓવરના 5મા બોલ પર પોતાની પહેલી વિકેટ ગુમાવી હતી. અહીં ફિલ સોલ્ટ 43 રન બનાવીને રન આઉટ થયો હતો. તેને શ્રેયસ ઐયરના થ્રો પર વિકેટકીપર કેએલ રાહુલે આઉટ કર્યો હતો. ઐયરે બાઉન્ડ્રી પરથી થ્રો કર્યો હતો. ઈંગ્લિશ ઓપનરોએ 2 રન પૂરા કર્યા, ત્રીજો રન લેતી વખતે કન્ફ્યૂઝન થઈ ગયા હતા. આ રીતે ઈંગ્લેન્ડે પોતાની પહેલી વિકેટ ગુમાવી દીધી હતી.

## સ્ટોઈનિસે વન-ડેમાંથી નિવૃત્તિ લીધી

(એજન્સી)મેલબોર્ન તા 07

ઓસ્ટ્રેલિયન ક્રિકેટર માર્કસ સ્ટોઈનિસે ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ODI ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે. તે ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભાગ લેશે નહીં. જોકે, તે T20 ક્રિકેટમાં ઓસ્ટ્રેલિયન ટીમ માટે રમવાનું ચાલુ રાખશે. જોશ હેઝલવુડ અને પેટ કમિન્સ પણ ટીમ સાથે ચેમ્પિયન્સ ટ્રોફી રમી શકશે નહીં. 35 વર્ષીય ક્રિકેટરે ગુરુવારે કહ્યું: 'ઓસ્ટ્રેલિયા માટે ODI ક્રિકેટ રમવું એ એક અદ્ભુત સફર રહી છે. મેદાનમાં મેં વિતાવેલી બધી ક્ષણો માટે હું આભારી છું.' સ્ટોઈનિસ સાઉથ આફ્રિકામાં ચાલી રહેલી SA20 લીગમાં ડર્બન સુપર જાયન્ટ્સ ટીમનો ભાગ હતો, પરંતુ છેલ્લી મેચમાં તેને હેમસ્ટ્રિંગમાં ઈજા થઈ હતી.

### ટોચના સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરવું મારા માટે હંમેશા યાદગાર

આ કોઈ સરળ નિર્ણય નહોતો પણ મારું માનવું છે કે વન-ડેથી દૂર રહેવાનો અને મારી કારકિર્દી પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવાનો આ યોગ્ય સમય છે. રોન (ઓસ્ટ્રેલિયા ટીમના કોચ એન્ડ્રુ મેકડોનાલ્ડ) સાથે મારા ખૂબ સારા સંબંધો છે અને હું તેમના સમર્થનની ખરેખર પ્રશંસા કરું છું. હું પાકિસ્તાનમાં આપણા છોકરાઓનો ઉત્સાહ શાનદાર ખેલાડી જ નથી, પણ એક અદ્ભુત માણસ પણ છે.




## જાડેજાની 600 આંતરરાષ્ટ્રીય વિકેટ પૂરી:રૂટને 12મી વખત આઉટ કર્યો

(એજન્સી) :નાગપુર તા 07

રવિન્દ્ર જાડેજા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 6 હજાર રન અને 600 વિકેટ લેનાર છઠ્ઠો ખેલાડી છે. આ સિદ્ધિ મેળવનાર તે બીજો ભારતીય છે. ડેનિયલ વેટ્ટોરી અને શાકિબ અલ હસન પછી તે ત્રીજો સ્પિનર છે જેણે આ રેકોર્ડમાં પોતાનું નામ ઉમેર્યું છે. કપિલ દેવ, વસીમ અકરમ અને શોન પોલોકે પણ આ કર્યું છે. જોસ બટલરે ભારત સામે 17 વનડે મેચમાં બેટિંગ કરી છે. તેણે પહેલી વાર ફિફ્ટી ફટકારી. બટલરે 67 બોલમાં 54 રન બનાવ્યા. રોહિત શર્માએ 2024-25 સીઝનમાં તમામ ફોર્મેટમાં 16 ઈનિંગ્સમાં બેટિંગ કરી હતી. આમાં તે 10.37ની સરેરાશથી માત્ર 166 રન બનાવી શક્યો. 2023ના વનડે વર્લ્ડ કપ પછી ઈંગ્લેન્ડે પ્રથમ બેટિંગ કરતા આઠ વનડે મેચ રમી હતી. 7માં તેમને હારનો ામનો કરવો પડ્યો. હર્ષિત ત્રણેય ફોર્મેટના ડેબ્યૂમાં 3 વિકેટ લેનાર એકમાત્ર ભારતીય હર્ષિત રાણા ત્રણેય ફોર્મેટમાં પોતાના ડેબ્યૂમાં 3 વિકેટ લેનાર એકમાત્ર ભારતીય છે. તેણે ડિસેમ્બર 2024 માં પર્થમાં ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. ત્યાં તેણે 48 રન આપીને 3 વિકેટ લીધી. તેણે ઈંગ્લેન્ડ સામેની ચોથી T20માં કોન્કશન



સબસ્ટિટ્યુટ તરીકે ડેબ્યૂ કર્યું. તે મેચમાં હર્ષિતે 33 રન આપીને 3 વિકેટ લીધી હતી. હર્ષિતે ગુરુવારે વનડે ડેબ્યૂ કર્યું. અહીં પણ તેણે 53 રન આપીને 3 વિકેટ લીધી હતી.ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 1974થી વનડે સિરીઝ રમાઈ રહી છે. ત્યારથી, બંને ટીમો વચ્ચે રમાયેલી સિરીઝમાં સ્પિનર રવિન્દ્ર જાડેજાએ સૌથી વધુ 41 વિકેટ લીધી છે. આ બાબતમાં તેણે ઈંગ્લેન્ડના પૂર્વ ફાસ્ટ બોલર જેમ્સ એન્ડરસન (40 વિકેટ) ને પાછળ છોડી દીધો છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રવિન્દ્ર જાડેજાએ 12 વખત ઈંગ્લિશ બેટ્સમેન જો રૂટને પેવેલિયન મોકલ્યો છે. ODI ક્રિકેટમાં તેણે રૂટને ચોથી વખત આઉટ કર્યો હતો. આ રેકોર્ડમાં ઓસ્ટ્રેલિયન કેપ્ટન પેટ કમિન્સ નંબર વન પર છે. તેણે 31 આંતરરાષ્ટ્રીય ઈનિંગ્સમાં 14 વખત રૂટને આઉટ કર્યો છે.

## રોહિતે યશસ્વી માટે વિરાટનું કાપ્યું પત્તુ ?

(એજન્સી)નાગપુર તા 07

વિરાટ કોહલીને ઈંગ્લેન્ડ સામેની પહેલી વનડેમાંથી બહાર કરી દેવામાં આવ્યો છે. જ્યારે યશસ્વી જયસ્વાલ અને હર્ષિત રાણાને આ મેચમાં વનડે ડેબ્યૂ કરવાની તક મળી છે. આવી સ્થિતિમાં સવાલ ઉભો થયો છે કે શું યશસ્વીને તક આપવા માટે કોહલીને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર કરવામાં આવ્યો છે? ચાલો જાણીએ શું છે આખો મામલો.

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 3 મેચની વનડે શ્રેણીની પહેલી મેચમાં ટોસ બાદ ભારતીય કેપ્ટન રોહિત શર્માએ વિરાટ કોહલીને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર રાખવાના સમાચાર આપીને બધાને ચોંકાવી દીધા હતા. ભારતીય કેપ્ટને આ મેચમાં રમી રહેલા 11 ખેલાડીઓ અંગે અપડેટ આપી જણાવ્યું કે હર્ષિત રાણા અને યશસ્વી જયસ્વાલ આ મેચમાં વનડે ડેબ્યૂ કરી રહ્યા છે. આવી સ્થિતિમાં, સવાલો ઉભા થઈ રહ્યા છે કે શું યશસ્વીને તક આપવા માટે કોહલીને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર કરવામાં આવ્યો છે. ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ભારતીય ટીમની તૈયારી માટે આ છેલ્લી શ્રેણી છે. આવી સ્થિતિમાં, ટીમ ઈન્ડિયાએ પોતાની સંપૂર્ણ તાકાત સાથે આ શ્રેણીમાં પ્રવેશ કર્યો છે. પરંતુ વિરાટ કોહલી જેવા ખેલાડીને ટીમમાંથી બહાર રાખવું આશ્ચર્યજનક છે જોકે, કેપ્ટન રોહિત શર્માએ કહ્યું કે કોહલીને ઘૂંટણમાં દુખાવો છે. એટલા માટે તેને આ મેચમાંથી બહાર રહેવું પડ્યું છે. એનો અર્થ એ થયો કે વિરાટને યશસ્વીને કારણે નહીં પણ ઈજાને કારણે બહાર બેસવું પડશે.

## તેઓ મને મેચમાં રમાડવાના હતા જ નહીં..' શ્રેયસ અય્યરે ટીમ ઈન્ડિયાની ખોલી પોલ

(એજન્સી) નાગપુર તા 07

ઘણા સમયથી શ્રેયસ અય્યરના ટીમ ઈન્ડિયામાં સ્થાન અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા હતા, પરંતુ ફરી એકવાર તે ચોથા નંબરે આવ્યો અને દમદાર અડધી સદી ફટકારી ટીમ ઈન્ડિયાને મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર કાઢી અને જીતના માર્ગ પર લઈ ગયો. જોકે મેચ બાદ શ્રેયસ અય્યરે ચોંકાવનારો ખુલાસો કર્યો હતો અને ટીમ ઈન્ડિયાની પોલ ખોલી હતી. નાગપુર વનડે મેચમાં ટીમ ઈન્ડિયાની ઈંગ્લેન્ડ સામેની જીત બાદ સ્ટાર બેટ્સમેન શ્રેયસ અય્યરે એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. અય્યરે ખુલાસો કર્યો છે કે તે આ મેચમાં પ્લેઈંગ 11 માં સામેલ ન હતો, પરંતુ છેલ્લી ક્ષણે પરિસ્થિતિ બદલાઈ ગઈ અને તેને તક મળી.

નાગપુર વનડેમાં ટીમ ઈન્ડિયાની જીત બાદ શ્રેયસે ખુલાસો કર્યો કે વિરાટ કોહલીની ઈજાને કારણે તેને ટીમમાં સ્થાન મળ્યું હતું. અય્યરે કહ્યું કે તે આ પરિસ્થિતિ માટે તૈયાર હતો, કારણ કે તેણે પહેલા પણ આવી પરિસ્થિતિઓનો સામનો કર્યો હતો. ODI શ્રેણીની પહેલી મેચ ગુરુવાર, 6 ફેબ્રુઆરીના રોજ રમાઈ હતી. મેચ પહેલા વિરાટ કોહલી ઈજાને કારણે નહીં રમે તેવા સમાચારથી બધા ચોંકી ગયા હતા. કોહલીએ એક દિવસ પહેલા જ ઘૂંટણમાં તકલીફની



ફરિયાદ કરી હતી, જેના કારણે તે મેચમાંથી બહાર થઈ ગયો હતો. આવી સ્થિતિમાં યુવા ઓપનર યશસ્વી જયસ્વાલને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યો હતો, જેના માટે આ તેની ODI ફોર્મેટમાં ડેબ્યૂ મેચ હતી.મેચની શરૂઆતથી અંત સુધી એવું માનવામાં આવતું હતું કે જયસ્વાલને આ મેચમાં તક મળી કારણ કે વિરાટ ઈજાને કારણે રમી રહ્યો ન હતો. પરંતુ મેચ સમાપ્ત થયા પછી અય્યરે મોટો ખુલાસો કરીને બધાને ચોંકાવી દીધા. મેચ પછી બ્રોડકાસ્ટર સાથે વાત કરતા અય્યરે કહ્યું, 'તમે બધા જાણો છો કે મારે આજની મેચમાં રમવાનું નહોતું. કમનસીબે વિરાટ કોહલી ઘાયલ થયો અને મને તક મળી. મેં મારી જાતને તૈયાર રાખી હતી.'

## હર્ષિત રાણાની 'હેટ્રિક', 50 વર્ષમાં પહેલીવાર બન્યો આ મહાન રેકોર્ડ

(એજન્સી) નાગપુર તા 07

નાગપુર વનડેમાં ઈંગ્લેન્ડની ટીમ ફક્ત 248 રનમાં આઉટ થઈ ગઈ હતી. રવીન્દ્ર જાડેજા અને હર્ષિત રાણાએ ઈંગ્લેન્ડને ભારે નુકસાન પહોંચાડ્યું. ખાસ કરીને હર્ષિત રાણાએ પોતાની ડેબ્યૂ મેચમાં

હર્ષિત રાણાએ ઈંગ્લેન્ડ સામે નાગપુર વનડેમાં ડેબ્યૂ કર્યું હતું. આ ખેલાડીએ પોતાની કારકિર્દીની પહેલી જ ODI મેચમાં પોતાની છાપ છોડી દીધી. હર્ષિત રાણાએ 3 વિકેટ લીધી અને આ સાથે તેણે એકહકીકતમાં, હર્ષિત રાણાએ ભારત માટે ત્રણેય ફોર્મેટમાં ડેબ્યૂ કર્યું છે અને ત્રણેય વખત તેણે




પહેલી મેચમાં ત્રણ કે તેથી વધુ વિકેટ લીધી છે. આ સિદ્ધિ મેળવનાર તે પ્રથમ ભારતીય ક્રિકેટર છે. ભારતીય ટીમ 1974 થી ODI ક્રિકેટ રમી રહી છે અને 50 વર્ષના ઈતિહાસમાં કોઈ ખેલાડી હર્ષિત રાણા જેવો ચમત્કાર કરી શક્યો નથી. હર્ષિત રાણાએ પોતાના ટેસ્ટ ડેબ્યૂમાં 4 વિકેટ લીધી હતી. તેણે T20 ડેબ્યૂમાં 3 વિકેટ લીધી હતી અને હવે ODI ડેબ્યૂમાં પણ 3 વિકેટ લીધી છે. હર્ષિત રાણા તેની પહેલી મેચમાં થોડો મોંઘો સાબિત થયો, પરંતુ તેણે ક્ષમતા સાબિત કરી. જમણા હાથના ઝડપી બોલરે પહેલા બેન ડકેટને આઉટ કર્યો.

## હાર્દિકએ રોહિતના ભરપેટ વખાણ કર્યા

(એજન્સી) મુંબઈ તા 07

ભારતે રોહિત શર્માની કેપ્ટનશીપમાં T20 વર્લ્ડકપ 2024 જીત્યો હતો. આ ટુર્નામેન્ટની ફાઈનલમાં ભારતીય ટીમને અંતિમ ક્ષણમાં શાનદાર વાપસી કરી હતી. આ વાપસીની શરૂઆત હેનરિક ક્લાસેનના વિકેટથી થઈ હતી. જે ભારતના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ ઝડપી હતી. હવે હાર્દિકે આ વિકેટ પાછળ રોહિત શર્માના માસ્ટર પ્લાન અંગે વાત કરી છે. હકીકતમાં ક્લાસેને આ મેચમાં શાનદાર પ્રદર્શન કરીને બધાને ચોંકાવી દીધા હતા. મેચમાં એક સમયે દક્ષિણ આફ્રિકાને 24 બોલમાં 26 રનની જરૂરીયાત હતી. પરંતુ પંડ્યાએ 17મી ઓવરની પહેલી બોલ પર ક્લાસેનને આઉટ કરી દીધો હતી. આ મહત્ત્વપૂર્ણ વિકેટ ઝડપ્યા બાદ ભારતે વાપસી કરી મેચ જીતી લીધી હતી. આ દરમિયાન હાર્દિકે રોહિતના વખાણ કરતા કહ્યું હતું કે, હું અને રોહિત શર્મા ઘણાં સમયથી સાથે રમી રહ્યા છીએ. મારી પર્સનાલિટી અને ક્રિકેટમાં હું કઈ વસ્તુઓને ધ્યાન રાખું છું એ તેને ખબર છે. આ બોલ ફેંકતા પહેલા રોહિતે મને ક્લાસેનને વાઈડ બોલ ફેંકવાની સલાહ આપી હતી. મને પણ ખ્યાલ હતો કે, તે વિચારતો હશે કે હું બોલ સ્ટમ્પ પર ફેંકીશ, કારણ કે તેનો પગ લેગ સ્ટમ્પની બાજુમાં હતો. તેથી મને ખબર હતી કે તે આ રીતે જ શોટને રમશે. મેં રન-અપ લેતા પહેલા તેની તરફ જોયું અને પોતાને કહ્યું કે, હું એક ધીમો બોલ ફેંકીશ કારણ કે અમે તે રીતે ફિલ્ડીંગ ગોઠવી ન હતી.



## ગંભીરના વિવાદની ચર્ચાઓનો આવ્યો અંત!

(એજન્સી) નાગપુર તા 07

ઓસ્ટ્રેલિયા પ્રવાસ પછીથી જ ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્મા અને મુખ્ય કોચ ગૌતમ ગંભીર વચ્ચે અણબનાવના સમાચાર આવી રહ્યા છે. પરંતુ તાજેતરમાં, એક વીડિયો દ્વારા આ બધી અફવાઓ પર વિરામ મૂકવામાં આવ્યો છે. આ વીડિયો ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની ODI સિરીઝ શરૂ થાય તે પહેલાનો છે. જે વીડિયો સોશિયલ મીડિયા પર પણ ખૂબ વાયરલ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા આ વીડિયોમાં જોઈ શકાય છે કે રોહિત શર્મા અને ગૌતમ ગંભીર ટીમ હોટલમાં એકસાથે પ્રવેશ કરી રહ્યા છે. બંનેના ચહેરા પર સ્માઈલ છે અને તેઓ એકબીજા સાથે મજાક કરતા જોવા મળે છે. આ વીડિયો સામે આવ્યા પછી, ફેન્સ કહી રહ્યા છે કે બંને વચ્ચે કોઈ પણ પ્રકારની નારાજગી નથી અને બધું પહેલા જેવું સામાન્ય છે. ગયા મહિને ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન રોહિત શર્મા અને ગૌતમ ગંભીર વચ્ચે મતભેદોના સમાચાર સામે આવ્યા હતા. રોહિતના ખરાબ ફોર્મને કારણે ટીમમાં તેના સ્થાન પર સવાલો ઉભા થઈ રહ્યા હતા, જેના કારણે તે સિડની ટેસ્ટમાં રમી શક્યો ન હતો. પરંતુ મેચ પહેલા ડ્રેસિંગ રૂમમાં તણાવના સમાચારોએ આગમાં ઘી ઉમેર્યું.

# 'કાશ્મીર મુદ્દે અમે 10 યુદ્ધ લડી લેવા તૈયાર...' પાકિસ્તાની આર્મીના વડા મુનીરની ડંફાસ

## લાહોરમાં એક રેલીમાં લશ્કર-એ-તોયબાના સુપ્રીમો હાફિઝ સઈદના પુત્ર તલ્હાએ પણ ભારત વિરુદ્ધ ઝેર ઓકતા કહ્યું

(એજન્સી) પાકિસ્તા તા 07

પાકિસ્તાન ભારત સાથે શાંતિની વાતો કરવાની સાથે કાશ્મીર મુદ્દો ઉછાળવાની સાથે ભારત વિરુદ્ધ આતંકીઓને આશરો અને તાલિમ આપે છે. વડાપ્રધાન શાહબાઝ શરીફે ભારત સાથે મિત્રતાનો હાથ લંબાવ્યો છે અને કાશ્મીર સહિતના બધા જ મુદ્દાઓ વાટાઘાટોથી ઉકેલવાની વાત કરી છે. આવા સમયે પાકિસ્તાનના આર્મી વડા અસીમ મુનીરે કાશ્મીર મુદ્દે 10 યુદ્ધ લડવાની તૈયારી દર્શાવી છે. આ સાથે લશ્કર-એ-તોયબાના સુપ્રીમો હાફિઝ સઈદના પુત્ર તલ્હાએ લાહોરમાં કાશ્મીર મુદ્દે ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું છે. આતંકવાદની નિકાસ કરવા મુદ્દે પાકિસ્તાન સમગ્ર વિશ્વમાં આર્મી ચીફ જનરલ સૈયદ અસીમ મુનીરે કાશ્મીર મુદ્દે ભારત વિરુદ્ધ આક્રમક વલણ દર્શાવતા યુદ્ધની ધમકી આપી છે.

### પાકિસ્તાન સૈન્ય કાશ્મીર માટે પહેલાં જ ત્રણ યુદ્ધ લડી ચૂક્યું છે.

**જનરલ મુનીરે કહ્યું કે,** કાશ્મીરના લોકો સાથે એકતા દર્શાવતા પાકિસ્તાન પૂરી તાકાતથી તેમની સાથે ઊભું રહેશે. પાકિસ્તાન સૈન્ય કાશ્મીર માટે પહેલાં જ ત્રણ યુદ્ધ લડી ચૂક્યું છે. વધુ 10 યુદ્ધ લડવા પડે તો પણ પાકિસ્તાન લડશે. કાશ્મીર પાકિસ્તાનની 'શાહ' નસ છે. આ એવી નસ છે જે કપાઈ જાય તો મોત થઈ જાય. ભારત વિરુદ્ધ ઝેર ઓકતા મુનીરે કહ્યું કે, ભારતના અત્યાચાર અને વધતું હિન્દુત્વ કાશ્મીરના વીડિયોમાં જૈશ અને તોયબાના આતંકીઓને પેલેસ્ટાઈનના ઝંડા સાથે બાઈક અને ઘોડા પર જોઈ શકાય છે.



### ભારત અને પાકિસ્તાન માટે તેમના તણાવપૂર્ણ સંબંધો સુધારવાની એકમાત્ર રીત વાતચીત છે.

પાકિસ્તાન કાશ્મીરીઓ પ્રત્યે સમર્થન દર્શાવવા માટે પ્રત્યેક વર્ષે આ દિવસને કાશ્મીર એકતા દિવસ તરીકે મનાવે છે. શાહબાઝ શરીફે કહ્યું કે, ભારતે ૫ ઑગસ્ટ, ૨૦૧૯ની વિચારસરણીમાંથી બહાર આવવું જોઈએ અને સંયુક્ત રાષ્ટ્રને કરેલા વચનો પૂરા કરવા જોઈએ તથા વાતચીત શરૂ કરવી જોઈએ. ભારત અને પાકિસ્તાન માટે તેમના તણાવપૂર્ણ સંબંધો સુધારવાની એકમાત્ર રીત વાતચીત છે. પીઓકેમાં હમાસના આતંકીઓનો વીડિયો સામે આવતા ભારતીય એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે. વધુમાં આ વીડિયોએ ભારત વિરુદ્ધ જૈશ, તોયબા અને હમાસની સાંઠગાંઠ ખુલ્લી પાડી દીધી છે.

**પીએમ શરીફનો શાંતિ પ્રસ્તાવ વચ્ચે ફરી 'કાશ્મીર રાગ' :** પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ફરી એક વખત ભારત સાથે મિત્રતાનો હાથ લંબાવ્યો છે. જોકે, આ સાથે તેમણે કાશ્મીરના લોકો પ્રત્યે તેમનું અટૂટ સમર્થન પણ દર્શાવ્યું છે. શાહબાઝ શરીફે 'કાશ્મીર એકતા દિવસ'ના પ્રસંગે મુઝફ્ફરાબાદમાં પાકિસ્તાનના કબજાવાળા કાશ્મીર (પીઓકે)ની વિધાનસભાના વિશેષ સત્રને સંબોધન કર્યું હતું

### આ સાથે પાકિસ્તાન પીઓકેમાં પણ ભારત વિરોધી અભિયાન ચલાવી રહ્યું છે.

પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીરમાં ભારત વિરોધી સંમેલન કર્યું હતું, જેમાં હમાસના નેતાઓ જોડાયા હતા. આ સંમેલનમાં જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તોયબાના આતંકીઓએ હમાસના આતંકીઓનું વીઆઈપી વેલકમ કર્યું હતું. તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. હમાસના નેતા લક્ઝરી એસયુવીથી રાવલકોટના શહીદ સબીર સ્ટેડિયમમાં જઈ રહ્યા છે. આ એસયુવીની આગળ પાછળ બાઈક અને ઘોડા પર જૈશ અને તોયબાના આતંકી જોવા મળી રહ્યા છે.

# USમાંથી ડિપોર્ટ થનાર કોઈ પણ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને અમારી 'જેલ'માં રાખીશું

(એજન્સી) ન્યૂયોર્ક તા 07

અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ પર કડક કાર્યવાહી શરૂ કરી દીધી છે જેનાપગલે વિશ્વભરમાં ચિંતાના વાદળો ઘેરાયા છે. જ્યારે ઘણા એવા દેશો છે જે તેમાં પોતાના માટે નવી સંભાવનાઓ જોઈ રહ્યા છે. અલ સાલ્વાડોરની પણ આવી જ સ્થિતિ છે. રાષ્ટ્રપતિ નાયબ બુકેલે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથેની બેઠકમાં એક અનોખો પ્રસ્તાવ મૂક્યો છે. પ્રસ્તાવમાં ઉલ્લેખ કર્યો કે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સની મહત્તમ સુરક્ષા જેલમાં રાખવી જોઈએ. જોકે, અમેરિકાએ તે માટે કિંમત ચૂકવવી પડશે. બુકેલે કહ્યું કે તેનાથી અમેરિકાની જેલ સિસ્ટમના એક ભાગને આઉટસોર્સ કરવાની તક મળશે. રાષ્ટ્રપતિ બુકેલે અમેરિકા દ્વારા મોકલવામાં આવેલા.



**CECOT | કોટડીમાં 60 થી 70 કેદીઓ, 24 કલાક નજર :** સીઈસીઓટી અલ સાલ્વાડોરની સૌથી મોટી જેલ છે જે 2023માં ઓપન કરવામાં આવી હતી. જેમાં મહત્તમ 40 હજાર કેદીઓની ક્ષમતા હશે. તે 8 વિશાળ ડોમથી બનેલું છે. દરેક કોઠરીમાં 65 થી 70 કેદીઓ છે. જેમની સાથે મુલાકાત કરી શકાતી નથી. બોક્સર શોર્ટ્સ પહેરેલા કેદીઓને જેલના પ્રાંગણમાં લઈ જવામાં આવે છે અને જ્યાં તેઓ એકબીજાની ઉપર બેસાડવામાં આવે છે. જ્યાં કેદીઓ બારી વિનાની જેલમાં રહે છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે જો અમારી પાસે આ કરવાની કાનૂની સત્તા હશે તો હું તરત જ કરીશ. કોઈપણ રાષ્ટ્રીયતાના કેદીઓને સીઈસીઓટી નામની સુવિધામાં બંધ કરવાની ભલામણ કરી છે.

# હમાસે તેના ગે લડવૈયાઓને મોતની સજા ફટકારી ઇઝરાયલી પુરુષ બંધકો પર બળાત્કારનો આરોપ

(એજન્સી) ગાઝા તા 07

ઈઝરાયલી સેના (IDF)એ ગાઝામાંથી હમાસના કેટલાક ગુપ્ત દસ્તાવેજો જપ્ત કર્યા છે. એવું નોંધાયું છે કે પેલેસ્ટિનિયન આતંકવાદી સંગઠન હમાસે સમલૈંગિક સંબંધો ધરાવતા તેના ઘણા લડવૈયાઓને ત્રાસ આપ્યો હતો અને તેમની હત્યા કરી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, 2023માં ઈઝરાયલથી અપહરણ કરાયેલા 94 હમાસ લડવૈયાઓએ પુરુષ બંધકો પર બળાત્કાર ગુજાર્યો હતો. જોકે, તેમાંથી કેટલાને સજા કરવામાં આવી તે અંગેની માહિતી જાહેર કરવામાં આવી નથી.

પ્રાપ્ત થયેલા દસ્તાવેજોથી જાણવા મળ્યું કે હમાસ પાસે એવા લડવૈયાઓની યાદી હતી, જેઓ સમલૈંગિકતામાં સામેલ હતા અને સંગઠનની નૈતિક ચકાસણીનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હતા. આ છોકરાઓ પર સમલૈંગિક વાતચીત, છોકરીઓ સાથે ફ્લર્ટિંગ અને અકુદરતી સેક્સનો આરોપ હતો. આ ઉપરાંત બાળકો પર બળાત્કાર અને ત્રાસ ગુજારવાના આરોપો પણ બહાર આવ્યા હતા. ગાઝામાં સમલૈંગિક સંબંધો સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. આ માટે મૃત્યુદંડ પણ થઈ શકે છે.

ગાઝામાં સમલૈંગિક સંબંધો સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. આ માટે મૃત્યુદંડ પણ થઈ શકે છે. 2016માં હમાસના એક કમાન્ડરની હત્યા કરવામાં આવી હતી દસ્તાવેજો દ્વારા જાણવા મળ્યું છે કે, એક છોકરાનું કહેવું હતું કે 'તેના ફેસબુક પર રોમેન્ટિક સંબંધ છે, તે નૈતિક રીતે વિકૃત છે.' ગાઝામાં સમલૈંગિકતા ગેરકાયદેસર છે અને તેના માટે ઘણા વર્ષોની જેલ અથવા મૃત્યુદંડની સજા થઈ શકે છે.

# નાઈજીરિયામાં સ્કૂલમાં ભીષણ આગ લગતા 17 બાળકોના મોત

(એજન્સી) નાઈજીરિયાના તા 07

નાઈજીરિયાના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં એક મોટી દુર્ઘટનાએ સમગ્ર દેશને ચોંકાવી દીધો હતો. નાઈજીરિયામાં આવેલી ઈસ્લામિક સ્કૂલમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ આગમાં ઓછામાં ઓછા 17 બાળકો દાઝી જવાથી મૃત્યુ પામ્યા હતા. આગજનીની ઘટના બાદ દેશના રાષ્ટ્રપતિએ ચિંતા વ્યક્ત કરી છે અને તપાસના આદેશ આપ્યા છે. બીજી તરફ દેશની ઈમરજન્સી રિસ્પોન્સ એજન્સીએ આગ લાગવાના કારણની તપાસ શરૂ કરી દીધી છે. નેશનલ ઈમરજન્સી મેનેજમેન્ટ એજન્સી દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બુધવારે નાઈજીરીયાના ઝમફારા રાજ્યના કૌરા નમોદા જિલ્લામાં એક ઈસ્લામિક શાળામાં આગ લાગી હતી. જ્યારે શાળામાં આગ લાગી ત્યારે શાળામાં 100 જેટલા બાળકો હાજર હતા. આગમાં ઓછામાં ઓછા 17 બાળકોના મોત થયા છે, જ્યારે એજન્સીએ જણાવ્યું હતું કે 17 બાળકો ગંભીર રીતે ઘાયલ થયા છે. તે બાળકો જિલ્લાની વિવિધ હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. એજન્સીએ કહ્યું છે કે શાળામાં આગ કયા કારણોસર લાગી તે હજુ સ્પષ્ટ નથી. જોકે, પ્રાથમિક તારણો જણાવે છે કે આગ મોઢાની સ્વચ્છતા માટે વપરાતી લાકડીઓના ઢગલાથી લાગી હતી. તે સ્થાનિક રીતે 'કારા' તરીકે ઓળખાય છે. તે શાળાની આસપાસ એકત્રિત કરવામાં આવી હતી.

# અમેરિકામાં વર્ક પરમિટ ઓટો રિન્યુઅલ નહીં થાય ! આ વિઝા ધારકો માટે વધી મુશ્કેલી

(એજન્સી) અમેરિકા તા 07

અમેરિકામાં તાજેતરમાં, રોજગાર અધિકૃતતા (વર્ક પરમિટ) માટે ઓટોમેટિક રિન્યુઅલ સમયગાળો 180 દિવસથી વધારીને 540 દિવસ કરવામાં આવ્યો હતો. પરંતુ હવે બે રિપબ્લિકન સેનેટરોએ આ નિયમને ઉથલાવી દેવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે, જે ભારતીય H-1B અને L-1 વિઝા ધારકો માટે મુશ્કેલી ઊભી કરી શકે છે. અમેરિકામાં રિપબ્લિકન સેનેટરો રિક સ્કોટ અને જોન કેનેડી એ બાઈડન વહીવટીતંત્રના નિયમને ઉથલાવી દેવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. જો આ દરખાસ્ત પસાર થઈ જાય, તો H-1B અને L-1 વિઝા ધારકોને નવી રોજગાર અધિકૃતતા માટે વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. વિવાદ અને દલીલો તરફ નજર કરવામાં આવે તો સમર્થકોનું માનવું છે કે આ નિયમ H-1B અને L-1 વિઝા ધારકો, શરણાર્થીઓ અને ગ્રીન કાર્ડ ધારકોને ઉપયોગી સાબિત થશે. વિરોધીઓ દલીલ કરે છે કે આ નિયમ ગેરકાયદેસર ઈમિગ્રેશનને પ્રોત્સાહન આપી શકે છે અને સુરક્ષાને જોખમમાં




મૂકી શકે છે. સેનેટર કેનેડી એ આ વ્યૂહરચનાને 'ખતરનાક' ગણાવી અને દાવો કર્યો કે તે ઈમિગ્રેશન અમલીકરણને નબળું પાડે છે. H-1B વિઝા કામદારો માટે છે, જેમણે ખાસ નૌકરો માટે ઉચ્ચ શિક્ષણ અથવા વિશિષ્ટ કુશળતા ધરાવવી છે. આ વિઝા સાયન્સ, ટેકનોલોજી, મેડિસિન, અને એન્જિનિયરિંગ જેવી મેડીકલ ફીલ્ડ્સમાં કામ કરવા માટે ખૂબ સામાન્ય છે. L-1 વિઝા આંતરરાષ્ટ્રીય કંપનીના કર્મચારીઓને તેમના પરિચયના દેશ (વિદેશ) માંથી અમેરિકા અથવા અન્ય દેશોમાં મોકલવા માટે છે. ભારતીયો પર આની કેવી અસર થશે તેની વાત કરવામાં આવે તો, H-1B અને L-1 વિઝા ધારકોમાં ભારતીય નાગરિકોની સંખ્યા નોંધપાત્ર છે. 2023માં, યુ.એસ. દ્વારા 76,671 L-1 વિઝા અને 83,277 L-2 વિઝા જારી કરવામાં આવ્યા, જેમાં મોટો હિસ્સો ભારતીયોને મળ્યો.

H-1B વિઝા માટે 72% વીઝા ભારતીયોને જારી કરાયા.શા માટે આ ફેરફાર મહત્વનો છે? તો વર્ક પરમિટ ઓટોમેટિક રિન્યુઅલ ભારત સહિત ઘણા દેશોના વ્યાવસાયિકો માટે અતિ મહત્વપૂર્ણ છે. વિઝા ધારકો માટે નોકરી અને રોકાણ અંગે અસ્થિરતા વધી શકે છે. ભારતીય ટેક ઉદ્યોગ પર મોટી અસર પડશે, કારણ કે યુ.એસ.માં ઘણા ભારતીયો IT અને ટેક ક્ષેત્રમાં કાર્યરત છે.આ નિયમ અંગેનો વિવાદ H-1B અને L-1 વિઝા ધારકો માટે મહત્ત્વનો બની શકે છે. જો ઓટોમેટિક રિન્યુઅલ રદ થાય, તો ભારતીય વ્યાવસાયિકો અને તેમના કુટુંબો માટે નોકરી અને રોકાણ અંગે નવી મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે. શા માટે આ ફેરફાર મહત્વનો છે? તો વર્ક પરમિટ ઓટોમેટિક રિન્યુઅલ ભારત સહિત ઘણા દેશોના વ્યાવસાયિકો માટે અતિ મહત્વપૂર્ણ છે. વિઝા ધારકો માટે નોકરી અને રોકાણ અંગે અસ્થિરતા વધી શકે છે. ભારતીય ટેક ઉદ્યોગ પર મોટી અસર પડશે, કારણ કે યુ.એસ.માં ઘણા ભારતીયો IT અને ટેક ક્ષેત્રમાં કાર્યરત છે.

# દેશ નિકાલ માટે લશ્કરી વિમાનનો ઉપયોગ કેમ કરાયો?

(એજન્સી) અમેરિકા તા 07

ગેરકાયદેસર ગણાતા ભારતીય ઈમિગ્રન્ટ્સને લઈને પ્રથમ અમેરિકન લશ્કરી વિમાન અમૃતસર પહોંચ્યું હતુ. તેમાં 205 ભારતીયો હતા. આ એક લશ્કરી વિમાન C-17 હતું, જે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને લઈને આવ્યું હતું. અમેરિકા આ વિમાનો દ્વારા અન્ય દેશોમાં પણ ઈમિગ્રન્ટ્સને પાછા મોકલી રહ્યું છે. જ્યારે ઘણા દેશો પણ તેનો વિરોધ કરી રહ્યા છે. આ વિમાનોનો ઉપયોગ પણ ખૂબ ખર્ચાળ છે.ટ્રમ્પ અમેરિકાથી ઈમિગ્રન્ટ્સને પાછા મોકલવા માટે મોંઘા લશ્કરી વિમાનનો ઉપયોગ કેમ કરી રહ્યા છે?

# અમેરિકાએ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સામે કરી કાર્યવાહી

(એજન્સી) અમેરિકા તા 07

ટ્રમ્પે ચૂંટણી પ્રચાર દરમિયાન ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને હાંકી કાઢવાનું વચન આપ્યું હતું. અમેરિકાએ ભારતને લગભગ 18 હજાર ભારતીયોની યાદી સોંપી છે જેઓ અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા હતા. તેમજ અમેરિકાએ તમામ દેશોને તેમના ગેરકાયદેસર વસાહતીઓને પરત લાવવા માટે સરકારને સહયોગ કરવાની અપીલ કરી છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દેશભરમાંથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સનો શિકાર કરી રહ્યા છે અને તેમને બહાર કાઢી રહ્યા છે. સોમવારે, યુએસ સુરક્ષા એજન્ટો ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને શોધવા માટે ન્યૂયોર્ક અને ન્યૂ જર્સીના ગુરુદ્વારા પહોંચ્યા હતા. બાઈડને પૂજાના સ્થળો સહિત 'સંવેદનશીલ' વિસ્તારોમાં અથવા તેની નજીક કાયદાના અમલીકરણને અટકાવતી નીતિને રદ કર્યા પછી આ કાર્યવાહી થઈ છે.ડોનાલ્ડ ટ્રમ્પે યુનાઈટેડ સ્ટેટ્સના 47મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધાના થોડા કલાકો પછી, સુરક્ષા વિભાગના કાર્યકારી ગૃહ સચિવ બેન્જામિન હફમેને બિડેન વહીવટની માર્ગદર્શિકા રદ કરી. જે બાદ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીના પ્રવક્તાએ કહ્યું, "ગુનેગારો ધરપકડથી બચવા માટે હવે અમેરિકાની શાળાઓ અને ચર્ચોમાં છુપાઈ શકશે નહીં. ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન આપણા બહાદુર કાયદા અમલીકરણના હાથ બાંધશે નહીં.

# અમેરિકન સૈન્યનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત

(એજન્સી) ફિલિપાઈન્સ તા 07

ફિલિપાઈન્સમાં એક અમેરિકન સૈન્યનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું છે જેમાં ચાર લોકો મૃત્યુ પામી ગયાના અહેવાલ છે. મૃતકોમાં ત્રણ ડિફેન્સ સેક્ટરના કોન્ટ્રાક્ટર અને પાઈલટ સામેલ હોવાની જાણકારી છે. આ વિમાન દક્ષિણ ફિલિપાઈન્સના એક ખેતરમાં દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. અમેરિકન ઈન્ડો પેસિફિક કમાન્ડે જણાવ્યું કે આ વિમાન ફિલિપાઈન્સના સહયોગીઓના આગ્રહ બાદ ગુપ્ત માહિતી, નિરીક્ષણ અને પેટ્રોલિંગમાં મદદ કરવા માટેના એક નિયમિત મિશન માટે ગયું હતું. ફિલિપાઈન્સ નાગરિક ઉડ્ડયન ઓથોરિટીએ જણાવ્યું કે માગુઈંડાનાઓ ડેલ સુર પ્રાંતમાં એક હળવું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું છે. ત્યાંના સુરક્ષા અધિકારી અમીર જેહાદ ટિમ અંબોલોદ્ટોએ કહ્યું કે અમ્પાટુઆન શહેરમાં વિમાન તૂટી પડ્યું.

# ટ્રમ્પે આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ કોર્ટ પર પ્રતિબંધો લાદ્યા



## આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલત (ICC) પાસે ધરપકડની સત્તા નથી ઇઝરાયલી PM નેતન્યાહુ સામે ધરપકડ વોરંટનો વિરોધ

(એજન્સી) વોશિંગ્ટન તા 07

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે આંતરરાષ્ટ્રીય ગુનાહિત અદાલત (ICC) પર પ્રતિબંધો લાદવાનો આદેશ જાહેર કર્યો. ICC દ્વારા ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન યોવ ગેલન્ટ વિરુદ્ધ ધરપકડ વોરંટ જાહેર કર્યા બાદ ટ્રમ્પે આ પગલું ભર્યું હતું. ટ્રમ્પે આદેશમાં કહ્યું હતું કે અમેરિકા અને ઈઝરાયલ આ કોર્ટના સભ્ય નથી અને ન તો તેઓ તેને માન્યતા આપે છે. આઈસીસીએ પોતાની સત્તાનો દુરુપયોગ કર્યો છે. તેમણે ICC અધિકારીઓ, સ્ટાફ અને તેમના પરિવારના સભ્યો તેમજ તપાસમાં મદદ કરનારા કોઈપણ વ્યક્તિની સંપત્તિ સ્થગિત કરવા અને મુસાફરી પર પ્રતિબંધ મૂકવાનો આદેશ પણ આપ્યો. આનો અર્થ એ થયો કે પ્રતિબંધમાં સામેલ તમામ લોકોની અમેરિકામાં રહેલી બધી સંપત્તિઓ સ્થગિત કરવામાં આવશે. આ ઉપરાંત તેમને અમેરિકા જવાથી પ્રતિબંધિત કરવામાં આવશે. વિઝા આપવામાં આવશે નહીં. નેતન્યાહૂ અમેરિકાના પ્રવાસે છે. તેઓ 4 ફેબ્રુઆરીએ વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પને અને 6 ફેબ્રુઆરીએ કાયદા નિર્માતાઓને મળ્યા હતા. ICC એ 21 નવેમ્બરના રોજ નેતન્યાહૂ અને ગેલન્ટ વિરુદ્ધ યુદ્ધ અપરાધો, માનવાધિકાર ઉલ્લંઘન અને ગાઝામાં નરસંહારના આરોપસર ધરપકડ વોરંટ જાહેર કર્યું હતું. 10 જાન્યુઆરીના રોજ ICC પર પ્રતિબંધ સંબંધિત બિલ નીચલા ગૃહ દ્વારા પસાર કરવામાં આવેલું.

### અમેરિકા પહેલાથી જ ICC પર પ્રતિબંધો લગાવી ચૂક્યું છે

અમેરિકા પહેલાથી જ ICC પર પ્રતિબંધો લગાવી ચૂક્યું છે. આ પહેલા, ડોનાલ્ડ ટ્રમ્પે 2020 માં તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન ICC પર પ્રતિબંધો લાદ્યા હતા. વાસ્તવમાં, ICC એ અફઘાનિસ્તાનમાં અમેરિકા અને પેલેસ્ટાઈનમાં ઈઝરાયલની ગુનાહિત પ્રવૃત્તિઓની તપાસ શરૂ કરી હતી. આની સામે, ટ્રમ્પ વહીવટીતંત્રે ICC પર પ્રતિબંધો લાદ્યા હતા. જોકે, જો બિડેન રાષ્ટ્રપતિ બન્યા પછી આ પ્રતિબંધો હટાવી લેવામાં આવ્યા હતા.

# 'તમે ફરિયાદી નહીં પણ પજવણી કરનારા છો...', સુપ્રીમ કોર્ટ

## સરકારની એન્ટિ ગેંગસ્ટર્સ લો હેઠળ અરજદારો સામે યોગ્ય રીતે કાર્યવાહી ન કરવા બદલ ઝાટકણી કાઢી હતી

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

સુપ્રીમ કોર્ટે ગુરુવારે ઉત્તરપ્રદેશ સરકારની એન્ટિ ગેંગસ્ટર્સ લો હેઠળ અરજદારો સામે યોગ્ય રીતે કાર્યવાહી ન કરવા બદલ ઝાટકણી કાઢી હતી. સુપ્રીમ કોર્ટે યુપી સરકારને ત્યાં સુધી જણાવ્યું હતું કે તમે ફરિયાદ કરનાર નહીં પણ પજવણી કરનાર છો.ન્યાયાધીશ બી આર ગવઈ અને કે વિનોદ ચંદ્રની બેન્ચે રાજ્યે આરોપીઓમાં એક દાખલ કરેલા સોગંદનામામાં સવાલ ઉઠાવ્યો હતા.આ સોગંદનામા સામે તેમણે સવાલ કર્યો હતો કે શામાટે તમેની સામેના કેસો ફગાવી ન દેવામાંઆવે અથવા તેને નિર્દોષ છોડવામાં ન આવે. તમે અહીં એવા કેસો પણ સમાવ્યા છે જે રદ કરાયા છે અને ક્યાં તો નિર્દોષ છોડાયો છે. શું આ તમારી મોડસ ઓપરેન્ડી છે, આવું હોય તો તમને કાર્યવાહી કરનાર નહીં પણ પજવણી કરનાર કહી શકાય.



તેના પછી કોર્ટે ઉત્તરપ્રદેશ ગેંગસ્ટર્સ એન્ડ એન્ટી સોશિયલ એક્ટિવિટીઝ (પ્રીવેન્શન) એક્ટ ૧૯૮૬ હેઠળ આરોપોનો સામનો કરી રહેલા ચાર જણને જામીન આપ્યા હતા. બેન્ચે યુપી સરકારને પૂછ્યુ હતું કે શું અરજદારને કેટલાક કિસ્સામાં જામીન પર છોડવામાં આવ્યો છે અને જો કેટલીક કાર્યવાહી રદ કરવામાં આવી હોય તો તેને છોડી દેવો જોઈએ. તમને તે જરુરી નથી લાગતું કે તમે કોર્ટ સમક્ષ વાસ્તવિક હકીકતનું નિરુપણ કરો.આરોપીઓએ અલ્હાબાદ હાઈકોર્ટે નવેમ્બર ૨૦૨૪માં તેમની જામીન અરજી રદ કરી તેને સુપ્રીમકોર્ટમાં પડકારી હતી. આરોપીઓના વકીલે જણાવ્યું હતું કે તેમના સીલ ભાઈઓ છે અને તેમના પર ૨૦૧૭ પછી કેસ કરવામાં આવ્યો હતો, તે સમયે તેમના પિતા રાજકીય પક્ષના વિધાનસભા પરિષદના સભ્ય હતા. તેમણે જણાવ્યું હતું કે રાજ્યએ આ કિસ્સામાં એવી મોડસ ઓપરેન્ડી અપનાવી છે કે અરજદારને એક કેસમાં જામીન મળે તો તેની સામે બીજા કેસમાં એફઆઈઆર દાખલ કરી દેવામાંઆવે છે. આમ અરજદારને રાહત મળે તેવો કોઈ રસ્તો ખુલ્લા રાખવામાં આવતો નથી. રાજ્યના જ સોગંદનામામાં જણાવાયું છે કે અરજદારોમાં એકની સામે ૨૮ એફઆઈઆર છે અને બીજા સામે ૧૫ એફઆઈઆર છે.

## મહારાષ્ટ્રમાં લઘુમતી-દલિતોના નામ વૉટર્સ લિસ્ટમાંથી કપાયા: રાહુલ ગાંધીનો EC પર ગંભીર આરોપ

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

લોકસભા નેતા પ્રતિપક્ષ અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ શુક્રવારે (7 ફેબ્રુઆરી) ગઠબંધન પાર્ટી સાથે જોઈન્ટ પ્રેસ કોન્ફરન્સ કરી છે. રાહુલ ગાંધીએ આ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ગોટાળો થયો છે. આ સિવાય રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર પણ ધાંધલી કરવાનો આરોપ લગાવ્યો છે. રાહુલ ગાંધીએ મતદાતાઓ વિશે વાત કરતાં કહ્યું કે, મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મતદાતાઓ અને મતદાર યાદીમાં ગડબડ જોવા મળી છે. અમારી ટીમ દ્વારા તેના પર કામ કરવામાં આવ્યું છે, જેમાં અમને ઘણી અનિયમિતતા જોવા મળી છે. કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું કે, મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં વોટર્સ લિસ્ટમાંથી અલ્પસંખ્યકો અને દલિતોના વોટ કાપવામાં આવ્યા છે. મહારાષ્ટ્રની 3 મોટી પાર્ટી ચૂંટણી પંચ પાસે મતદાર યાદી માંગી રહી છે, જે અમને નથી આપી રહ્યાં.મહારાષ્ટ્ર ચૂંટણીમાં ધાંધલીનો આરોપ લગાવતા રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પાસે જવાબ માંગ્યો. તેમણે કહ્યું કે, મહારાષ્ટ્રમાં 2019 બાદ પાંચ વર્ષમાં 32 લાખ મતદાર જોડવામાં આવ્યા હતાં.

### ઉદ્ધવ ઠાકરે સાથે છેડો ફાડશે અનેક ધારાસભ્ય?

# ઠાકરે જૂથના 6 સાંસદો શિંદે અને ભાજપના સંપર્કમાં: મહારાષ્ટ્રમાં 'ઓપરેશન ટાઈગર'

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીનું પરિણામ આવ્યું ત્યારથી જ મહારાષ્ટ્રમાં વિવિધ અટકળો ચાલી રહી છે. એવામાં હવે ઉદ્ધવ ઠાકરેની આગેવાનીવાળી શિવસેના (UBT)માં ભંગાણ પડવાની ચર્ચાઓ તેજ થઈ છે. ઉદ્ધવની સેનાના ઘણાં ધારાસભ્યો, સાંસદ અને પૂર્વ ધારાસભ્ય પાર્ટી છોડીને એકનાથ શિંદેની શિવસેના સાથે હાથ મિલાવી શકે છે. મહારાષ્ટ્રના ઉદ્યોગ મંત્રી ઉદય સામંતે દાવો કર્યો છે કે, ઉદ્ધવ ઠાકરેના ઘણાં ધારાસભ્ય, સાંસદ, પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ સાંસદ નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેના સંપર્કમાં છે. 'ઓપરેશન ટાઇગર' 3 મહિનાની અંદર સફળ થશે. ઉદય સાવંતે દાવો કર્યો કે, એકનાથ શિંદેના નેતૃત્વમાં જે કામ થયું છે, તેનાથી લોકોને એવી અનુભૂતિ



થઈ છે કે, એકનાથ શિંદેના નેતૃત્વમાં જ કામ કરવું જોઈએ. આવનાર ત્રણ મહિનામાં જે પૂર્વ ધારાસભ્ય ઉદ્ધવ ઠાકરેની પાર્ટીમાં હતાં તે જલ્દી જ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ છોડીને એકનાથ શિંદેનું નેતૃત્વ અપનાવી લેશે.

મહારાષ્ટ્રના ઉદ્યોગ મંત્રીએ એકનાથ શિંદેની નારાજગીના પ્રશ્ન પર જવાબ આપતા કહ્યું કે, 'એકનાથ શિંદે નારાજ છે કે નહીં, તેના પર વિપક્ષે એનાલિસિસ કરવાની બદલે જે લોકો મુખ્યમંત્રી બનવા જઈ રહ્યાં હતાં, તેમની હાલત કેવી છે તે વિચારવું જોઈએ. એકનાથ શિંદે મુખ્યમંત્રીની બેઠકમાં કેમ સામેલ ન થયાં તેનો ખુલાસો ખુદ મુખ્યમંત્રીએ આપી દીધો છે. કોંગ્રેસવાળા પહેલાં પોતાને જુએ'.લાડલી બહન યોજનાએ વિપક્ષને કંગાળ કર્યું.આ સિવાય વિપક્ષે મહારાષ્ટ્ર સરકાર પર આરોપ લગાવ્યો હતો કે, લાડલી બહન યોજનાએ મહારાષ્ટ્રને કંગાળ કરી દીધું છે. તેનો જવાબ આપતાં ઉદય સાવંતે કહ્યું કે, લાડલી બહન યોજનાએ વિપક્ષને કંગાળ કરી દીધું છે. તેથી આવા આરોપ લગાવી રહ્યાં છે.

### અનૈતિક અને શિક્ષકના સામાજિક ધર્મ વિરુદ્ધ માન્યો

# પાર્ટીમાં માથે દારૂનો ગ્લાસ મૂકી નાચતા શિક્ષકનો વીડિયો વાયરલ થતાં સસ્પેન્ડ કરાયા

(એજન્સી) હાપુડ | તા.07

ઉત્તર પ્રદેશના હાપુડ જિલ્લામાં એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. એક પાર્ટીમાં માથા પર દારૂનો ગ્લામ મૂકીને ડાન્સ કરનાર શિક્ષકને બીએસએએ સસ્પેન્ડ કરી દીધાં છે. મલકપુર સ્થિત કમ્પોઝિટ સ્કુલમાં તૈનાત શિક્ષક સુનીલ કુમારનો માથા પર દારૂનો ગ્લાસ મૂકીને ડાન્સ કરવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ મામલાની તપાસ બાદ બીએસએએ કાર્યવાહી કરી છે. માથા પર દારૂનો ગ્લાસ મૂકીને ડાન્સ કરતાં નજર આવ્યા શિક્ષકબે અઠવાડિયા પહેલા એક શિક્ષકનો દારૂ પાર્ટીમાં ગ્લાસ માથા પર મૂકીને ડાન્સ કરવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. તે એક પાર્ટીમાં દારૂ પાર્ટી



કરવા દરમિયાન માથા પર દારૂનો ગ્લાસ મૂકીને ડાન્સ કરી રહ્યાં હતાં. જેની અમુક લોકોએ ફરિયાદ બીએસએ રિતુ તોમરથી કરી હતી.

કમ્પોઝિટ સ્કુલમાં તહેનાત છે શિક્ષક સુનીલ કુમાર

તપાસ બાદ સામે આવ્યું કે ગામ મલકપુર સ્થિત કમ્પોઝિટ સ્કુલમાં તહેનાત શિક્ષક સુનીલ કુમાર એક પ્રાઈવેટ પાર્ટીમાં દારૂનો ગ્લાસ માથા પર મૂકીને ડાન્સ કરી રહ્યાં છે. જેને વિભાગે અનૈતિક અને શિક્ષકના સામાજિક ધર્મ વિરુદ્ધ માન્યો. બીએસએ રિતુ તોમરે જણાવ્યું કે તપાસ બાદ આરોપિત શિક્ષકને સસ્પેન્ડ કરી દેવાયા છે.

### મધ્યપ્રદેશના મહૂમાં ભયાનક અકસ્માત

# ટેન્કર-ટ્રાવેલર વચ્ચે ટક્કરમાં 4ના મોત, 10 ઈજાગ્રસ્ત

(એજન્સી) માનપુર । તા. 07

મધ્યપ્રદેશના મહૂ તહસીલના માનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુરુવારની રાત્રે એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. મુસાફરો ભરેલ ટેમ્પો ટ્રાવેલર ટેન્કર સાથે ધડાકાભેર અથડાયો હતો. આ ઘટનાની ચપેટમાં એક બાઈક પણ આવી ગયું અને તેના પર સવાર બે લોકોના મોત થયા. આ અકસ્માતમાં કુલ 4 લોકોના મોત થયા છે.આ ઘટનામાં મહિલાઓ અને એક બાળક સહિત 10 લોકો ઘાયલ થયા છે. ઘટનાની માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. ટ્રાવેલરમાં સવાર તમામ મુસાફરો કર્ણાટકના રહેવાસી હતા. મહાકાલના દર્શન કરીને તમામ તીર્થયાત્રીઓ મહારાષ્ટ્ર તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન આ ઘટના બની હતી.માનપુર પોલીસ સ્ટેશનના એએસઆઈ રવિએ જણાવ્યું હતું કે, 'ટ્રાવેલર ટેન્કર સાથે અથડાતા પહેલા ટ્રાવેલરએ બાઈકને ટક્કર મારી હતી. જેમાં મધ્યપ્રદેશના સેંધવાના રહેવાસી શુભમ અને ધરમપુરીના રહેવાસી હિમાંશુનું મોત થયું છે. ટ્રાવેલરમાં મુસાફરી કરી રહેલી બે મહિલાઓના પણ મોત થયા છે. તેમની ઓળખ માટે પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, અકસ્માત એટલો ગંભીર હતો કે પેસેન્જર વાહનના ફૂરચા ઊડી ગયા હતા.

# કેબિનેટે સફાઈ કર્મચારીઓ માટેના રાષ્ટ્રીય કમિશનના કાર્યકાળને 31.03.2025થી ત્રણ વર્ષ માટે લંબાવવાની મંજૂરી આપી

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

પ્રધાનમંત્રી મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગ (એનસીએસકે) નાં કાર્યકાળને 31.03.2025 થી (એટલે કે 31.03.2028 સુધી) ત્રણ વર્ષ માટે લંબાવવાની મંજૂરી આપી દીધી છે. એનસીએસકેનાં ત્રણ વર્ષનાં વિસ્તરણ માટે કુલ નાણાકીય બોજ અંદાજે રૂ.50.91 કરોડ થશે. આઈટી સફાઈ કામદારોના સામાજિક-આર્થિક ઉત્થાનને સરળ બનાવવામાં, સેનિટેશન ક્ષેત્રમાં કામ કરવાની સ્થિતિમાં સુધારો કરવામાં અને જોખમી સફાઈ કરતી વખતે શૂન્ય જાનહાનિ હાંસલ કરવાનું લક્ષ્ય રાખવામાં મદદ કરશે.

### એનસીએસકેનો આદેશ આ મુજબ છે



(ક) સફાઈ કર્મચારીઓનો દરજ્જો, સુવિધાઓ અને તકોમાં અસમાનતાઓને દૂર કરવા માટે ચોક્કસ કાર્યક્રમોની કેન્દ્ર સરકારને ભલામણ કરવી.

(બી) ખાસ કરીને સફાઈ કર્મચારીઓ અને સફાઈ કામદારોના સામાજિક અને આર્થિક પુનર્વસનને લગતા કાર્યક્રમો અને યોજનાઓના અમલીકરણનો અભ્યાસ અને મૂલ્યાંકન;

(સી) ચોક્કસ ફરિયાદોની તપાસ કરવી અને (1) સફાઈ કર્મચારીઓના કોઈપણ જૂથના સંબંધમાં કાર્યક્રમો અથવા યોજનાઓનો અમલ ન કરવા, (2) સફાઈ કર્મચારીઓની મુશ્કેલીઓને હળવી કરવાના હેતુથી નિર્ણયો, માર્ગદર્શિકાઓ વગેરેનો અમલ ન કરવા સંબંધિત બાબતોની સુઓ-મોટો નોંધ લેવી; (iii) સફાઈ કર્મચારીઓ વગેરેના સામાજિક અને આર્થિક ઉત્થાન માટેનાં પગલાં,

(ડી) સફાઈ કર્મચારીઓની આરોગ્ય સુરક્ષા અને વેતન સાથે સંબંધિત બાબતો સહિત કાર્યકારી પરિસ્થિતિઓનો અભ્યાસ અને દેખરેખ રાખવી,

(e) સફાઈ કર્મચારીઓને લગતી કોઈ પણ બાબત અંગે કેન્દ્ર કે રાજ્ય સરકારને અહેવાલ આપવો, જેમાં સફાઈ કર્મચારીઓને પડતી મુશ્કેલીઓ કે વિકલાંગતાને ધ્યાનમાં રાખીને જાણ કરવી; અને

(એફ) અન્ય કોઈ પણ બાબત કે જે કેન્દ્ર સરકાર દ્વારા તેને સંદર્ભિત કરી શકાય છે.

**સુધારો**

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અમદાવાદમાં તા. 07-02-2025 ના રોજ ટેન્ડર નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવી હતી આ બાબતમાં કંપનીનું નામ ખોટી રીતે મેસર્સ રિયલ સ્ટ્રીપ લિમિટેડ તરીકે દર્શાવવામાં આવ્યું છે પરંતુ સાચું નામ મેસર્સ રાજરત્ન મેટલ ઈન્ડસ્ટ્રીઝ છે. કૃપા કરીને તે મુજબ વાંચો.

ઈ-ઓક્શન ઈનસાઈટ્સ પ્રાઈવેટ લિમિટેડ (ઓક્શનિયર્સ).
સરનામું:- 148, શેરી નંબર 11, ભાખરા એન્ક્લેવ, ગુરુદ્વારા સાહેબ માલીમાજરા પાસે, તહસીલ અને જિલ્લા પટિયાલા, પંજાબ -147001

**ઈ-ઓક્શન નોટિસ**

મેસર્સ રાજરત્ન મેટલ ઈન્ડસ્ટ્રીઝના વિવિધ પ્રકારના સ્ટેનલેસ સ્ટીલ કોઈલના પાણી/ડૂબવા/ડેમેજ સ્ટોક - જથ્થા -190382.10 કિગ્રાના 'જ્યાં છે ત્યાં' આધારે સખત રીતે નિકાલ માટે રસ ધરાવતા ખરીદદારો પાસેથી ઇ-ઓક્શન ફોર્મ મંગાવવામાં આવે છે. ઉપરોક્ત સામગ્રીના બચાવનું નિરીક્ષણ મેસર્સ રાજરત્ન મેટલ ઈન્ડસ્ટ્રીઝ , સર્વે નંબર 245 , ગામ: સારી , સરખેજ બાવળા હાઈવે - તાલુકો: સાણંદ , બાવળા, અમદાવાદ -382229 07-02-25 થી 22-02-25 દરમિયાન શ્રી અતુલ શાહ ના મોબાઈલ નંબર 9824025200 પર અગાઉથી એપોઈન્ટમેન્ટ લીધા પછી કરી શકાય છે. ઈ-ઓક્શન 24-02-2025 ના રોજ યોજાશે. ઈ-ઓક્શન ફોર્મ માટે શ્રી નીરજ સદાનાનો મોબાઈલ 8434340000 પર સંપર્ક કરો.

**ઈ-ઓક્શન ઈનસાઈટસ પ્રાઈવેટ લિમિટેડ (હરાજી કરનાર)**

સરનામું:- 148, શેરી નંબર 11, ભાખરા એન્ક્લેવ, ગુરુદ્વારા સાહેબ મલોમાજરા પાસે, તહેસીલ અને જિલ્લા પટિયાલા, પંજાબ -147001 અથવા વધુ વિગતો માટે અમને ઈમેઈલ કરો: info@eauctionbharat.com. ઈ-ઓક્શન ફોર્મ સબમિટ કરવાની છેલ્લી તારીખ 23-02-2025 સાંજે 05:00 પહેલાં છે.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**ઈલેક્ટ્રિકલ કામ**

**ઈ-ટેન્ડર નોટીસ નં.** સિની.ડીઈઈ/એડીઆઈ/62 (24-25) તા.06-02-2025. **ટેન્ડર નં.** ઈએલ-50-1-એડીઆઈ-ટી-81-2024-25 **કામનું નામ:** અમદાવાદ ડિવિઝન પર વિવિધ સ્થળો ખાતે 02 વર્ષના સમયગાળા માટે ભાડાના ધોરણે ડેઝર્ટ કુલર્સની જોગવાઈના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ. **અંદાજીત પડતર:** ₹ 74,39,065.60 **અર્નેસ્ટ મની:** ₹ 1,48,800/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમય:** તા.04-03-2025 ના 15:00 કલાકે તે પછી નહિં અને તા.04-03-2025 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું અને વેબસાઈટ વિગત:** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345. **વેબસાઈટ વિગત:** www.ireps.gov.in ADI-315

અમને ફોલો કરો: twitter.com/WesternRly

## અનુષ્કા શંકર અને પેટાએ ત્રિશૂરના મંદિરને 800 કિલોના યાંત્રિક હાથીનું દાન કર્યું

(એજન્સી) ત્રિચૂર તા. 07

કેરળના ત્રિચૂરમાં આવેલાં કોમ્બારા શ્રીકૃષ્ણ સ્વામી મંદિરે તેમના કોઈપણ ધાર્મિક કાર્યમાં અસલી હાથીઓના ઉપયોગ કરવાનું બંધ કરવાનો નિર્ણય લેતાં આ નિર્ણયને વધાવી લેતાં સિતારવાદક અનુષ્કા શંકરે પેટા ઈન્ડિયાની સાથે મળી આ મંદિરને બુધવારે આઠ મીટર લાંબા અને ૮૦૦ કિલોના વજનના યાંત્રિક હાથીનું દાન કર્યું હતું. આ હાથીનું નામ કોમ્બારા કન્નન પાડવામાં આવ્યું છે. કોમ્બારા કન્નન શ્રીકૃષ્ણ સ્વામી મંદિરમુક્ત ના વહીવટીતંત્રએ તેના કોઈપણ કાર્યમાં અસલી હાથી ન ખરીદવાનો કે ભાડે ન લેવાનો નિર્ણય લીધો તેના પગલે પેટા ઈન્ડિયાએ આ નિર્ણયને વધાવી લઈ મંદિરને એક મિકેનિકલ હાથી દાનમાં આપવાની જાહેરાત કરી હતી. પૈડાં પર ચાલતાં આ કોમ્બારા કન્નન હાથીને એક સમારોહમાં પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. આ હાથીનું અનાવરણ ઉન્નાયી વરિયાર મેમોરિયલ કલાનિલયમના સેક્રેટરી સતીશ વિમલને કર્યું હતું. પેટાની વેબસાઈટમાં અનુષ્કાશંકરના નિવેદનમાં જણાવ્યું છે કે આ હાથી દાનમાં આપવા હું ઉત્સાહિત છું. કોમ્બારા કન્નનને ભક્તો અને તેમાં પણ બાળકોના દિલને ખુશ કરી દીધું છે કેમ કે તે મંદિરની જરૂરિયાત અનુસાર કામ કરી શકે છે.

# પાવીજેતપુર તાલુકામાં સાધલી PHC ખાતે એક્સ-રે કેમ્પ અને TB કોમ્યુનિટી મીટીંગ

કમલેશ પટેલ । સંખેડા

વડાપ્રધાન ના ટીબી મુક્ત ભારત સરકાર શ્રી તરફથી 2025 માં ટીબી નાબૂદી અભિયાન શરૂ કરવામાં આવેલ છે જે અંતર્ગત NTEP વિભાગ છોટાઉદેપુર જિલ્લા ખાતેથી વિરાટ ડાયગનોસિસ વિભાગ અને જિલ્લા શય આરોગ્ય ડિપાર્ટમેન્ટ ના સહયોગથી પાવી જેતપુર તાલુકાના સાધલી PHC ખાતે આરોગ્ય નિદાન કેમ્પ અને ટીબી સ્ક્રિનિંગ કેમ્પ રાખવામાં આવ્યો હતો જે સંદર્ભે સાધલી Phc ના



ગામના અને આજુબાજુના વિસ્તારના ટીબી શંકાસ્પદ દર્દીઓએ લાભ લીધેલ હતો જેમાં ઉપસ્થિત નિદાન ટીમ આરોગ્ય ની ટીમ અને જેમાં ટીબી સુપરવાઈઝર વિનોદભાઈ વણકર , PHC સુપરવાઈઝર રસિકભાઈ રાઠવા,FHW વણકર નિકિતાબેન અને MPHW ,LT તેમજ સાધલી પીએચસી ના આરોગ્ય ની ટીમ નું યોગદાન રહ્યું હતું આ કેમ્પ દરમિયાન વિવિધ પ્રકારની સેવા આપવામાં આવી જેમાં મોટી સંખ્યાઓમાં દર્દીઓ સેવા લીધી હતી જેમકે ટીબી શંકાસ્પદ દર્દીના 110 એક્સરે પાડવામાં આવ્યા અને 29 દર્દીના ગળફાની તપાસ કરવામાં આવી તપાસ કરવામાં આવી. અને આ કેમ્પમાં ઉપસ્થિત રહેલા દર્દીઓને સુપરવાઈઝર વિનોદભાઈ વણકર દ્વારા કોમ્યુનિટી મીટીંગ નું આયોજન કરી ટીબી રોગ વિશેની માહિતી પૂરી પાડવામાં આવી હતી. જેવી કે ટીબી ના લક્ષણો જેવા કે ખાંસી આવી ભૂખ ન લાગવી વજન ઘટી જવું છાતીમાં દુખાવો થવો સાંજના સમયે ઝીણો તાવ આવો ગળફામાં લોહી પડવું વગેરે લક્ષણો વિશે માહિતી આપવામાં આવી, નિદાન સારવાર અને સરકારશ્રી તરફથી આપવામાં આવતી નિક્ષય પોષણ યોજના હેઠળ સહાય વિશેની પણ સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

**નામ બદલેલ છે**

મારુ જૂનું નામ :- **અલ્લારકુ ગુલામમોહમ્મદ મોહમીન** હતું જે બદલીને નવું નામ:- **અલ્લારખુ ગુલામમોહમંદ મોમીન** રાખેલ છે.જેની નોંધ લેવી.
**લી. અલ્લારખુ ગુલામમોહમંદ મોમીન**

**સરનામું :-** ૩૯૨૧ ખલિફા સ્ટ્રીટ, દમણી ઝાંપા, પારડી, ડી:વલસાડ, ગુજરાત - ૩૯૬૧૨૫, મો નં : ૯૮૨૫૮૫૯૬૮૭

**નામ બદલેલ છે**

મારુ જૂનું નામ :- **ખેરૃનીશા અલ્લારખુ મોમીન** હતું જે બદલીને નવું નામ:- **ખેરુનીશા અલ્લારખુ મોમીન** રાખેલ છે.જેની નોંધ લેવી.
**લી. ખેરુનીશા અલ્લારખુ મોમીન**

**સરનામું :-** ૩૯૨૧ ખલિફા સ્ટ્રીટ, દમણી ઝાંપા, પારડી, ડી:વલસાડ, ગુજરાત - ૩૯૬૧૨૫, મો નં : ૯૫૫૮૫૪૭૨૮૮

NOTICE

**NOTICE** is hereby given that certificates for 9760 shares bearing Nos. **8353621-8359740 & 8359741-8363380,** under folio No.:**D000001879** of ACC Limited standing in the name(s) of **Chelabai Dinkarrao Nayak** has/have been lost or misplaced and the undersigned has/have applied to the Company to issue duplicate certificate(s) for the said shares.

Any person(s) in possession of the said share certificates or having any claim(s) to the said shares should notify to and lodge such claim(s) with the Share Department of the Company at Cement House, 121, Maharshi Karve Road, Mumbai-400 020. within 21 days from the date of publication of this Notice after which period no claims will be entertained and the Company will proceed to issue duplicate share certificates.

Sd/-
Date: 08/02/2025 Dr Mantal Chandrakant Nayak

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**બીન ભાડા આવક કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી**

ઉપરોક્ત સંદર્ભમાં, અમદાવાદ ડિવિઝન ના નીચે મુજબના આઈઆરઆઈપીએસ વેબસાઈટ પર પહેલે થી પ્રકાશિત કરવામાં આવેલ, કેટલોગ્સ માટે બીન ભાડા આવક કોન્ટ્રાક્ટ્સની ઈ-હરાજી માટે બીડ્સ આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| NFR-ADI-54-24 | જાહેરાત | • ટ્રેનનો અંદરનો ભાગ<br>• આઉટ ઑફ હોમ<br>• સ્ટેશન સંકુલ પર (ડિજીટલ)<br>• સ્ટેશન સંકુલ પર (નોન-ડિજીટલ) | લોટ્સ માટે ઈ-હરાજી તા.14-02-2025 ના 12:00 કલાકે શરૂ થશે. |
| | પરચુરણ-સ્ટેટીક-સેવાઓ | • BOXN વેગન સફાઈ | |
| NFR-ADI-54-24 | જાહેરાત | • ટ્રેનનો બહારનો ભાગ (ફુલ ફેસ)<br>• આઉટ ઑફ હોમ<br>• સ્ટેશન સંકુલ પર (નોન-ડિજીટલ) | લોટ્સ માટે ઈ-હરાજી તા.21-02-2025 ના 12:00 કલાકે શરૂ થશે. |

નોંધ: (1) પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લિઝીંગ મોડ્યુલની મુલાકાત લેવાની અને હરાજીમાં ભાગ લેતાં પહેલાં તેમને પોતાને રજીસ્ટર્ડ કરાવવાની વિનંતી કરવામાં આવે છે. (2) ઉપરોક્ત દર્શાવેલા કેટલોગ નં. હેઠળ લોટ પ્રમાણેની વિગતો આવનાર ઈ-હરાજી, ઝોન : પશ્ચિમ રેલવે, યુનિટ : અમદાવાદ ડિવિઝન-કોમર્શિયલના શિર્ષક હેઠળ ઉપલબ્ધ છે. (3) પ્રારંભિક ક્લોઝિંગ ઓફ સમયગાળો 30 મિનિટ છે. સફળ લોટ બંધ થવાનો મધ્યાંતર 10 મિનિટ છે. લોટ-પ્રમાણે બંધ થવાનો સમય IREPS ના ઈ-હરાજી મોડ્યુલ પર જોઈ શકાશે. (4) નિર્ધારીત હરાજી થી સંબંધિત કોઈપણ પૂછપરછ માટે, કૃપા કરી srdcm@adi.railnet.gov.in ખાતે અથવા +91-9724093968 ઉપર અમારો સંપર્ક કરો. ADI-316

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**Green-KSV Skill Development Center**

"કડી સર્વ વિશ્વ વિદ્યાલય પ્રમાણિત"

| Course (અભ્યાસક્રમ) | Eligibility(લઘુત્તમ | Duration | Course Fees |
|---|---|---|---|
| Advance CNC/VMC Programmer cum operator [CAD/CAM (UG-NX) Included] | ITI/Diploma/DegreeEngg./Any Graduate | 24 week | 5000/- |

- Short Term Courses are also offered as per Industrial need.
- Job work and consulting services would be available in the area of CNC/VMC programming, CAD/CAM (UG-NX), ANSYS and Vibration analysis
- Well-equipped center with experience faculties
- Curriculum equivalent to NSQF standards

REGISTRATION OPEN FOR NEW BATCH

MORE INFORMATION INQUIRY FORM

100% Placement assistant would be provided.

વધુ માહિતી માટે સંપર્ક કરો : LDRP-ITR Campus, Sector-15,Gandhinagar M: 8905387357,9998814398 Phone no: 079-23241492/95 Ex:400

**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

**SLR કમ્પાર્ટમેન્ટ્સના લિઝીંગ કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી**

ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા IREPS દ્વારા ભાવનગર ડિવિઝન થી ઉપડતી ટ્રેનોના SLR કમ્પાર્ટમેન્ટ્સના લિઝીંગ કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી આમંત્રિત કરે છે. હરાજી IREPS વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવેલ છે. વિગતો નીચે મુજબ છે.

**ઈ-હરાજી આમંત્રિત કરતી સૂચના**

**કોન્ટ્રાક્ટનો પ્રકાર :** પાર્સલ સ્પેસનું લિઝીંગ **કેટલોગ નં. LEASE-2024-22**

**સ્થળ અને સંપત્તિની વિગત**

SLRs ના 3.9/04 ટન પાર્સલ સ્પેસ ના લિઝ કોન્ટ્રાક્ટ માટે હરાજી

| અનું. નં. | ટ્રેન નં. | કમ્પાર્ટમેન્ટ | આવૃત્તિ | અહીં થી | અહીં સુધી |
|---|---|---|---|---|---|
| 1 | 09565 | FSLR-I | દરરોજ | PBR (પોરબંદર) | BVC (ભાવનગર ટર્મિનસ) |
| 2 | 09566 | FSLR-I | દરરોજ | BVC (ભાવનગર ટર્મિનસ) | VRL (વેરાવળ) |
| 3 | 09567 | FSLR-I | દરરોજ | VRL (વેરાવળ) | BVC (ભાવનગર ટર્મિનસ) |
| 4 | 09568 | FSLR-I | દરરોજ | BVC (ભાવનગર ટર્મિનસ) | PBR (પોરબંદર) |
| 5 | 19319 | FSLR | બુધવાર | VRL (વેરાવળ) | INDB (ઈન્દોર) |
| 6 | 11087 | FSLR-I | શનિવાર | VRL (વેરાવળ) | PUNE (પૂણે) |
| 7 | 22990 | FSLR | ગુરુ અને શનિ | MHV (મહુવા) | BDTS (બાંદ્રા ટર્મિનસ) |
| 8 | 20968 | RSLR-I | મંગળવાર | PBR (પોરબંદર) | SC (સિકંદરાબાદ જં.) |
| 9 | 20968 | FSLR-I | મંગળવાર | PBR (પોરબંદર) | SC (સિકંદરાબાદ જં.) |
| 10 | 20968 | FSLR-II | મંગળવાર | PBR (પોરબંદર) | SC (સિકંદરાબાદ જં.) |
| 11 | 19256 | RSLR | રવિ, સોમ, મંગળ, બુધ અને શુક્ર | MHV (મહુવા) | ST (સુરત) |

(1) ઈ-હરાજી તા.21-02-2025 ના 11:00 કલાક થી શરૂ થશે (2) હરાજીમાં ભાગ લેવા માટે IREPS ઈ-હરાજી લિઝીંગ પોર્ટલ પર નોંધણી કરાવવી જરૂરી છે. (3) વધુ વિગતો માટે www.ireps.gov.in પર લોગ ઈન કરો. BVP-194

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

સિટી એક્સપ્રેસ

## લૂંટ કરતી ગેંગના 3 શખસોને રેલવે પોલીસે ઝડપી લીધા

ગાંધીનગર | મુંબઈમાં ચેન સહિતની લૂંટના ગૂનામાં સંડોવાયેલા ત્રણ શખસો ગરીબરથ રેલ મારફતે દિલ્હી જઈ રહ્યા હતા. તેની બાતમીના આધારે ગાંધીનગર રેલ્વે સ્ટેશન ખાતે ફરજ બજાવતી રેલ્વે પોલીસે ઝડપી લીધા હતા. ત્રણેય શખસોની સમગ્ર વિગતો મુંબઈ પોલીસને મોકલતા તેઓ જ સોનાની ચેન સહિતના ગૂનામાં સંડોવાયેલા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. આથી ગાંધીનગર રેલ્વે પોલીસે ઝડપેલા ત્રણેય શખસોને મુંબઈ પોલીસને સોંપવામાં આવ્યા હતા.

## નવરચિત મહાપાલિકા સહિતની પાલિકાને 710 કરોડ અપાયા

ગાંધીનગર | રાજ્ય સરકાર દ્વારા નવી રચાયેલી 6 મહાનગરપાલિકાઓને વહીવટી ક્ષમતા અને સુવિધા વધારવા માટે રૂ.208 કરોડની ફાળવણી કરવામાં આવી છે. જ્યારે જુની મહાનગપાલિકાઓ અને ચાર નગરપાલિકાઓની માળખાકીય સુવિધા વધારવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રૂ.710 કરોડની ફાળવણી કરી છે. જેમાં નવ રચિત આણંદ મહાનગરપાલિકાને રૂ. 45 કરોડ, મોરબીને રૂ 80 કરોડ, નડિયાદને રૂ. 21.50 કરોડ, નવસારી અને ગાંધીધામ મહાનગપાલિકાને રૂ. 20, 20 કરોડ ફાળવ્યા છે.

## પાટીદાર આંદોલન સમયના 9 કેસ પરત ખેંચાયા, ગુજરાત સરકારની સત્તાવાર જાહેરાત



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગુજરાતમાં 2015માં પાટીદારો દ્વારા અનામત આંદોલન કરવામાં આવ્યું હતું. આ આંદોલનનાં પડઘા ગુજરાત સહિત દેશભરમાં પડ્યા હતાં. આ સિવાય આંદોલન દરમિયાન હાર્દિક પટેલ, ગોપાલ ઈટાલિયા, અલ્પેશ કથરિયા, રેશ્મા પટેલ જેવા મોટા નેતાઓ પણ ઉભરી આવ્યા હતાં. જોકે, આ પાટીદાર અનામત આંદોલન દરમિયાન અનેક પાટીદારો સામે શાંતિ ડહોળવાનો પ્રયાસ તેમજ રાજદ્રોહ સહિત વિવિધ ફોજદારી ધારાઓ હેઠળ ગંભીર ગુનાઓ નોંધવામાં આવ્યા હતાં. ત્યારથી જ વિવિધ પાટીદાર નેતાઓ દ્વારા આ ગુનાઓ પરત ખેંચવાની માંગ કરવામાં આવી રહી હતી. પરંતુ, આંદોલનના 10 વર્ષ સુધી ગુના પાછા ખેંચાયા નહતાં. જોકે, હવે 10 વર્ષ બાદ આ કેસ પરત ખેંચવામાં આવ્યા છે. જેની પુષ્ટિ ગુહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી દ્વારા કરવામાં આવી છે. સમગ્ર મુદ્દે મંત્રી ઋષિકેશ પટેલે મીડિયા સાથે વાત કરતાં જણાવ્યું કે, 'વખતો વખત કેસ પાછા ખેંચવામાં આવ્યા છે. હવે લગભગ 4 જેટલાં જ કેસ બાકી છે. દરેક કેસ ન્યાયિક પ્રક્રિયા હેઠળ પાછા ખેંચવામાં આવ્યા છે.

### હર્ષ સંઘવીએ કરી પુષ્ટી

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, 'ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગુજરાતના યુવાનો જે પાટીદાર સમાજના આંદોલન વખતે સામેલ હતાં. આ દરમિયાન જે અમુક ઘટના બની હતી અને આ ઘટનામાં જે કેસ ચાલું હતાં અને જેની તપાસ અને ચાર્જશીટ પૂરી થઈ ગઈ છે, તેવા 9 કેસ પરત ખેંચવાનો નિર્ણય લીધો છે'.

### હાર્દિક પટેલે માન્યો આભાર



હાર્દિક પટેલે સોશિયલ મીડિયા X પર લખ્યું કે, 'ગુજરાતમાં પાટીદાર આંદોલન દરમિયાન મારા સહિત સમાજના અનેક યુવાઓ પર લાગેલા ગંભીર રાજદ્રોહ સહિતના કેસ આજે ભૂપેન્દ્ર પટેલ સરકાર દ્વારા પરત ખેંચવામાં આવ્યા છે. હું સમાજની તરફથી સરકારનો વિશેષ આભાર વ્યક્ત કરૂ છું'.

### અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્ર દ્વારા અમદાવાદમાં 'ભગવાન મહાવીર દર્શનથી પ્રકૃતિ અને સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન' વિષયક રાષ્ટ્રીય સંગોષ્ઠી અને અભિનવ જૈન દીક્ષા મહોત્સવનું આયોજન

## મહાવીર સ્વામીજીના અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ; આ પાંચ સિદ્ધાંતો માનવતા અને વિશ્વ કલ્યાણનો આધાર છે : આચાર્ય દેવવ્રતજી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્ર દ્વારા સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક, અમદાવાદમાં આયોજિત 'ભગવાન મહાવીર દર્શનથી પ્રકૃતિ અને સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન' વિષયક રાષ્ટ્રીય સંગોષ્ઠીમાં રાજ્યપાલ શ્રી આચાર્યવ્રતજીએ કહ્યું કે, મહાવીર સ્વામીજીએ આત્માની ઉન્નતિ માટે આપેલા અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ; આ પાંચ સિદ્ધાંતોમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ છે. એટલું જ નહીં, દરેક દેશમાં, દરેક પરિસ્થિતિમાં અને દરેક સમયે સમાનરૂપે અપનાવી શકાય એ પ્રકારે આ સિદ્ધાંતો સાર્વભૌમિક છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ વર્તમાન સમયમાં ભગવાન મહાવીર સ્વામીજીના પાંચ સિદ્ધાંતોના પાલનની અનિવાર્યતા સમજાવતાં કહ્યું હતું કે, સમાજમાં જે ગુણ હંમેશા માટે ટકી શકે અને સૌને સ્વીકાર્ય હોય એ ધર્મ છે, બાકી અધર્મ છે. અહિંસાનું આચરણ ધર્મ છે જ્યારે હિંસા અધર્મ છે. એ પ્રકારે સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ ધર્મ છે. તેનાથી વિપરીત અસત્ય, સ્તેય અને પરિગ્રહ અધર્મ છે. જે વ્યક્તિના વિચારો મહાન છે, જેને પોતાની ઈન્દ્રિયો, વાણી અને વર્તન પર સંયમ છે, જે હંમેશાં અનુશાસનપૂર્વક જીવન જીવવાનો પ્રયત્ન કરે છે એવી વ્યક્તિઓ સમાજની સાચી પૂજી છે. એમ કહીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, કઠોર તપશ્ચર્યા કરીને ભગવાન મહાવીર સ્વામીજીએ મનુષ્ય જીવનના કલ્યાણ માટે જે પાંચ સિદ્ધાંતો આપ્યા છે તે માનવતા, કરુણા, દયા અને પ્રેમ સ્વરૂપે જૈન મુનિઓ અને વિવિધ ધર્મ-સંપ્રદાયોના સંતોના માધ્યમથી સમાજ સુધી પહોંચી રહ્યા છે. આ સિદ્ધાંતો સમસ્ત માનવતા અને વિશ્વ કલ્યાણનો આધાર છે. અહિંસા વિશ્વભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સંસ્થાપક પૂજ્ય આચાર્ય લોકેશજી વિશ્વ શાંતિ માટે વિશ્વવ્યાપી જન આંદોલનનું નેતૃત્વ કરી રહ્યા છે. એમ કહીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પૂજ્ય આચાર્ય લોકેશજીનું ચિંતન અને વિચારો હંમેશાં વ્યાપક અને ઉદાર રહ્યા છે. આખા વિશ્વને પોતાનો પરિવાર માનતા આવા સંત-મુનિ સાચા અર્થમાં સમસ્ત સમાજને જોડવાનું કામ કરી રહ્યા છે. જૈન આચાર્ય શ્રી લોકેશજીએ સ્વામિનારાયણ ગુરુકુળ-એસજીવીપી, છારોડીના પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામી, દિગંબર જૈન પરંપરાના મંત્ર ચિકિત્સક પૂજ્ય યોગભૂષણજી મહારાજ અને શ્વેતાંબર સ્થાનકવાસી પરંપરાના યોગ મનીષી પૂજ્ય વિવેક મુનિજી મહારાજના સાનિધ્યમાં અભિનવ જૈન દીક્ષા મહોત્સવ અંતર્ગત દીક્ષાર્થી શ્રી ચેતનજીને દીક્ષા આપીને તેમને મુની અનંતકુમાર જી એવું નામ આપ્યું હતું. આચાર્ય લોકેશજી દ્વારા અપાયેલી આ પહેલી દીક્ષા છે. રાજ્યપાલશ્રીએ દીક્ષા પ્રાપ્ત કરનાર મુની અનંતકુમાર અને આચાર્ય લોકોશજીને શુભકામનાઓ પાઠવીને કહ્યું કે, મુની અનંતકુમારે આ માર્ગ પસંદ કરીને યુવા પેઢીને પ્રેરણા આપી છે. આ અવસરે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, આપણે કદાચ બે રાષ્ટ્રો વચ્ચેના યુદ્ધ ન અટકાવી શકીએ, પરંતુ આપણા વૃદ્ધ મા-બાપને પ્રેમ અને સન્માનપૂર્વક આપણી સાથે રાખી તો શકીએ જ.



## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન કરીને અર્ધ્ય અર્પણ કર્યું



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શુક્રવાર તા.૭ ફેબ્રુઆરીએ બપોરે પ્રયાગરાજના કુંભ મેળામાં ત્રિવેણી સંગમ ખાતે શ્રદ્ધા ભક્તિ પૂર્વક પવિત્ર સ્નાન કરવા સાથે જળ અર્ધ્ય અર્પણ કર્યા હતા. કરોડો ભક્તોના શ્રદ્ધા અને આસ્થા કેન્દ્ર પ્રયાગરાજમાં યોજાયેલા કુંભ મેળામાં કુંભ સ્નાન માટે દેશ-વિદેશથી શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં આવે છે. ગુજરાતમાંથી પણ આ મેળામાં વિશાળ સંખ્યામાં જતા યાત્રાળુઓની સુવિધા માટે ગુજરાત ટુરિઝમ કોર્પોરેશન દ્વારા ઉભા કરવામાં આવેલા ગુજરાત પેવેલીયનની મુલાકાત પણ મુખ્યમંત્રીશ્રીએ લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ શુક્રવારે સવારે પ્રયાગરાજ પહોંચીને સૌ પ્રથમ બડે હનુમાનજી મંદિરમાં પુજન, દર્શન અને આરતી કર્યા હતા અને સૌના સુખ સમૃદ્ધિ તથા પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથના નેતૃત્વની સરકારે પ્રયાગરાજ આવતા યાત્રીઓ માટે કરેલી વ્યવસ્થાઓની પ્રશંસા કરી હતી. તેમણે ખાસ કરીને સફાઈ-સ્વચ્છતાનું ધ્યાન રાખવા સાથે યાત્રિકોને કુંભ સ્નાન માટે જે વ્યવસ્થા કરવામાં આવી છે તે ખૂબ જ સુંદર અને આયોજનબદ્ધ છે તેમ પણ જણાવ્યું હતું.

## મુદ્રા લોનના બહાને વેપારી સાથે રૂ. 9 લાખની ઠગાઈ

(એજન્સી) અમદાવાદ | તા.07

કેન્દ્ર સરકાર તરફથી વેપારીઓને મળતી મુદ્રા લોન અપાવવના અધિકૃત એજન્ટ તરીકે પોતાની ઓળખાણ આપી ગઠીયાએ એક વેપારી સાથે ઠગાઈ કરી હતી. જેમાં વેપારીના નામે રૂ.9.38 લાખની લોન મંજુર કરાવી તે લોનની રકમ પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધા હતા. જો કે વેપારીને બેંકમાંથી હપ્તાની રકમ વ્યાજ અને પેનલ્ટી સાથે ભરવાના મેસેજ અને ફોન આવતા હોવાથી તેને જાણ થતા તેણે આ અંગે પોલીસ ફરિયાદ કરી હતી. ચાંદખેડામાં રહેતા મોઈન નાંદોલિયા કોસ્મેટિકનો વ્યવસાય કરે છે, તેમને ધંધા માટે રૂ. 10 લાખની મુદ્રા લોન લેવાની હોવાથી લોનનું કામ કરતા એજન્ટ દિલીપ મલ્લાહને મળ્યા હતા. તેણે લોન માટે જરૂરી ડોક્યુમેન્ટ્સ લઈ પ્રોસેસ કરતા રૂ. 9.38 લાખની લોન મંજૂર થઈ હતી, પરંતુ કોસ્મેટિકની સામગ્રી મોઈનને મળી ન હતી. જ્યારે બીજી બાજું લોનનો રૂ. 16,555નો માસિક હપતો કપાવવાનો શરૂ થઈ ગયો હતો. બે હપતા ભર્યા બાદ મોઈને હપતા ભરવાની ના પાડતા સિબિલ સ્કોર બગડશે કહી દિલીપે ત્રણ હપતા ભરી આપ્યા હતા. આ દરમિયાન જ દિલીપે મોઈનના એકાઉન્ટમાંથી લોનના રૂ. 9.38 લાખ પોતાના એકાઉન્ટમાં મેળવી લીધા હતા. જેથી મોઈનને વ્યાજ પેનલ્ટી સાથે હપતા ભરવા બેન્કમાંથી જાણ થતા તેણે દિલીપ વિરુદ્ધ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.



અમદાવાદ : શહેરની અધિકૃત ભાષા અમલીકરણ સમિતિ, અમદાવાદના નેજા હેઠળ, 07.02.2025 ના રોજ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા ઝોનલ ઓફિસ, અમદાવાદ ખાતે એક એક્સટેમ્પોર વક્તવ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં અમદાવાદમાં કાર્યરત વિવિધ બેંકોના સ્ટાફ સભ્યોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમની અધ્યક્ષતા શ્રી ધર્મેન્દ્ર કુમાર, આસિસ્ટન્ટ જનરલ મેનેજર, ઝોનલ ઓફિસ અને શ્રી પ્રવીણ ઠાકુર, ચીફ મેનેજર એ આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ફરજો નિભાવી હતી ઓફિસ, અમદાવાદ દ્વારા આ કાર્યક્રમનું સંચાલન રાજભાષાના વરિષ્ઠ વ્યવસ્થાપક અર્પણ વાજપેયી દ્વારા કરવામાં આવ્યું હતું.



### 24 કલાક માછીમારોને દરિયો ન ખેડવા હવામાન વિભાગની સૂચના

(એજન્સી) અમદાવાદ | તા.07

વાતાવરણ અંગે હવામાન વિભાગે આગાહી કરી છે જેમાં આગામી 24 કલાક માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી રહી છે,જેમાં 45-55 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા માછીમારોને એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી છે,પ્રેસરગ્રેડિયન્ટ વધતા હવામાન વિભાગે આપ્યું છે એલર્ટ તો બીજી તરફ ઉત્તર પૂર્વથી પૂર્વ પવન રહેતા ઠંડીમાં ઘટાડો થશે સાથે સાથે નલિયામાં 7.6 ડિગ્રી તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે વાત કરવામાં આવે તો અમદાવાદમાં 15 ડિગ્રી, ગાંધીનગરમાં 14.2 ડિગ્રી તાપમાન નોંધાયું છે,આગામી 24 કલાકમાં અમદાવાદનું તાપમાન વધી શકે છે,અમદાવાદનું તાપમાન વધીને 16 ડિગ્રી રહેવાની શક્યતાઓ સેવાઈ રહી છે.દરિયા કિનારે 45 થી 55 km/hની ઝડપે પવન ફૂંકાવાની શકયતાઓ રહેલી છે.

## ફરિયાદ | નિકોલની કોઠિયા હોસ્પિટલમાં મહિલાનું મોત

(એજન્સી) અમદાવાદ | તા.07



નિકોલની કોઠિયા હોસ્પિટલમાં બે દિવસ પહેલાં 42 વર્ષની મહિલા પેટમાં દુઃખાવાની ફરિયાદ સાથે આવી હતી. ચેકઅપ અને સોનોગ્રાપી રિપોર્ટ પછી તેની કિડનીમાં 6 એમએમની પથરી હોવાનું નિદાન થયું હતું. જેથી ડોક્ટરોએ મહિલાના પતિ અને સંબંધીઓને જાણ કરી હતી અને 5 ફેબ્રુઆરીએ પથરીનું ઓપરેશન કરાયું હતું. એ પછી મહિલાની તબિયત બગડતાં વેન્ટિલેટર પર રખાઈ હતી. જો કે 1 કલાકમાં તેનું મૃત્યુ થયું હતું. મહિલાના પતિ તેમજ સંબંધીઓ ડોક્ટરની બેદરદકારીથી સીમાબહેનનું મૃત્યુ થયાનો આક્ષેપ કર્યો હતો. પરિવારનો આક્ષેપ છે કે, પથરીનું ઓપરેશન કરવાનું હતું તો માથા તેમજ ગલામાં પણ નળીઓ કેમ લગાવવામાં આવી છે. તે અંગે પૂછવામાં આવતાં ડોક્ટરોએ જવાબ આપવાનું ટાળ્યું હતું. પરિવારે અંગે પોલીસ ફરિયાદ પણ કરી છે. કોઠિયા હોસ્પિટલના મેડિકલ એડમિનિસ્ટ્રેટિવ ડો. સુથારે કહ્યું કે, મહિલાની કિડનીમાં ઈન્ફેક્શન થયું હોવાની પરિવારને જાણ કરાઈ હતી. મહિલાની સ્થિતિ ક્રિટીકલ થતાં તેને વેન્ટિલેટર પર રખાઈ હતી જ્યાં તેનું મૃત્યુ થયું હતું. અમે પોલીસને તમામ રેકોર્ડિંગ અને દસ્તાવેજો આપ્યા છે.

# ગુજરાતના જાણીતા મીઠા ઉત્પાદક દેવ સોલ્ટ પર ITની રેડ

## અમદાવાદ, માળિયા, જામનગરની મુખ્ય ફેક્ટરી-ઓફિસ પર તપાસ; 16 જેટલા વેપારી પર પણ તવાઈ

(એજન્સી) અમદાવાદ | તા.07

ગુજરાતમાં જાણીતા મીઠાના વેપારી દેવ સોલ્ટને ત્યાં ઈન્કમટેક્સ વિભાગે રેડ કરી છે. અમદાવાદ, જામનગર, માળિયામાં ડી. એસ. ઝાલા અને હિતેન્દ્ર ઝાલા સહિતના 16 વેપારીને ત્યાં રાજકોટ અને અમદાવાદના અધિકારીઓ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. માળિયામાં આવેલી દેવ મીઠાની ફેક્ટરીમાં, જામનગરના જાણીતા મીઠાના ઉત્પાદક દેવ સોલ્ટ ઉપર પણ તવાઈ બોલાવાઈ છે. માર્ચ એન્ડિંગ પહેલાં બાતમીના આધારે મીઠાના વેપારીઓ પર રેડ પાડવામાં આવી છે. આજે (7 ફેબ્રુઆરી) વહેલી સવારથી જ રાજકોટ અને અમદાવાદની ટીમ દ્વારા અમદાવાદ, જામનગર, મોરબીના માળિયામાં તપાસ હાથ ધરવામાં આવી છે. અમદાવાદ શહેરના પોશ વિસ્તાર એવા એસજી હાઈવે પર આવેલી દેવ ગ્રુપ ઓફ કંપનીમાં ઈન્કમટેક્સ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. એસ. જી. હાઈવે પર જ આવેલા એક બિલ્ડિંગમાં દેવ સોલ્ટ પ્રાઈવેટ લિમિટેડની ઓફિસ આવેલી છે. જ્યાં દિવ્ય ભાસ્કરની ટીમ પહોંચી ત્યારે ઓફિસ પર તાળાં લાગેલાં હતાં. જ્યારે દેવ ગ્રુપ ઓફ કંપનીના કોર્પોરેટ હાઉસમાં ઈન્કમટેક્સ વિભાગના અધિકારીઓ અને લોકલ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલી છે.




### દેવ સોલ્ટની મુખ્ય ફેક્ટરી પર પણ IT વિભાગ ત્રાટક્યું

બોડકદેવ વિસ્તારમાં આવેલી દેવ ગ્રુપ ઓફ કંપનીના કોર્પોરેટ હાઉસમાં સવારથી જ ઈન્કમટેક્સ વિભાગના 30 જેટલા અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. જામનગરમાં આવેલી દેવ સોલ્ટની મુખ્ય ફેક્ટરી પર પણ ઈન્કમટેક્સ વિભાગ ત્રાટક્યું છે અને સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. બોડકદેવ જેવા પોશ વિસ્તારમાં મોટા કોર્પોરેટ હાઉસમાં રેડ પડતા સન્નાટો છવાયો છે.




### દેવ સોલ્ટનાં ત્રણેય સ્થળે દરોડા

મોરબી જિલ્લાના માળિયા મિયાણા તાલુકામાં મીઠાનું ઉત્પાદન કરતી દેવ સોલ્ટ ગ્રુપના વિવિધ લોકેશન પર આજે વહેલી સવારથી ઈન્કમટેક્સ વિભાગે 25 અલગ-અલગ ટીમ બનાવીને આ કાર્યવાહી શરૂ કરી છે. જેમાં લગભગ 100 જેટલા અધિકારી અને કર્મચારી જોડાયા છે. ઈન્કમટેક્સ વિભાગની ટીમો દ્વારા માળિયા મિયાણાના હરિપર નજીક આવેલી દેવ સોલ્ટની મુખ્ય ઉત્પાદન ફેક્ટરી ઉપરાંત, જામનગર અને અમદાવાદમાં આવેલી કંપનીની ઓફિસોમાં પણ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. મૂળ જામનગર અને અમદાવાદમાં ઓફિસ ધરાવતા આ ગ્રુપ સામે આવકવેરા વિભાગે એકસાથે ત્રણેય સ્થળે દરોડા પાડ્યા છે.



## 14 મહિલા બુટલેગરો ઝડપાઇ

### મહિલા બુટલેગરોને દારૂ તથા બિયરની 889 જેટલી બોટલ સાથે ઝડપી

(એજન્સી) અમદાવાદ | તા.07

અમદાવાદ ક્રાઈમબ્રાંચે માધુપુરા પોલીસની હદમાંથી 14 મહિલા બુટલેગરોને દારૂ તથા બિયરની 889 બોટલ સાથે ઝડપી લીધી હતી. એક સાથે આટલી મહિલા બુટલગરોને ઝડપી લેવાનો ક્રાઈમ બ્રાન્ચનો પહેલો બનાવ છે. મોટા પ્રમાણમાં દારૂનો ધંધો ચાલતો હોવા છતાં સ્થાનિક પોલીસ અજાણ હતી. તમામ આરોપી મહિલાઓ રાજસ્થાનથી દારૂનો જથ્થો લઈને આવી રહી હતી. આ અંગે ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. અમદાવાદ પોલીસે દારૂ પર કડકાઈ કરતાં હવે મહિલા બુટલેગરો સક્રિય બની છે. જે અંગેની માહીતી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના ઈન્સ્પેકર મેહુલ ચૌહાણને મળી હતી. જેના આધારે માધુપુરા વિસ્તારમાં રેડ કરી હતી. બસમાંથી 14 મહિલાઓ 889 બોટલ દારૂ સાથે ઝડપાઈ હતી. આ તમામ મહિલાઓ અમદાવાદના કાગડાપીઠની જ રહેવાસી હતી. મહિલાઓ રાજસ્થાનથી દારૂ લઈને આવી હતી જેને અમદાવાદમાં વેચવાની હતી. પોલીસની તપાસમાં સામે આવ્યું હતું કે, મહિલા બુટલેગરો બસ-ટ્રેનમાં રાજસ્થાન જાય છે અને ત્યાંથી દારૂનો જથ્થો છુપાવીને લાવી રહી છે.